॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનઆહ્લાદ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૨ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૮ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૨૦ + ૩૨૪ = ૩૪૪

❑ પડતર કિંમત : **રૂ. ૩૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ મૌનરૂમની વિરલ સાધનાની પદ્ધતિ સમાજને અર્પી છે. વ્યવસાયે ડૉક્ટર હોવા છતાં ખાસ રુચિ કેળવીને નિયમિત રીતે આ મૌનસાધનાનો લાભ લઈ રહ્યા છે,

એવા

તેમ જ દરેક મૌનયજ્ઞને અંતે હરિઃૐ આશ્રમ, સુરતની રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓનો અણસાર પામી જઈ, તેમાં સ્વઉમળકે સહાયક થનાર,

એવા

**ડૉ. પ્રવીણભાઈ શાહ**

(રહેવાસી સાયન, મુંબઈ)ને

પૂજ્ય શ્રીમોટા વિરચિત

**'જીવનઆહ્‌લાદ'**ની આ બીજી આવૃત્તિ સમર્પિત કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૪-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**

(રામનવમી) હરિઃૐ આશ્રમ, સુરત

હરિ:ૐ

## સ્નેહી શ્રી બેચરભાઈ સોમાભાઈ પટેલ ('મોટા')ને

## (ચીખોદ્રા)

# સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

'મોટા' તમે થયા કેવા ગુણ તેવા નર્યા ભર્યા,
મોટાપણું તમે રાખો ઉદારતાથી સર્વદા. ૧

દાનમાંયે તમે મોટા શા શૂરવીર દાનમાં !
ઉત્તમ કેટલાં કર્મે કેવી પ્હેલ કરી સદા ! ૨

સારાં જે કર્મને હર્ષે વધાવી લઈને તમે,
પોતાનાથી થતી એવી સ્હાય, ઓથ કરો તમે. ૩

નાનું માનવી કે મોટું તેનો ભેદ ગણ્યો ન છે,
મહત્ત્વ કર્મને આપી તેને વધાવિયું જ છે. ૪

ઉત્તમ સર્જવા માટે ત્યાગ મોટો સદા કરી,
બોધ કેવો બધાંનેયે પૂરો શો પાડતા વળી ! ૫

પરમાર્થ અને ત્યાગ જીવને વણીને તમે
-કોઈ જાણે ન તે રીતે રહ્યા છો વર્તતા જગે. ૬

શ્રીમંત લોક જોયા છે, તેમાં છો આગવા સહી,
શું પરમાર્થમાં આપ્યા કર્યું છે, દિલ ભાવથી. ૭

તમારી ઓથને સ્હાયે સધાયો પરમાર્થ કૈં,
મને સત્કર્મમાં પ્રેમે કેવો પોષ્યા કર્યો તમે ! ૮

એવાને અર્પી અર્પી હું, અર્પી શું શકું દીન છું !
ભાવે જીવનઆહ્લાદતણી અંજલિ હું ધરૂં. ૯

હરિઃૐ આશ્રમ, નડિયાદ. **-મોટા**
તા. ૨૦-૫-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

જ્યારે પૂજ્ય શ્રીમોટાએ **'જીવનઅનુભવગીત'**થી તેમના સ્વાનુભવની વાણી વહેતી શરૂ કરી, ત્યારે તેમના સંબંધમાં આવેલાં સ્વજનો ઘણાં રાજી થયાં.

જોકે પૂજ્ય શ્રીમોટાએ આ અગાઉ લખેલાં તેમનાં પુસ્તકોમાં જીવનસાધના કરવા ઇચ્છતાં ભાઈબહેનોને માર્ગદર્શક થઈ પડે તેવાં ઘણાં લખાણો સંપૂર્ણ વિગતે લખ્યાં છે અને તેમાંય તેમના સ્વાનુભવની વાણી આવે છે ખરી, પરંતુ **'જીવનઅનુભવગીત'**થી શરૂ થતી તેમની સ્વાનુભવની વાણી એ તેમની સાધનાપંથની નરી વાણી છે. તે રીતે સાધના કરવા જતાં કેવાં કેવાં કષ્ટો પડે છે, કેવી કેવી ભુલભુલામણી આવે છે અને સાધનાની સિદ્ધિનું શિખર સર કરવા માટે કેવાં કેવાં કઠોર તપમાંથી પસાર થવું પડે છે, તેનાં દર્શન તેમની આ સ્વાનુભવની વાણીમાંથી થાય છે. જેથી, જિજ્ઞાસુ સાધકોને માર્ગદર્શન મળશે એવી આશા છે.

ગીતામાં પરમાત્મા પ્રાપ્તિ માટે નામસ્મરણનો આધાર લેવાનું કહ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ પણ એકાંતમાં શાંતિથી સૌ નામસ્મરણ કરી શકે, તે માટે તેમના આશ્રમોમાં મૌનમંદિરો સ્થાપ્યાં છે અને નડિયાદ, સુરત, કુંભકોણમ્ અને નરોડા(અમદાવાદ)માં આવેલાં આ મૌનમંદિરોમાં બેસીને ઘણાં ભાઈબહેનો તેમના ઇષ્ટ દેવ કે તેમના ઇષ્ટ મંત્રનો જાપ કરતાં હોય છે. પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનાની શરૂઆત નામસ્મરણથી જ શરૂ કરેલી. એથી જ તેમની સ્વાનુભવની વાણીમાં તેમણે સ્મરણ મહિમાને વિશેષ ગાયો છે.

આ રીતે પૂજ્ય શ્રીમોટાએ જ્યારે તેમની સ્વાનુભની વાણી લખવા માંડી, ત્યારે તે લખવાનું તેઓ ચાલુ રાખે અને તેની પ્રસિદ્ધિની

જવાબદારી અમે તેમનાં સ્વજનો લઈ લઈશું એવી તેમને વાત કરી અને તેમણે તે સ્વીકારી, તેના પરિણામે **'જીવનઅનુભવગીત'** પછી **'જીવનઝલક'**, **'જીવનલહરિ'**, **'જીવનસ્મરણ'**, **'જીવનરસાયણ'** વગેરે પુસ્તકો રજૂ થયાં છે અને તે પછી હવે આ **'જીવનઆહ્‌લાદ'** પુસ્તક રજૂ થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ આ **'જીવનઆહ્‌લાદ'** છપાવવાનું કામ મને સોંપ્યું, તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. તેમના હાથે તેમની સ્વાનુભવની વાણીનાં હજી આવાં બીજાં ઘણાં ઘણાં પુસ્તકો લખાય અને છપાય તથા તેઓશ્રી સમાજ-પરમાર્થનાં કામ કરવા માટે ઘણું ઘણું જીવો એ જ પ્રાર્થના.

**પુષ્પાબહેન જયરામભાઈ દેસાઈ**

'હરિનિવાસ',
ગોયાગેટ કો. ઑ.
હાઉસિંગ સોસાયટી,
પ્રતાપનગર, વડોદરા-૪

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

હિમાલયની ગુફામાંથી કથું છું હું ન કથની **આ**,
રહીને કર્મ વ્યવહારે બધાં સાધન થયેલાં શાં ! ૧
કશાનાં મારવાં ગપ્પાં, કશી હિંમત ન મુજમાં છે,
થયાં સાધનની મેં સ્પષ્ટ રજૂઆત જ કરેલી છે. ૨
જીવનમાં જે રીતે વર્ત્યો રજૂ કર્યું સર્વ મેં તે તે,
જરા પણ અતિશયોક્તિને દીધી છે પેસવા ના તે. ૩
બધો ઇતિહાસ, જીવનની થયેલી સાધનાનો તે
-કૃપાથી મેં **હરિ**ચરણે નિવેદનરૂપ કથિયો છે. ૪
બધો હિસાબ મુનીમ દે લખી લખીને દિવસ અંતે,
બધું મુજ શેઠની આગળ કથ્યું તેમ જીવન અંતે. ૫

• • •

મને સાધનનો ઇતિહાસ હૃદય લખવા જ પ્રેરીને
-ત્યહીં કેટ કેટલાં પાસાં ઉકેલાવ્યાં જીવનનાં છે ! ૬
જુદાં જુદાં જીવનપાસાં વિશે કેવું ટકાયું છે !
થયું ત્યાં કેવું વર્તન તે નિખાલસતાથી કથિયું છે ! ૭
‘ટકાયું શી રીતે ત્યાં ત્યાં, જવાતાં હારી પથમાં તે,’
-થયું શું શું, બધું તે તે કૃપાથી વર્ણવેલું છે. ૮
બડાશો કોઈકને તેવા કથેલામાં કદીક લાગે,
જીવનનું સાધનાહાર્દ હજી જાણ્યું ન છે તેણે, ૯
છતાં સૌ સ્પષ્ટ જે જેમ કૃપાથી તેમ કથવાને
-થયો જો દોષ ભૂલથી હો, ક્ષમા માગી લઉં ચરણે. ૧૦

**આ** શરીરને ફેફરાનો રોગ થયો હતો, તે કાજે શ્રીનર્મદામૈયાનાં ચરણકમળમાં નર્યા એકાંતનો લાભ લેવા શ્રીપ્રભુકૃપાથી મારે જવાનું થયું હતું. ત્યાં એક સાધુ મહાત્માએ શરીરને ફેકરું આવતું હતું, તે દૃશ્ય અનેક વાર નિહાળ્યું. તેમના દિલમાં મારા પરત્વે કરુણાની ભાવનાનો ફુવારો ઊછળ્યો. તેથી, તેમનું દિલ પ્લાવિત થઈને મારા ઉપર કૃપા કરીને તેઓશ્રીએ મને સૂચવ્યું, 'ભાઈ, તું ભગવાનનું સ્મરણ કર. **હરિઃૐ, હરિઃૐ** એમ જપ્યા કર. જો એમ કરશે તો શ્રીપ્રભુકૃપાથી તારો શરીરનો રોગ મટી જશે.'

પરંતુ ખરું પૂછો તો તે કાળે મને એવું ભગવાનનું સ્મરણ કરવાથી શરીરના ફેફરાનો રોગ મટી જાય, એવો દિલમાં મુદ્દલે વિશ્વાસ ન હતો. મહાત્મા ગાંધીજી, ભગવાનનું સ્મરણ કરતા હતા, અને નિત્ય પોતાની પાસે માળા પણ રાખતા હતા, તે હકીકતની મને પૂરેપૂરી ખબર હતી. તેથી, મેં પૂજ્ય શ્રી ગાંધીજીને એક કાગળ લખ્યો. તેમાં ઉપરની બધી હકીકત લખી જણાવી.

પૂજ્ય શ્રી ગાંધીજીએ મને તરત કાગળનો જવાબ વાળ્યો કે ભગવાનનું સ્મરણ કરવાથી તો રોગ માત્ર મટી જાય. તેમના વચનમાં મને સંપૂર્ણ ભરોસો. તે પછીથી મેં ભગવાનનું સ્મરણ લેવા માંડ્યું. લેવા માંડ્યું એટલું જ નહિ, પરંતુ દૃઢ મક્કમ નિશ્ચય કર્યો અને વ્રત લીધું કે રોજનું અઢી કલાક તો સ્મરણ કરવું, કરવું ને કરવું જ. ન થાય તો તે દિવસે મુદ્દલે જમવું નહિ. આમ, હું તો કરવા લાગ્યો.

સ્મરણ અઢી કલાકથી પણ વધારે થતું. એક તો રોગ મટાડવાની ગરજ. વળી, સ્મરણ લેતાં લેતાં કદી મને કંટાળો આવ્યો ન હતો. દરેક પંદર દિવસ પછીથી પાંચદસ મિનિટ ઉમેરતો જતો હતો. એમ ત્રણ માસમાં રોજનું ચાર કલાક ઉપરાંત ભગવાનનું સ્મરણ થવા લાગ્યું. તે ભગવાનનું કરવું કે તેટલામાં શરીરનો ફેફરાનો રોગ મટ્યો.

આ ગાળામાં ભગવાનનું સ્મરણ લેતાં લેતાં જીવનમાં મને ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે વગેરે મળતું જતું લાગતું હતું- મારે દિલ તે બધું સંપૂર્ણ વાસ્તવિકપણે હતું. એક તો રોગ મટ્યો અને બીજું ગુણો વધવાનો અનુભવ મળ્યો. તેથી, દિલમાં દિલથી બેવડો પ્રોત્સાહિત થઈને શ્રીહરિનું સ્મરણ વધારતો ગયો. સ્વપ્રયત્ને અને દિલના આનંદ, ઉમંગ અને ઉત્સાહથી સ્મરણનો સમય ચૌદ કલાક સુધી તો પાંગર્યો. તે પછીથી કેમેયે કરતાં મુદ્દલે આગળ વધાય જ નહિ. આ ગાળામાં શ્રીપ્રભુકૃપાથી દિલમાં દિલથી જીવનના ધ્યેયનું ભાન જાગી ગયું હતું. જીવનમાં હવે આ એક જ કર્મ ઘણું ઘણું મહત્ત્વનું છે, તે પણ ગળે ઊતરી ગયું હતું. વળી, આવાં બધાં કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કરવાનાં છે, એવી તે કાળની સભાનતા મારા દિલમાં પ્રવર્તી ગયેલી હતી.

પછીથી તો ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના બોદાલ ગામે એકાંતમાં એક ખેતરમાં ઝાડની નીચે હું સૂતો હતો. પડખે જ એક બાજુ સદ્‌ગત શ્રી ઠક્કરબાપા અને બીજી બાજુએ શ્રી શ્રીકાંત શેઠ. સાપ કરડ્યો તે વેળાએ જ વીજળીના ઝબકારાની પેઠે મારા દિલમાં થયું કે જીવનધ્યેય હજુ સંપૂર્ણ સધાયું નથી, ત્યાં સુધી મૃત્યુને વરવું નથી. સ્મરણની સાધના રોજની ચૌદ ચૌદ કલાકની થયેલી હોવાથી, એક એવો ટકોરાબંધ જીવતોજાગતો ચેતનાત્મક નિશ્ચય જીવનમાં પ્રગટી ચૂક્યો હતો જ. એ નિશ્ચયે સાપના ઝેરનો ભયંકર સામનો કરવાને મારા દિલને તેણે (નિશ્ચયે) ખૂબ મક્કમ કરાવ્યો. એક બાજુથી સાપનું ઝેર તદ્દન બેભાન બનાવી દઈને (ભયંકર, તીવ્ર, ઉત્કટમાં ઉત્કટ વેદના પ્રગટાવીને) શરીરને મૃત્યુમય બનાવવાને પ્રયત્ન કર્યાં કરતું હતું અને બીજી બાજુથી જીવનનું ધ્યેય પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી મૃત્યુને ન વરવાનો દૃઢ મક્કમ જીવંત નિશ્ચય, તેનો ભારે સામનો કર્યાં કરતો હતો. આવો તુમુલ સંગ્રામ રચાયો ત્યારે

હરિજન સંઘના બધા જ કાર્યકર્તાઓ પણ ત્યાં હાજર જ હતા. જેમાંના આજે પણ હજી ઘણાખરા જીવે છે. મોટેથી હું તો **हरि** સ્મરણ કર્યાં જ કરતો. કેટલાયે બધા મને પૂછ્યા કરતા. કોઈને કશો ઉત્તર દેવાતો જ ન હતો. બસ, એકમાત્ર **हरि** સ્મરણની ધૂન લાગી હતી. આવો પ્રસંગ કે જે ભયંકરમાં ભયંકર અને જેની કસોટીમાંથી- પરીક્ષામાંથી પાર ઊતરવું, મહામુશ્કેલમાં મુશ્કેલ હતું. શ્રીભગવાનની કૃપાથી તેમાંથી પાર ઊતરી શકાયું અને તેમાંથી સ્મરણની અખંડતા પ્રગટી. આ છે સ્મરણની સાધનાનો નાનકડો ઈતિહાસ.

આવું સ્મરણ લેવાતાં લેવાતાં, એવા સ્મરણની ધૂનની તાનમાંથી, એકાગ્રતા થતાં થતાં, દિલ લાગી જતાં, હૃદયમાં એક પ્રકારનો ભાવ ઊભરાવા લાગ્યો. એવા ભાવના મૂળમાંથી શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, ત્યાગ, પરમાર્થ, સત્કર્મ, સમર્પણ, સન્મુખતા આદિ સાધન ફૂટતાં ગયાં, અને તે તે પ્રમાણે વર્તાતું જવાયું. ભાવનાને સાકાર કરવાથી જ હૃદયનું સુષુપ્ત શક્તિબળ જાગૃત થવા માંડે છે, તેનો પણ મને હૃદયમાં હૃદયથી હૃદયનો અનુભવ થયો. તે રીતે મને અનેક પ્રકારનાં સાધનો ઊગ્યાં છે. શ્રીપ્રભુકૃપાથી તે તે કરતો ગયો છું. તે બધાંનો કંઈક ઈતિહાસ **આ 'જીવનઆહ્લાદ'**માં છે.

**આ 'જીવનઆહ્લાદ'**માં ચરણ, હુકમ, શ્રીસદ્ગુરુ વગેરે વગેરે ઉપર શ્રીપ્રભુકૃપાથી લખાયું છે. તે તે સાધન કયા હેતુથી અને કેવા ભાવથી **આ જીવ**થી આચરાયાં છે, તેનું યથાયોગ્ય વર્ણન શ્રીપ્રભુકૃપાથી થયેલું છે. **શ્રીहरि**ની ભક્તિમાં જેનો હૃદયનો થોડોઘણો પણ ચંચુપ્રવેશ છે, તેવાંને તે તે સાધન વિશે જે જે કંઈ વર્ણન થયેલું છે, તેમાં તેની યથાયોગ્ય વાસ્તવિકતા જણાયા વિના રહેશે નહિ.

આ ઉપરાંત, મારા જીવનના સાધનાના કાળમાં જીવનનાં જે જુદાં જુદાં પાસાં ઊપસેલાં હતાં, તે તે પાસાંમાં કેવી રીતે વર્તાયું

છે, અને તે તે પાસાંમાં શું શું થયું છે, અને ક્યારેક ક્યારેક તો ઉગ્ર, તીવ્ર સામનો પણ કરવો પડેલો છે, તેવી જીવનની સમસ્યાઓનો રસિક અહેવાલ અને **આ જીવ**નો તે તે કાળનો વર્તન ઇતિહાસ, તેવાં ભજનો તથા ગીતોમાં આલેખાયો છે.

જીવનના શ્રેયાર્થીને આ ભજનગીતો વાંચવામાંથી યત્કિંચિત્ ભાથું મળશે, તેવો મને વિશ્વાસ છે. એક તો શરીરમાં કેટલાક રોગ એવા છે કે જેની ભયંકર વેદના સતત પ્રગટ્યા કરેલી રહ્યા જ કરે છે. તે વેળાએ આવાં ભજનગીતો લલકારવાં તે મારા માટે એક ખરેખરો લહાવો છે. મને કેટલાંક સ્નેહીજનોએ આમાં પ્રોત્સાહિત પણ કર્યો '(મોટા, તમે તમારે લખ્યે જાવ, અમે તે પ્રકાશન કરવાનો બધો ખર્ચ આપીશું.)' એક તો સાધનાકાળના જીવનનો શ્રીપ્રભુકૃપાથી ઇતિહાસ લખાતો, જીવનનાં કેટલાંય પાસાં ઉકેલાતાં હતાં, તે મારા માટે તો આનંદ અને ગૌરવની હકીકત હતી. વળી, આ ભજનગીતો એકધારાં હું લખ્યાં જ કરતો. વચ્ચે ક્યાંય અટકબટક થાય જ નહિ. આ હકીકત કોઈને માન્યામાં આવે એટલા માટે કોઈક કોઈક કને હું તે ભજનગીતો એકધારું મોટેથી બોલ્યે જઈને ઊતરાવતો જતો હતો.

**આ 'જીવનઆહ્‌લાદ'**માંનાં ૩૦૮ ભજનગીતો માત્ર થોડાક જ દિવસમાં લખાઈ ગયેલાં છે.

આવાં બધાં ભજનગીતો એકધારાં, એકસામટાં, માત્ર થોડા જ દિવસમાં લખાઈ જાય તે જ પુરવાર કરી આપે છે કે 'મોટા'ના દિલમાં તે તે પરત્વેની અનુભવની સમજણ કેટલી બધી જીવંત હતી.

વળી, આ ભજનગીતોમાં એક નિમ્ન છેડાથી લઈને માત્ર આઠ આઠ લીટીમાં વર્ણન કરતાં કરતાં અંતે તો તે ઊર્ધ્વ પ્રકારના જીવનનું દિશાસૂચન બતાવે છે. તે આવાં ભજનગીતોની વિશેષ,

ઓર ખૂબી છે, તેવું મને તટસ્થપણે લાગ્યું છે. મારા પોતાના જ વક્તવ્યને માટે આવું સ્પષ્ટ લખવું તે યોગ્ય નથી, તેમ છતાં લખ્યું તો છે જ. જેમ આવ્યું તેમ ભરડી માર્યું છે.

**આ 'જીવનઆહ્લાદ'**માં મળેલાં સ્વજનોને મેં બહુ જ સ્પષ્ટપણે સંબોધ્યાં છે, જે વાંચી તેઓ તેમના ઉપર અને મારા ઉપર કૃપા કરશે, એવી હૃદયની પ્રાર્થના છે. આવાં સ્વજન ગીતોમાં રહેલો મારા હૃદયનો ભાવ, તેનો સ્વજન સદ્‌ભાવથી અને જો જીવનધ્યેય દૃઢાયું હોય, તો તેને ખીલવવાને સ્વજનનાં ભજનગીતોના હાર્દને પ્રેમથી તેઓ સ્વીકારીને, યોગ્ય ભાવે સ્વીકાર કરીને, પોતાના જીવનને જો તેઓ વાળવાનો પ્રેમભક્તિપૂર્વકનો પુરુષાર્થ કરશે, તો અંતે ઉભયને લાભ જ છે. ગણિતમાં બે ને બે ચાર થાય એ હકીકત જેમ નક્કર અને વાસ્તવિક છે, તે રીતે જ આધ્યાત્મિક વિજ્ઞાનની દૃષ્ટિએ જે યોગ્ય સમજણ જીવનના ધ્યેયવિકાસના હેતુએ સ્વજનનાં દિલમાં પ્રગટેલી હોવી ઘટે, તેવો ભાવ અને હેતુ મળેલાં સ્વજનોને સન્મુખ ધારીને, મેં તે તે સ્વજનોનાં ભજનગીતો ગાયાં છે. એ વાંચવાથી કદી કદી કોઈક સ્વજનનું દિલ દુભાય, તો તેઓ મને ક્ષમા કરે. સ્વજનને લખાયેલાં ભજનગીતોમાં ભાઈ સોમાભાઈ ભાવસાર પાસે તે ઊતરાવતાં ઊતરાવતાં તેમાં કોઈ પ્રકારની અયોગ્યતા તો નથીને એમ પણ વિચારી જોયું છે ખરું. મળેલાં સ્વજનોએ મારાં કેવાં કેવાં ખૂન કરેલાં છે, તે પણ મેં સ્પષ્ટ લખેલું છે. કેવું કેવું નકારાત્મક વિચારીને તે લોકે તેમના પોતાના જ જીવનનું અઘટિત કર્યું છે. તે વિશે તો તેઓ યોગ્યપણે વિચારી લે તે ઉત્તમ. એટલી વાત તો ચોક્કસ કે આ ભજનો-આ સ્વજનો પરત્વેનાં ગીતો- લખતાં લખતાં મારા દિલમાં તેમના પરત્વે કેવી સઘન અને તીવ્ર સભાનતા પ્રગટેલી હતી, તેનું દર્શન તે તે ગીતો વાંચતા તેમને થયા વિના રહેશે નહિ. જીવન પરત્વેનું સત્ય યથાયોગ્ય રીતે અને તેના

યથાયોગ્યપણામાં જ્યારે કથવાનું આવે, ત્યારે આખાબોલા થયા વિના ચાલી શકતું નથી. તે સત્ય જીવનના શ્રેયાર્થીને ગળે ઊતરતાં વાર તો ન લાગવી જોઈએ, અને જો ગળે જ ન ઊતરે તો તે શ્રેયાર્થી નથી. અનેક મળેલા જીવો કંઈ કંઈ પ્રકારની આશા, અપેક્ષાઓ 'મોટા' દ્વારા ફળીભૂત થાય એમ ઇચ્છે. હું તો કેટલીયે વેળા તેમના તેમના કથનમાં તાદાત્મ્યભાવે સહાનુભૂતિ દઢાવીને, તેવું તેવું બોલતો પણ હોઉં, તેમ છતાં તેવું થવું કે ના થવું તે કાંઈ મારા હાથની વાત નથી. જીવનમાં કંઈ કશામાંથી છટકી જવાનું કદી કર્યું નથી. ભાગી છૂટવાનું તો જાણ્યું જ નથી. તેથી, તે તે સ્વજનોને માટે તેવી તેવી આશા, અપેક્ષાઓ, માગણી વગેરેને માટે **શ્રીહરિ**કૃપાથી પ્રાર્થના કરવાનું **આ જીવ** ચૂક્યો નથી. આના પણ પ્રત્યક્ષ જીવતાજાગતા સાક્ષી છે. તેવી તેવી પ્રાર્થના કરતી વેળાએ કોઈક જીવ હાજર હોય તો તે જીવ 'મોટા' આવા પ્રકારની પ્રાર્થના કરે છે, તે તેને પ્રત્યક્ષપણે શ્રીપ્રભુકૃપાથી બતાવાયું છે. કેટલીક પ્રાર્થના ફળેલી પણ છે, પરંતુ તેમાં ખરું મહત્ત્વ તો **શ્રીહરિ**ના સામર્થ્યનું છે, કૃપાબળનું છે. **આ જીવ**નું કશું નથી.

તમારું દિલ સંપૂર્ણ તમે ક્યાં અર્પી દીધું છે ?
વિના દીધા કશું મળવું ન વ્યવહારેય શક્ય જ તે.
અમારાથી જ મેળવવા તમારી મનની મરજી જો,
મળી, હળી ને ભળી દિલમાં ગળી **एक** થઈ જુઓ.
મદદ દીધી, ન ના તેની, પરંતુ તેય દેતી પળ
-હતી કેવી તમારામાં હૃદય સભાનતા તીવ્ર ?
હૃદયની ભાવના પર ને હૃદય સમજણ પરે શો તે !
હૃદયની જાગૃતિ પર શો પૂરો આધાર તે તે છે !

કેટલાંક મળેલાં વળી મને કહે, 'મોટા, તમારી સાથે આટલાં બધાં વર્ષો ગાળ્યાં છતાં અમારું તો કંઈ કશું ન વળ્યું'. ત્યારે મારે

તેમને કહેવાનું થાય છે કે દિવસના ચોવીસ કલાકમાં તમારાં મનાદિકરણોમાં અને હૃદયમાં ‘મોટા’ને તમે કેટલા કલાક જીવતો રાખ્યો છે ? તેનો પ્રત્યક્ષપણે બધાં સ્વજનો વિચાર કરી જુએ, તો તેમને તેવું બોલવાપણામાં કેટલી વાસ્તવિકતા છે, તે તેમને સમજાઈ જશે. વર્ષના ગાળામાં પાંચદસ વાર આપણે મળ્યાં કે એકાદ દિવસ સાથે રહ્યાં, તેથી કશું વળી ના શકે. તે તો દિલમાં દિલથી તે પરત્વેની ઉત્કટ તીવ્રમાં તીવ્ર લગની લાગી ગયેલી હોવી જોઈશે. તે વિના તો કંઈ કશો પત્તો ખાવાનો જ નથી. સ્વજનોને લખાયેલાં ભજનગીતોમાં આવી બાબતોના **શ્રીહરિ**કૃપાથી જવાબ વાળેલા છે. કેટલાંક મળેલાં સ્વજનો તો મને કરેલી મદદનો પણ ઉલ્લેખ કર્યા કરે છે. તેનો પણ જવાબ મેં ભજનગીતોમાં વાળ્યો છે.

આ ભજનગીતોમાં મારી ભાષા, તદ્દન સીધી સાદી, સામાન્ય માનવી પણ સમજી શકે તેવા પ્રકારની છે. આને હું કાવ્ય ગણતો જ નથી, પરંતુ કાવ્યના લયમાં ગાતાં ગાતાં હૃદયમાં એક પ્રકારની ઝલક પ્રગટે છે અને તે રીતે વ્યક્ત થવાતાં જતાં ભાવનો જુસ્સો પણ કદીક તેમાં વ્યક્ત થાય છે. વિચારની સરળતા પણ બહુ સારી રીતે પ્રગટે છે. ગદ્યમાં જો લખવાનું હોય તો જે ઘણું બધું લખવું પડે, તે આવાં જોડકણાં દ્વારા બહુ થોડામાં પતી જાય છે. એટલે મને ગદ્ય કરતાં પદ્ય વધારે ફાવે છે. સાનુકૂળ પણ છે. મારા લખેલા ગદ્ય કરતાં પદ્ય વધારે સરળ છે.

**આ ‘જીવનઆહ્‌લાદ’**નાં ભજનગીતો વાંચવાથી જીવનના શ્રેયાર્થીને હૃદયમાં ઉત્સાહ, પ્રેરણા અને મદદ જો મળેલી લાગશે તો કૃતાર્થ થઈશ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૨૪-૩-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની સ્વાનુભવશ્રેણીનું એક વધુ પુસ્તક **'જીવન-આહ્લાદ'** પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે.

**'જીવનઅનુભવગીત'**થી શરૂ થયેલી તેમની સ્વાનુભવની શ્રેણીમાં **'જીવનઅનુભવગીત'** પછી 'જીવનઝલક', 'જીવનલહરિ', 'જીવન-સ્મરણ', 'જીવનરસાયણ' અને આ 'જીવનઆહ્લાદ' દ્વારા પૂજ્ય શ્રીમોટાએ તેમના સાધના વિકાસની સતત ગંગાધારા વહેવરાવી છે, અને પૂજ્યશ્રીના સંપર્કમાં આવેલાં સ્વજનોને જે અલૌકિક આનંદ મળ્યો તેથી પ્રેરાઈને તેમણે આ સ્વાનુભવશ્રેણી લખવાનું કાર્ય ચાલુ રાખ્યું છે.

આ સ્વાનુભવશ્રેણીનાં લખાણો દ્વારા જો કોઈનેય ઉચ્ચ જીવન પ્રતિ પગલાં માંડવાની પ્રેરણા મળશે, તો પૂજ્ય શ્રીમોટાએ લીધેલ સર્જનશ્રમ અને પ્રકાશનશ્રમ સાર્થક થશે.

આ પુસ્તક છપાવવાનો બધો ખર્ચ શ્રીમતી પુષ્પાબહેન જયરામભાઈ દેસાઈ (વડોદરા)એ આપ્યો છે, તે માટે તેમનો હૃદયથી આભાર માનીએ છીએ.

ઉપરાંત, 'જીવનઆહ્લાદ'નાં ગીતોનું સુંદર અને સુવાચ્ય અક્ષરોમાં નકલો ઉતારવાનું કામ જેમણે કર્યું છે, તે એક ડૉક્ટરબહેન અને શ્રી સોમાભાઈ ભાવસારનો ઉલ્લેખ કરતાં ખુશી થાય છે. આ પુસ્તકમાંનાં દરેક ગીતનાં મથાળાં કરી તથા તેને ખંડવાર ક્રમબદ્ધ ગોઠવીને છપાવવા યોગ્ય સુધીની હસ્તપ્રત તૈયાર કરવાનું કામ શ્રી.સોમાભાઈ ભાવસારે કર્યું છે, તેની નોંધ લીધા વિના રહી શકતા નથી.

અંતમાં મેસર્સ લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડ, વડોદરાએ આ **'જીવનઆહ્લાદ'** છાપવાનું કામ તાત્કાલિક હાથ ધરીને કાળજી અને ચીવટપૂર્વક સુઘડ અને સુંદર છાપકામ કરી આપ્યું છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ.

તા. ૨૫-૫-૧૯૭૨

**નંદુભાઈ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પોતાના જીવનવિકાસની સાધનાની વિગતોની ગઝલો વિપુલ પ્રમાણમાં રચી છે અને તે પુસ્તકરૂપે જુદા જુદા સમયે પ્રકાશિત પણ થઈ છે. આ શ્રેણીનું પ્રકાશન **'જીવનઆહ્લાદ'** સને ૧૯૭૨માં પ્રથમ આવૃત્તિ સ્વજનોને પ્રાપ્ત થઈ હતી. તે પછી સાડાત્રણ દાયકાના સમય પછી તેની બીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. અમોને આશા છે કે સ્વજનો હવે થોડીક વિશેષ ઝડપથી પૂજ્ય શ્રીમોટાનાં આવાં પ્રકાશનો ખરીદશે અને તેમના અક્ષરદેહનો લાભ પ્રાપ્ત કરશે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૪-૪-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
(રામનવમી) હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સ્મરણ … … … | ૧-૪૬ |
| ૨ | હુકમ … … … | ૪૭-૬૪ |
| ૩ | ખુમારી … … … | ૬૫-૮૬ |
| ૪ | ગરીબી … … … | ૮૭-૧૦૬ |
| ૫ | મનને … … … | ૧૦૭-૧૨૬ |
| ૬ | સાધના વિકાસના અનુભવો… … | ૧૨૭-૨૩૮ |
| ૭ | ઉદ્‌બોધન અને આનંદોદ્‌ગાર … | ૨૩૯-૨૫૮ |
| ૮ | ભાવ … … … | ૨૫૯-૨૬૬ |
| ૯ | પુરાવો ‘આ’ જ જીવન છે … … | ૨૬૭-૨૭૨ |
| ૧૦ | સ્વજનોને … … … | ૨૭૩-૩૧૮ |

# જીવનઆહ્લાદ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

## સ્મરણ



સ્મરણ શી આંધળા જનની પથે છે લાકડીરૂપે !
અજાણ્યો પંથ છોને હો, છતાં તે ઠામ પહોંચાડે.

હરિઃૐ

## સ્મરણનો ભાવ ઊગ્યાથી

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણમાં દિલ પીગળ્યું છે,
સ્મરણમાં દિલ પરોવીને જીવન સદ્‌ભાગી કરવું છે.

મરણિયો શો હૃદય નિશ્ચય હૃદય તે કર્મમાં નિશ્ચે
-પરોવાવી જ રાખીને જીવન ઉદય ફળાવ્યો છે.

સ્મરણનો ભાવ ઊગ્યાથી બીજાં સાધન સ્ફુરેલાં છે,
સતત એ સાધનાભ્યાસે રહેવાયું જ રત હૃદયે.

હૃદય રમમાણ જીવનમાં શું એકાકાર રસથી તે
-રહેવાતાં જ સંપૂર્ણ, **हरिरस** દિલ ચાખ્યો છે !

હરિ:ૐ

# સ્મરણમાં રસ પડેલો છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, પરોવાયેલ દિલ ત્યાં છે,
પરોવાયાથી દિલ સ્મરણે, સ્મરણમાં રસ પડેલો છે.

જીવનમાં રસ પડે જેમાં, મનાદિ આપમેળેયે
-થતાં એકાગ્ર શાં ત્યારે, વિષયમાં રસતણા તે તે !

નિરંતરના જ રસ તાને જીવન સંગીત રસીલું જે
-હૃદય સંભળાતું રહેતું છે, જીવન ત્યાં રંગ બદલે છે.

જીવન પડદાની આડે જે છુપાયેલું શું ચેતન જે !
હૃદયમાં ડોકિયાં કરવા હવે લાગ્યું ખરેખર તે.

હરિઃૐ

## સ્મરણ ભાવે ઊગેલો છે

જીવંતો ભાવ છલકાતો હૃદયમાં ચેતનાત્મક તે
-સ્મરણના ભાવથી દિલમાં શું પાંગરવા જ માંડ્યો છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં તાન પ્રગટ્યું છે,
સ્મરણના તાનથી જીવન હૃદય જીવવા ગમેલું છે.

સ્મરણના ભાવથી કેવું જીવન ભાન ખીલેલું છે !
હૃદય તે ભાનથી ઊંડું પૃથક્કરણ થતું દિલ તે.

વિવેક દૃષ્ટિ જીવનમાં સ્મરણથી સાંપડેલી છે,
જીવન જીવવાતણો રસ શો સ્મરણ ભાવે ઊગેલો છે !

હરિઃૐ

## સ્મરણ વ્રત તો લીધેલું છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, ‘જીવન **આ** વ્રત ખરેખર છે,’
હૃદયમાં ભાન જીવંતું ખરેખરનું જ જાગ્યું તે.

જીવનનું વ્રત પૂરેપૂરું, શું પાળ્યું સમજી સમજીને !
શી દૃઢતા, ઓર મક્કમતા, હૃદય નિર્ધાર પ્રગટ્યાં છે !

જીવનમાં વિઘ્ન, મુશ્કેલી, દુઃખો, આપત્તિ આવ્યાં છે,
હૃદય નિશ્ચયની શક્તિથી રહેવાયું તટસ્થ જ છે.

પ્રભુની પ્રાર્થનાકેરો સહારો દિલ લીધેલો છે,
કશુંક નડતાં, જરીક ખૂંચતાં, **હરિ**ને દિલ પુકાર્યો છે.

હરિઃૐ

# સ્મરણની લહે હૃદય લાગી

સ્મરણની લહે હૃદય લાગી, મનાદિને સ્મરણનો તે
-કંઈક શો છંદ લાગીને, મનાદિને પલાળ્યાં છે.

સ્મરણમાં ધ્યેયનું જ્ઞાન, સ્મરણમાં હેતુનું ભાન,
-જીવંતું દિલ રાખીને **हरि**ને દિલ ભજેલા છે.

**हरि** ભજવા, **हरि** ભજવા, જીવનનું **कर्म** જાણ્યું છે,
જીવનના યજ્ઞનું કર્મ ખરેખર તે પવિત્ર જ છે.

જીવનનાં સર્વ પાસાંમાં પ્રભુમય ભાવના જીવન,
કૃપાએ ભક્તિથી માંડ્યો શું પાંગરતો જતો યજ્ઞ !

હરિઃૐ

# સ્મરણ ભક્તિ થતાં હૃદયે

તમારા દિલનો ફાંકો રહી શકનાર ના તે છે,
જગતમાં ભલભલાકેરો ન ફાંકો તો ટકેલો છે.

જીવનમાં તો **अहं** કોનું ન તે શાશ્વત ટકેલું છે,
જીવનમાં શી અભિમાને બહુ છક્કડ ખવાડી છે !

અભિમાન થકી બુદ્ધિ શી ડહોળાઈ જતી તે છે !
છતાં અભિમાન કોઈથી નથી છોડાતું કેમેયે.

સ્મરણ ભક્તિતણો ઝોક મહત્ત્વે લાગતાં હૃદયે,
પછી અભિમાન ત્યાં કેવું પીગળતું ને શું ગળતું છે !

હરિઃૐ

## સ્મરણની ધૂન લાગી છે

‘થયા વિના પૂરેપૂરા કશા કંઈના દીવાના તે
-થઈ ના એકરૂપ શકશો,’ ગળે ઊતરી હકીકત તે.

સ્મરણ લેતાં, ખરો ચસકો સ્મરણનો દિલ લાગ્યો છે,
સ્મરણમાં દિલ લાગ્યાથી, સ્મરણની ધૂન લાગી છે.

સ્મરણની ધૂનના તાને થવાયું એકમત શું તે !
હૃદયમાં **એકરુપ** તેથી સ્મરણ સાથે થવાયું છે.

થવાવાથી હૃદયમાં તો હૃદયથી **એકરુપ** તેથી
-હૃદયનો ભાવ નર્તતો ખીલ્યા કેવો કર્યો મૂળથી ?

હરિ:ૐ

# સ્મરણ ઔષધની માત્રા છે

સ્મરણમાં દિલની ઊંડી શી તીવ્ર સભાનતા છે, ને
-હૃદયથી જાગૃતિ ભાન ! સ્મરણમાં જ્ઞાન હેતુએ.

સ્મરણ ના શબ્દનું ખોખું, સ્મરણથી ભક્તિ લાગે છે
-પરત્વે **શ્રીહરિ** પદમાં, સ્મરણ ઔષધની માત્રા છે.

સ્મરણથી **આ** જીવન કેવું ફૂલીફાલી થયું મોટું !
સ્મરણથી શક્તિ જે ઊગી કરાવ્યાં કર્મ **તેણે** શું !

શરીર **આ** સાવ રોગિષ્ઠ, નમાલું જે થયેલું છે,
ટટારી ને ખબરદારી છતાં તેમાં રહેલી છે.

શું **આ** પરિણામ જે, તેનું ખરેખર મૂળ સ્મરણમાં છે,
સ્મરણ ઔષધ લઈ **જીવ આ,** ખરેખર પાંગરેલો છે.

હરિઃૐ

# સ્મરણ હર્ષે લીધેલું છે

સ્મરણમાં **જીવ** ઘાલીને સ્મરણ હર્ષે લીધેલું છે,
પ્રવેશતું હૃદય સ્મરણે ઊલટ સ્મરણે ખીલેલું છે.

જુદી જુદી રીતે લયથી સ્મરણ લલકાર્યું મેં તો છે,
સ્મરણ લલકારવાથી તો સ્મરણ લેવાનું ફાવ્યું છે.

જીવનનું હાર્દ અનુભવવા સ્મરણ આશ્રય લીધેલો છે,
સ્મરણમાં ભાવ જાગ્યાથી ઊંડું ત્યાં ઊતરાયું છે.

ઊંડે ઊંડું જ અંતરના ઊંડે અંતર પ્રવેશાતાં,
પમાતાં હાર્દ વિષયનું, જીવન મંગળ થયું શું ત્યાં !

હરિઃૐ

# સ્મરણમાંથી ફળેલું છે

સ્મરણનું ઘેલું લાગ્યું છે, સ્મરણને દિલમાં ભાવે
-ઊંડે પ્રવેશવાને તે, મથ્યો ભાવેથી શો દિલ જે !

મથંતાંમાં, મથંતાંમાં, સ્મરણમાં **જીવ** પેઠો છે,
સ્મરણમાં દિલ આનંદ કંઈક પડવા જ લાગ્યો છે.

હૃદય રસ જે વિશે જે જે પડ્યા કરતો રહે જીવને
-વિષયમાં તે રમે છે દિલ, અનુભવ સર્વનો તે છે.

કૃપાની તે પ્રસાદી શી ! સ્મરણ લેવાનું સૂઝ્યું છે,
જીવન આસ્વાદ લેવાનું સ્મરણમાંથી ફળેલું છે.

હરિઃૐ

## સ્મરણમાં યત્ન કીધા છે

ન દિલમાં એમની એમ સ્મરણની લત જે લાગી છે !
જગવવાને હૃદય ભાવ સ્મરણમાં યત્ન કીધા છે.

થયેલા યત્ન દિલના જે અસર પોતાની પાડે છે,
થતા તે યત્નમાં જેવો રહે ભાવ, અસર તે છે.

સ્મરણમાં દિલનો ભાવ મથ્યો શો દિલ પ્રેરવવા !
હૃદયમાં એકના એક થતા યત્ને, મળે જય ત્યાં.

સતત મથતા જ રહેવાની હૃદય કેળવણી લાધી છે,
કૃપાથી **आज** ફળ તેનાં જીવનમાં ભોગવું છું તે.

હરિઃૐ

## સ્મરણ સાધન શું ઉત્તમ છે !

મહામોંઘામૂલું ઉત્તમ સ્મરણ સાધન ખરેખર તે,
સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, અનુભવથી જણાયું છે.

નિરાશા ને નિરુત્સાહ શી નિષ્ફળતા મળેલાં છે !
જીવનમાં સાવ ભાંગીને નર્યો ભૂકો થયો હું જે.

ઊભો થઈને કમાવાની કશી ના હામ દિલમાં છે,
છતાંયે કોણ જાણે શી રીતે બેઠું થવાયું છે !

જીવનમાં કોઈક અણધાર્યો છૂપો-છાનો મદદ 'કર' છે,
બહુ વેળા મને જેણે લીધો છે તારવી જીવને.

હરિ:ૐ

## સ્મરણને શું સ્મરણમાં તો !

સ્મરણને શું સ્મરણમાં તો સળંગે દી વીતવવાને !
હૃદય જાગૃત પ્રયત્નો મેં ખરેખર દિલથી કીધા છે.

છતાં ત્યાં ના ફવાયું છે, બહુ વેળા હરાયું છે,
મહામુશ્કેલીથી ઉપર પરાણે શું અવાયું છે !

જહાં મથતા જ થાક્યો છું, જહાં ફાવટ ન આવી છે,
જહાં બેસી પડાયું છે, **हरि**, ત્યાં યાદ કીધા છે.

**हरि**ને મધ્યબિંદુમાં જીવનના કેંદ્રસ્થાને તે
-હૃદય જીવતા જ ધરવાને, **हरि**માં દિલ લગાડ્યું છે.

હરિઃૐ

## સ્મરણ કરવા લગાતાર

સ્મરણમાં તો હૃદય કેવું લગાતાર પરોવીને
-જીવન પ્રગટાવવા **हरि**ને, જહેમત દિલ ઊઠાવી છે !

હૃદયથી વારી વારીને, ચહી ચહીને હૃદય **हरि**ને,
જીવન સર્વસ્વ અર્પીને, **हरि** વરવા ચહેલો છે.

મનાદિમાં સતત રમતું મનન ચિંતવન **हरि** વિશે
-જીવંતું ચેતનાત્મક દિલ થતાં, ઝાંખી કંઈક સહેજે,

-ઘડીક થાય, ઘડીક બંધ, બહુ જ વેળા થયું છે તે,
પ્રતિછાયા થયા તેની કરેલી છે જીવન વિશે.

હરિઃૐ

# સ્મરણ તે છોડ્યું ના છૂટે

સ્મરણ તે છોડ્યું ના છૂટે, પનારે તે પડેલું છે,
સ્મરણમાં ને સ્મરણમાં તો અમે ગાળેલું જીવન છે.

સ્મરણમાં ને સ્મરણમાં શું જીવનને પ્રોઈ દીધું છે !
નિરંતરનું છતાં દિલમાં હજી ના તે થયેલું છે.

શરૂ થઈ જે ચૂકેલી તે નિરંતરની થવા કાજે,
પ્રક્રિયા આજ કે કાલ જરૂર તે પહોંચશે અંતે.

હૃદય નિર્ધાર પ્રગટેલો, મથાવીને મથાવ્યો છે,
નિરંતરતા સ્મરણકેરી હૃદયમાં તેથી જાગી છે.

સ્મરણમાં જે નિરંતરતા થઈ છે ભાવરૂપે જે,
અખંડિત ભાવ સક્રિય તે, સ્વરૂપ ચેતનનું પોતે છે.

હરિઃૐ

## સ્મરણ તેને તરાવે છે

સ્મરણમાં ને સ્મરણમાં મેં દિવસ રાત્રિ વિતાવ્યાં છે,
અભયને દિલ કેળવવા સ્મરણનો સાથ લીધો છે.

સ્મરણની ભક્તિ જીવંતી હૃદયમાં જ્યાં થયેલી છે,
અભય શો આપમેળેયે ખીલ્યા કેવો કરેલો છે !

અસર કેવી સ્મરણની તે જીવન વર્તનથી લાગે છે !
સ્મરણથી ચેતનાનો શો જીવનમાં ભાવ ઊઠ્યો છે !

સ્મરણમાં ભાવ જેને છે, સ્મરણની શક્તિ જબ્બર છે,
સ્મરણ જેને જીવંતું છે, સ્મરણ તેને તરાવે છે.

હરિઃૐ

## સ્મરણમાં સ્વાર્થ લાગ્યાથી

સ્મરણ નાનકડું ઝરણું છે, સ્મરણમાં ભાવ ઝરણાં તે
-ભળંતાં તે નદીરૂપે, મહાસાગર બનેલું છે.

સ્મરણ નાનકડું સાધન છે, સીધું, સાદું, સરળ શું છે !
જરા પણ અટપટું ના છે, સમર્થ તે છતાં પણ છે.

ગરજથી પ્રેમ ધક્કેલો સ્મરણમાં દિલ લાગ્યો છે,
સ્મરણમાં સ્વાર્થ લાગ્યાથી, સ્મરણમાં રસ પડેલો છે.

સ્મરણ શી આંધળા જનની પથે છે લાકડીરૂપે !
અજાણ્યો પંથ છોને હો, છતાં તે ઠામ પહોંચાડે.

હરિઃૐ

# સ્મરણમાં લગની લાગંતાં

સ્મરણમાં લગની લાગંતાં સ્મરણ તે ફાલ્યું ફૂલ્યું છે,
સ્મરણથી તો જીવનઘડતર થતું કેવું રહેલું છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, જીવનવિકાસ હેતુ શો
-હૃદયમાં જાગૃતિ યુક્ત રહેલો ચેતનાત્મક તે !

સ્મરણનો ભાવ હૈયાનો જીવનને સ્પર્શતાં પ્રેમે,
મળેલાં કર્મમાં શક્તિ ઝર્યાં કેવી કરે છે તે !

હૃદયની શક્તિ ભરપૂર જીવન છૂપી હતી, તેને
-સ્મરણથી તે જીવનમાં તો છતી પોતે થયેલી છે.

હરિઃૐ

## સ્મરણ આહ્‌લાદકારી છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, કદીક ભૂસકા જ માર્યા છે,
કદીક કેવો કૂદેલો છું ! કદીક પાછો પડેલો જે.

ઊંચાનીચા થવાયું છે, જીવનમાં આઘુંપાછુંયે
-જવાયું છે, પડાયું છે, છતાં સ્મરણે લીધો પથ છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, જીવનનો ખ્યાલ દૃઢતર તે
-પૂરેપૂરો હૃદયમાં શો જીવંતો તે રહેલો છે !

સ્મરણને પકડી રાખ્યું છે, સ્મરણમાં દિલ જોડ્યું છે,
સ્મરણ ચેતાવતું રહે છે, સ્મરણ આહ્‌લાદકારી છે.

હરિ:ૐ

## સ્મરણભાવે ફીટેલી છે

સ્મરણમાં દિલ લાગીને સ્મરણમાં રસ પડેલો છે,
સ્મરણ પછી દિલમાં ભાવે શું વહાલું વહાલું લાગ્યું છે !

સ્મરણ પાછળ પડી પડીને સ્મરણ લીધા કરેલું છે,
સ્મરણનો ભાવ હૈયાનો ભજન કીર્તનમાં લીધો છે.

સ્મરણના ભાવથી શાંતિ પ્રસન્નતા ખીલેલાં છે,
સ્મરણ થયું ભાવતું એનું ખરું પ્રત્યક્ષ લક્ષણ તે.

બધી અસ્વસ્થતા મનની સ્મરણભાવે ફીટેલી છે,
સ્મરણથી **આ** જીવનને તો શું અપરંપાર મળિયું છે !

હરિઃૐ

# સ્મરણથી તે જ પામ્યો છું

જીવનપથનો જરા પણ કંઈ નહોતો ભોમિયો હું જે,
સ્મરણના આશ્રયે ચાલ્યા કર્યું મેં તો જીવનમાં છે.

'જીવન શું' ના સમજતો હું, જીવન વિશે જ અંધાપો
-પૂરેપૂરો હતો મનમાં, સ્મરણથી તે જ પામ્યો છું.

'જનમવું, જીવવું, મરવું, જીવનનાં માત્ર તે કર્મ'
-વિના બીજું ન જાણેલું, ન જાણ્યો તો જીવનમર્મ.

સ્મરણનું હાર્દ જાગ્યાથી, જીવનનું ભાન જાગ્યું છે,
જીવન ઉકેલવા કેવું હૃદય તત્પર થયેલું છે !

હરિ:ૐ

# સ્મરણ રંગ અનેરો છે

સ્મરણનું ઘેન ન્યારું છે, સ્મરણની ધૂન વહાલી છે,
સ્મરણનો છંદ પ્યારો છે, સ્મરણ રંગ અનેરો છે.

સ્મરણની ઘેલછા કેવી હૃદયમાં લાગતાં ઊંડે !
શું ગાંડાતૂર થવાયું છે ! હૃદય **આ** માત્ર જાણે તે.

બઢંતાં ભાવ હૈયામાં સ્મરણ વિશે નર્યો ઊંડે,
સ્મરણનું શું પરિણામ જણાશે આપમેળે તે !

કદી પરિણામની હૃદયે ન સેવી ઝંખના પણ કૈં,
સતત દિલ વળગી વળગીને રહ્યો હું પકડી સાધનને.

બઢંતાં ભાવ નિરંતર હૃદય સાધનનું જે મર્મ
-છતું પોતે થતું રહે છે, અનુભવમાં શું પ્રત્યક્ષ !

હરિઃૐ

## સ્મરણ નિશદિન થવા કાજે

જીવનમાં જાગતાં જીવતાં સ્મરણ લીધા કરેલું છે,
જતાં, ફરતાં વળી ખાતાં કરંતાં કર્મ લીધું છે.

અખંડિત તે થવા કાજે ભગીરથ યત્ન કીધા છે,
સફળ કિંતુ પૂરેપૂરું ન મુજથી ત્યાં થવાયું છે.

પરંતુ સર્પના દંશે સજીવન શો કરી દઈને !
સતત ને એકધારુંયે સ્મરણને લેવરાવ્યું છે.

ન પીધા કે વિના ખાધા સ્મરણ સતતે થયેલું છે,
પ્રસંગ તેતણા આજે હજીયે સાક્ષી જીવતા છે.

હરિઃૐ

## સ્મરણના ભક્ત બનવાથી

સ્મરણમાં તો શરૂ શરૂમાં શહૂર સહેજે ન પ્રગટ્યું છે,
સ્મરણ લૂલું લૂલું કેવું પરાણે તો થયેલું છે !

ફીટવવા રોગને પાકી ગરજ લાગેલી દિલમાં જે,
સ્મરણ તેવી ગરજ લીધે શું લેવાયા કરાયું છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, હૃદય ફાવટ મળેલી છે,
સ્મરણમાં તે પછી કેવી મજા દિલમાં પડેલી છે !

સ્મરણ જીવનને તરવાનું સરળ મજબૂત સાધન છે,
સ્મરણના ભક્ત બનવાથી જીવનમાં સૌ મળેલું છે.

હરિઃૐ

## સ્મરણ મસ્તીથી ગાયું છે

સ્મરણ લીધા કરેલાના જીવંતા આજ સાક્ષી છે,
સ્મરણ કેવું ગવાતું'તું, હજી કોઈ યાદ લાવે છે.

જતાં ને આવતાં પથ પર સ્મરણ મસ્તીથી ગાયું છે,
ન આગળ કે ન પાછળનું કશું કંઈ લક્ષ લીધું છે.

ઘણી વેળા હું પથમાં શો અવર સાથે જ ભટકાયો !
અને ઇલકાબ શા શાયે મને વળતરમાં મળિયા છે !

સ્મરણથી ઇંદ્રિયો સ્તબ્ધ થતી નિજ ગુણધર્મેથી,
સ્મરણના ભાવથી કેવાં મનાદિ મુગ્ધ પલળ્યાં છે !

હરિઃૐ

# સ્મરણ સાધનથી જાણ્યું છે

સ્મરણને એમનું એમ ન ખાલી ખાલી ગાયું છે,
અનુભવમાં પ્રમાણી તે સ્મરણને દોહરાવ્યું છે.

સ્મરણને તો હૃદય ભાવે લહેરાવ્યું ખરેખર છે,
સ્મરણની કથનીનો કેવો બધો ઈતિહાસ ભવ્ય જ છે !

સ્મરણની સાધનાકેરાં બધાં પગલાંતણો ક્રમ જે
-હજીયે યાદી તેની છે, પૂરી જીવતી હૃદય મુજને.

સ્મરણના ભાવથી ધ્યાન સહજમેળે થયેલું છે,
જીવન યોગતણું જ્ઞાન સ્મરણ સાધનથી જાણ્યું છે.

હરિઃૐ

## સ્મરણ કેવી જડીબુટ્ટી !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણનું ધ્યાન લાગ્યું છે,
સ્મરણથી એકતાન જ શું ખરેખર દિલ થવાયું છે !

સ્મરણથી સૂક્ષ્મ વિવેક જીવનમાં પાંગરેલો છે,
સ્મરણથી યોગ્ય ભૂમિકા જીવનની પાકતી રહે છે.

સ્મરણનો પાસ જીવનમાં ધીમેધીમેથી લાગ્યો છે,
પરંતુ લાગતાં જબ્બર, જીવનમુખ ફેરવાયું છે.

સ્મરણ કેવી જડીબુટ્ટી કૃપાથી મુજને લાધી છે !
જીવન સૌ રોગથી મુક્ત કરી, જીવન સુધાર્યું છે.

હરિઃૐ

## સ્મરણ અભ્યાસ કરવાથી

સ્મરણ લેવા વિશે મુજને નહોતી સહેજ પણ શ્રદ્ધા,
મીટવવા ફેફરું રોગ, સ્મરણ લેવાયું'તું દિલમાં.

સ્મરણ લેવાયા કરવાથી સ્મરણ ધૂન ચઢેલી છે,
શરીરનો ધૂનના તાને સમૂળો રોગ મીટ્યો છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, હૃદય ઉત્સાહ ને ખંત
-થવા વિકાસ જીવનનો મળ્યા શા શા જીવન ગુણ !

સ્મરણ અભ્યાસથી ઊંડું મહત્ત્વ દિલ સ્મરણનું તે
-હવે કેવું રસીલું તે, મને જીવનમાં લાગ્યું છે !

હરિઃૐ

# સ્મરણ એ તો જીવન ઉદ્ધારનારું છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ રઢ દિલ લાગી છે,
સ્મરણમાં દિલ હવે મુજને ધબકતું ને ઝબૂકતું છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, જીવન જીવતો થયો હું જે,
સ્મરણ સાધનથી દિલ મગ્ન થતાં, મોઢું ફરેલું છે.

સ્મરણની ચાહના દિલમાં શી બળવત્તર થતી ગઈ છે !
સ્મરણ લીધા વિના દિલને હવે ના ચેન પડતું છે.

શું શ્વાસોશ્વાસ જીવનના સ્મરણ હાવાં બનેલું છે !
સ્મરણ એ તો પતિતજનનું જીવન ઉદ્ધારનારું છે.

હરિઃૐ

# સ્મરણથી મેળવાયું છે

સ્મરણમાં ને સ્મરણમાંથી સ્મરણમાં દિલ ચોંટ્યું છે,
સ્મરણને દિલ વળગાડી, સ્મરણ લીધા કરેલું છે.

સ્મરણની અંજલિ નિત્યે **હરિ**ચરણે ધરેલી છે,
સ્મરણ ઓસડની માત્રાથી જીવન અલમસ્ત કેવું છે !

સ્મરણથી એક રાગ જ તે બનેલું દિલ, **હરિ**ચરણે
-સમર્પણ પ્રેમભક્તિથી અમે કેવું કરેલું છે !

જીવન ઉદ્ધારનો પાયો શું મંડાયો સ્મરણથી તે,
સ્મરણથી ભાવના યોગતણું જ્ઞાન જડેલું છે.

હરિઃૐ

## સ્મરણમાં સ્નેહ લાગ્યો છે

સ્મરણમાં ને સ્મરણમાંથી સ્મરણમાં સ્નેહ લાગ્યો છે,
સ્મરણ સાધન શું ઉત્તમ તે જીવનને તારનારું છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણની જાગૃતિ દિલ તે
-સચેતન કેવી જાગીને સ્મરણમાં તે રમાડે છે !

હૃદય એકાગ્રતા પક્વ સ્મરણથી જે થયેલી છે,
મતિમાં અવતરી તે, શા જીવન ઉકેલ સાધે છે !

સ્મરણથી ભાવ જાગંતાં મનાદિને જ સ્પર્શતાં,
બધા મળ સર્વ વિક્ષેપ મીટેલાં આવરણ દૂર શાં !

હરિઃૐ

# સ્મરણ ડૂબતાનું સાધન છે

સ્મરણ એ માત્ર સાધન છે, કૃપાથી શું મળેલું છે !
મહાસંસાર દરિયામાં સ્મરણ ડૂબતાનું સાધન છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, જીવનમાં ડોકિયું અંતર
-થયા કેવું કરેલું છે ! અસર એવી સ્મરણની દિલ.

સ્મરણ જીવનતણું હાર્દ અનુભવવા મળેલું છે,
સ્મરણથી શો હૃદય નેડો **હરિ**નો મસ્ત લાગ્યો છે !

સ્મરણ જીવનનાં પાસાંને સમર્થ યોગ્ય કરવા છે,
સ્મરણથી ભક્તિ ને જ્ઞાનતણો યોગ સ્ફુરેલો છે.

હરિઃૐ

## સ્મરણના નિત્ય અભ્યાસે

સ્મરણના નિત્ય અભ્યાસે મૃદુ જીવન થયેલું છે,
કઠોરતા ને કૃપણતાયે જીવનનાં ઓસરેલાં છે.

જીવનમાં સ્નિગ્ધતા વ્યાપી મુલાયમ તે ભૂમિકાને
-બનાવી છે સ્મરણથી શી ! પ્રસાદી તે કૃપાની છે.

અનાસક્ત, નિરાગ્રહ ને જીવન નિર્લોભ, નિર્મોહ,
સ્મરણની જાગૃતિથી સૌ થવાયું તેવું તે જીવન.

નિરંતરના સ્મરણથી તો દશા **જીવ**ની ફરી જઈને
-જીવનના હાર્દનું અંતર અનુભવવા મળેલું છે.

હરિઃૐ

## સ્મરણનો કીમિયો સધ્ધર

સ્મરણનો કીમિયો સધ્ધર કૃપાથી શો મળેલો છે !
નયન કેવાં જ ઉલટાવી જરૂર પલટાવી નાખ્યાં છે !

જીવનમાં ઊંડું ઊંડુંયે ઊંડે ઊતરાતાં અંતર તે
-અનંત શાં જીવન પાસાં નીરખવાનાં મળેલાં છે !

'બધું જે જે થતું તેથી તટસ્થ દિલ રહેવાનું',
સ્મરણ અભ્યાસના ભાને હૃદય તે જ્ઞાન જાગેલું.

સ્મરણના માત્ર ઉચ્ચારે, સ્મરણથી ભાવ જાગે જે,
જીવન નયનો જ ખોલાવી બધું દર્શન કરાવે તે.

હરિઃૐ

## સ્મરણ અનુભવથી લાધ્યું છે

જીવન અંતરનું દર્શન શું સ્મરણ અનુભવથી લાધ્યું છે,
રહસ્ય ગૂઢ જીવનમાં અનુભવમાં પ્રકાશ્યું છે.

સ્મરણમાંથી શું શું શીખ્યો ? ગણાવું શી રીતે તે તે !
જુદાં જુદાં હૃદય સાધન છતાં કેવાં થયેલાં છે !

સ્મરણ અભ્યાસથી હૃદયે સચેતન જાગૃતિ મળી છે,
અને તે જાગૃતિએ તો જીવન કેવું ઘડેલું છે !

જીવન ઘડતરનુંયે શાસ્ત્ર અને વિજ્ઞાન ન્યારાં છે,
જીવન અંતરમાં એકાગ્ર થતાં, મેળે સ્ફુરે છે તે.

હરિઃૐ

# સ્મરણ તાને બધું કેવું મટેલું છે !

જીવનની સર્વ ચંચળતા, અવ્યવસ્થિત જે દશા તે તે,
-સ્મરણ તાને, હૃદય ભાવે બધું કેવું મટેલું છે !

સ્મરણનો ભાવ હૈયામાં શું પ્રજ્વલતો થયેલો છે !
બધાંમાં પ્રસરી પ્રસરી તે હૃદય શો એકાકાર જ છે !

મહત્ત્વે, મોખરે જેમાં અને તેમાં શું ભાવ જ છે !
નર્યું ગૌણત્વમાં જીવન બીજું સઘળું જ પામ્યું છે.

છતાં તે ભાવ શો ઉત્કટ કદીક શો મંદ પડતો છે !
છતાં એકંદરે ભાવ જીવનમાં ઓતપ્રોત જ છે.

હરિઃૐ

# સ્મરણ એવું પ્રતાપી છે

નર્યા વિક્ષિપ્ત **આ** ચિત્ત થકી ગરબડ થયેલી છે,
નરી ધાંધલ નકામી શી થયા જીવન કરેલી છે !

બધું ઉધમાતિયું કેવું જીવન સર્વ વીતેલું છે,
શી તીવ્ર સભાનતા **આની** સ્મરણ ભાવે થયેલી છે.

જીવન ગરબડિયું શું થાળે સ્મરણ ભાવે પડેલું છે !
જીવનનું મર્મ વીંધતું રૂડું કારજ થયેલું છે.

બધું આગળનું પાછળનું જીવનની સર્વ બાજુનું
-સ્મરણ ભાવેથી ચેતાવી નર્યું નયને તરાવ્યું શું !

બધું જેવું અને તેવું જીવનનું જે હતું, તે તે
-નર્યું તે સ્પષ્ટ પરખાયું સ્મરણ એવું પ્રતાપી છે.

હરિઃૐ

# સ્મરણની લહે જ લાગી છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણની લહે જ લાગી છે,
બધું ડહોળાયેલું વ્યગ્ર થયું છે શાંત શું ચિત્ તે !

સ્મરણની લગનીથી ભાવ મનાદિને શું સ્પર્શ્યો છે !
શું શાંતિ, પ્રસન્નતા વ્યાપી, મનાદિને મઠાર્યાં છે !

પ્રકૃતિના મનાદિના બધા ગુણધર્મ જે જે છે,
હૃદયનો ભાવ કેંદ્રિત થતાં એકાગ્ર શાં રહે તે !

**હરિ**ની સભાનતા હૃદયે શી જાગંતી જલંતી છે !
જીવનનો પ્રાકૃતિક ગુણ **હરિ**રસથી જ પલળ્યો છે.

હરિઃૐ

## સ્મરણથી જાણવા મળિયું

સ્મરણના ધ્યાનથી ઊંડી થઈ એકાગ્રતા દિલ જે
-જીવનના પ્રશ્ન હલ કરવા ખરી ઉપયોગ આવી છે.

જીવન શું છે ? જીવન શું છે ? જીવનનો હેતુ કેવો છે ?
જીવનનું લક્ષ્યબિંદુ શું ? જીવન **આ** શેને કાજે છે ?

થઈ એકાગ્રતાથી જે, અવતર્યું બુદ્ધિમાં બળ તે,
થયા જેથી કરેલું છે, મનન ચિંતવન ઊંડું દિલ તે.

ભર્યું ચેતનથી સચરાચર, બધે વિસ્તાર પામ્યું છે,
બધાંમાં સંકળાયેલ છે, જીવનનુંયે જ તેવું છે.

હૃદય તે જ્ઞાન અનુભવથી સચોટ દિલમાં લાગ્યું છે,
ન છે ઉકેલવાના કંઈ હવે તો પ્રશ્ન બાકી તે.

હરિઃૐ

## સ્મરણનાં શાં ગતકડાં તે !

સ્મરણને દિલ લઈ લઈને જતાં કંટાળી કેવોયે,
ગરજના ભાનથી પાછું સતેજ ત્યાં થવાયું છે.

ફરી પાછું જ ઉત્સાહે સ્મરણ લેવા જ મંડ્યો શો !
કદીક ધીમું નરાતાર પડ્યા કેવું કરેલું તો !

ન જાણું શી રીતે ધક્કો સ્મરણ લેવા જ માર્યો છે,
'હૃદય તે કોણ એવું જે' બહુ વેળા વિચાર્યું છે !

ગરીબડા સાવ બોથડને **हरि** તેં તો કૃપા કરીને
–**हरि** જાગૃત હૃદય કરવા, ગતકડાં શાં કરેલાં તે !

હરિઃૐ

## હૃદય ભાવોર્મિ પ્રગટે છે

જીવનમાં તો **हरि** ભજવા, **हरि** ભજવાનું જાણ્યું છે,
**हरि**ને ભેટી ભેટીને હૃદય વહાલ થયેલું છે.

પરંતુ **તે** ન સાકાર, પછી શી રીત **हरि**ને તે
-કઈ રીત વહાલ કરવાની ભલા ! રીત તો બતાવોને !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, હૃદય ભાવોર્મિ પ્રગટે છે,
શ્રીસદ્‌ગુરુને हरि જાણી હૃદય ભાવોર્મિ અર્પી છે.

શ્રીસદ્‌ગુરુને જીવંતો દિલ હૃદય ભાવે કરેલો છે,
શ્રીસદ્‌ગુરુમાંથી **हरि**ભાવ જીવનમાં શો પ્રવેશ્યો છે !

હરિ:ૐ

## સ્મરણ લેવાયું ભાવે જ્યાં

સ્મરણના ભાનથી કેવું જીવન જીવવાનું સૂઝ્યું છે !
હવે ના જીવવામાં તો ન યદ્વાતદ્વા કાંઈ છે.

વ્યવસ્થિત સર્વ જીવનમાં બધું જે તે થતું રહે છે,
વ્યવસ્થિતિ હૃદયમાં શી સહજમેળે સ્ફુરે છે તે !

પ્રભાવ ને પ્રતાપ જ શો સ્મરણ શક્તિનો જીવનમાં !
સ્મરણને પરખી જોયું છે, પ્રયોગાત્મક અનુભવમાં.

સ્મરણ લેવાયું ભાવે જ્યાં, સ્મરણમાં રંગ લાગ્યો છે,
થવાતાં રંગ એકાગ્ર જીવનમાં **પાસ** લાગ્યો છે.

હરિઃૐ

# પ્રભાવ શો સ્મરણનો છે

સ્મરણભાવ મનાદિમાં જતાંમાં શો પ્રસરતો જે
-મનાદિને મનવવાને સુમેળે, ઠીક ફાવ્યું છે !

મનાદિ એકમેળે જે થતાંમાં ધ્યાનમગ્ન જ તે,
સ્વભાવ પ્રાકૃતિક મૂળે ધીમો મેળે પડે શો તે !

મનાદિની મૂળે શી જે પ્રકૃતિ **જીવદશાની** જે
-ભજવતી શી રહે ભાગ ! છતાં તટસ્થતા છતી છે.

ન ભેળાવા પૂરેપૂરાં વલણ વૃત્તિની સાથે દે,
પ્રભાવ તે બધો ગૂઢ ખરેખર, શો સ્મરણનો છે !

હરિઃૐ

## સ્મરણ લેવાયું દિલથી જે

સ્મરણમાં ભાવ ઊગ્યાથી જીવનમાં ભાવ પ્રસરે તે,
પ્રસરતા ભાવથી તેવા જીવનમાં રંગ જામે છે.

દિવસના પહોર આઠેયે સ્મરણ લેતાં, સ્મરણ લેતાં
-વિતાવાનો કર્યો નિશ્ચય કૃપાથી, શો પળાયો છે !

નિરંતરનું સ્મરણ પૂર્ણ થવા કાજે જીવનમાં તે
-કૃપાથી સર્પનો દંશ પ્રભુ તેં તો કરાવ્યો છે.

અખંડિત ત્રણ દિવસ સુધી સ્મરણ લેવાયું દિલથી જે,
શું સર્પના દંશનું ઝેર પરાજિત તો થયેલું છે !

હરિઃૐ

# નિરંતરનું બને છે તે

ફળંતાં ઉત્તરોત્તર જે હૃદય ભાવ જીવનમાં તે
-જીવન દર્શનતણું ઓર રહસ્ય ગૂઢ પમાયું છે.

બધે જેમાં અને તેમાં જીવનનું તથ્ય ગૂઢ જે છે,
નર્યું તરીને ઉપર કેવું નજર પ્રત્યક્ષ તરતું છે !


જીવનમાં મસ્ત તરવરતો અનેરો ભાવ પ્રગટીને
-જીવન, આનંદ આહ્લાદે નિરંતરનું બને છે તે.

જીવન તે, ના જીવન હાવાં **હરિ**નો ભાવ જીવન તે
-પ્રવર્તીને, વહેતો શો અનુભવમાં જ પ્રત્યક્ષે !

હરિઃૐ

# ખંડ - ૨

## હુકમ



જીવનના ઊર્ધ્વ શિખર પર મને ચઢવા હુકમ માધ્યમ -કૃપાથી તે મળેલાથી, થયું જીવનનું સાફલ્ય.

હરિ:ૐ

## મદદગાર હુકમ શો છે !

જીવનનાં ઉચ્ચમાં ઉચ્ચ, શિખર જે ઊર્ધ્વમાં ઊર્ધ્વ,
-ચઢવવાને હુકમ પોતે રણકતો ભવ્ય છડીદાર.

હુકમ ચકાસણી કરવા કશો વિચાર ના'વ્યો છે,
હુકમને નાણી જોવાનું કદી ના દિલ થયેલું છે.

હુકમનું પારખું લેવા કુબુદ્ધિ ના સૂઝેલી છે,
ફીટવવાને જીવન દળદર હુકમ અમને મળેલો છે.

હૃદય ચેતન અનુભવવા મદદગાર હુકમ શો છે !
હુકમમાં તે હૃદયભાવ પરોવી દિલથી પાળ્યો તે.

હરિઃૐ

# હુકમ કેવી દીવાદાંડી !

હૃદય હિંમત, શું આશ્વાસન દીવાદાંડી સમુદ્રે જે
-તણાયા શા જતાની તે હુકમ કેવી ખરેખર છે !

હુકમના કેટલા કેવા જુદી જુદી બહુ રીતના
-અનુભવ તો મળેલા છે ! પ્રમાણ્યા શા અનુભવમાં !

હુકમ તેથી જ મળતાંમાં શી બાંયધરી હૃદય પાકી
-જીવન મળતી અનુભવમાં ખરેખર આવતી કેવી !

હુકમમાં સદ્‌ગુરુ દિલનો ખરો અણસાર પ્રીછીને
-જીવન ઘડતરતણો સાચો મળ્યો મોકો જ જાણ્યો છે.

હરિઃૐ

## ગમે તેવો હુકમ છોને !

શરણની ભાવના યોગ્ય હુકમથી કેળવાઈ છે,
પડેલી સમજણો, આગ્રહ હુકમ પાલનથી ફીટ્યાં છે.

વચન છોને ગમે તેવું વદાયેલું હુકમનું તે
-પળાતાં ભાવ મસ્તીથી, હુકમનું હાર્દ ફળતું છે.

ગમે તેવો હુકમ છોને, પ્રમાણે તે જ વર્ત્યો છું.
મહત્ત્વે ભાવ હૈયાનો, ઊછળતો ત્યાં છલકતો શો !

હુકમના મર્મનો હેતુ, હુકમમાં ભક્તિ દૃઢતાં જે
-અનુભવમાં જ પ્રગટી તે, હૃદયમાં સ્પષ્ટ તરતો છે.

હરિઃૐ

# હુકમને વર્તતાં જીવન

જુદી જુદી ભૂમિકાઓ ગહન કેવી જીવનમાં છે !
હુકમના પાલને તે તે અનુભવમાં પ્રમાણી છે.

ભૂમિકાઓ શી ભ્રમણાત્મક જીવનપંથે રહેલી છે !
હુકમને વર્તતાં જીવન છતી પોતે થયેલી છે.

કદીક શો તે વિશે ત્યારે હું અટવાઈ પડેલો જે,
શ્રીસદ્‌ગુરુનો હુકમ મળતાં ખસી ત્યાંથી જવાયું છે.

હુકમથી આરપાર જ તે શું સોંસરવું જવાતું છે !
હુકમ શ્રીસદ્‌ગુરુ દિલનો **हरि** ચેતનનો તણખો છે.

હરિઃૐ

## હુકમ બિરદાવતાં ભાવે

હુકમ બિરદાવતાં ભાવે પરાક્રમ, હામ, ધીરજ ને
-હૃદયના ત્યાગનો ભાવ વગેરેની સમજ પડી છે.

જીવનનાં કેટલાં જુદાં જુદાં પાસાં જ અંતમાં !
હુકમ પાલનની પ્રક્રિયા વિશે, આવ્યું અનુભવમાં.

ભૂમિકા ઊર્ધ્વમાં કેવા અલૌકિક દિવ્ય દેશો છે !
હુકમના સૂક્ષ્મ પાલનથી અનુભવમાં પ્રકાશ્યા છે.

હુકમમાં વર્તતાં ભાવે તટસ્થ દિલ થવાયું છે,
બધું સમજાયું છે તેથી અનુભવમાં વિવેકે તે.

હરિઃૐ

## હુકમ પાલન જીવન રળતર

હૃદય અવતારવા ધ્યેય, હુકમ બિરદાવ્યો તે રીતે,
ગહન, ઊંડાં જીવન પાસાં અનુભવવાં મળેલાં છે.

હૃદયના ભાવની ઊંડી ખરી પ્રગલ્ભતા શી છે !
હુકમ પાલનતણા કાળે હૃદય વર્તી શકાઈ છે.

હુકમ પાલનથી જીવનનું કથું શું ખુલ્લેખુલ્લું તે !
નૂતન નૂતન જીવનકેડી અનુભવમાં જ પ્રગટી છે.

હુકમ પાલન, જીવન રળતર નૂતન ભવ્ય થવા કાજે
-સ્વીકારેલું ઉમળકાએ, અનુભવ્યું તે પ્રમાણે છે.

હરિઃૐ

## હુકમ શરણાગતિ ભાવ

હુકમ મળતાં જવા બેસી, તુરત બેસી જવાયું છે,
જવા ઊઠી હુકમ મળતાં તુરત ઊઠી જવાયું છે.

હુકમ શરણાગતિ ભાવ ખીલવવાને મળેલો જે,
હૃદયમાં હેતુ તે જીવતો ધરી, હુકમ પળાયો છે.

જીવનના ધ્યેયને ફળવાતણું દિલ ભાન પાકું તે,
હુકમ પાલન વિશે જીવતું, તરંતું ખાસ રાખ્યું છે.

હુકમ દિલદારના દિલને અનુભવવા જીવન વિશે,
હૃદય દિલદારની રંગત ખરેખર મહાલવા શો તે !

હરિઃૐ

## હુકમ નોધારાનો આધાર

હુકમ એ તો જીવન મુજનો હું નોધારાતણો માત્ર
-ખરેખર એક આધાર શું તારવવા જીવન પાત્ર !

હુકમ ના માળખું શબ્દ, હુકમમાં ભાવના સૂક્ષ્મ,
હુકમ મુશ્કેલ ભૂમિકા તરવવા માત્ર શો યોગ્ય !

હુકમમાં પારખું દિલનું થતાં પાલન, થતું કેવું !
હુકમ પાલનથી પોતાનું ઊંડું ઊંડું જ સમજાતું.

જણાયું મુદલે નહોતું, હતી ના જે વિશે સમજણ,
હુકમ પાલનથી શું તે તે જણાયા તે કર્યું સન્મુખ.

હરિઃૐ

## હુકમ પ્રત્યક્ષ હનુમાન

ન ઓળંગાય એવું જે જીવનમાં જે હતું તેને,
હુકમ પાલનથી કેવું તે શું ઓળંગી શકાયું છે !

જીવનમાં કૂદકા ભારે ફલાંગો પર ફલાંગો તે
-હુકમથી તો ભરાયાં છે, કૃપા બક્ષિસ **હરિ**ની તે.

હુકમના પાલને ભાવ હૃદય એકાગ્ર કેંદ્રિત
-જલંતો ચેતનાત્મક શો ! સ-ભાને શો મથ્યો અંતર !

હુકમને ના હુકમ જાણ્યો, હુકમ પ્રત્યક્ષ હનુમાન
-ઊડંતો કૂદતા જેવા, કૃપાથી શો ગણ્યો દિલ !

હરિ:ૐ

# હુકમ દ્વારા જીવનવિકાસ

હુકમ શો સદ્‌ગુરુ દિલની કૃપા બલિહારીનો હૃદયે
-ઈશારો તે મળેલાની જીવનમાં શી નિશાની છે !

હુકમ શ્રીસદ્‌ગુરુ દિલની હૃદય આજ્ઞા ખરેખર તે,
મળ્યું સદ્‌ભાગ્ય જીવનમાં અનુભવમાં સમજવાને.

ગરક ઊંડો જ ગરકેલો થયેલો શો હતો તેને
-હુકમથી ખેંચી કાઢીને કૃપાથી બહાર ફેંક્યો છે !

હું બંધાયેલ હુકમથી હૃદયની પ્રેમભક્તિએ,
જીવનવિકાસને અર્થે, શું એણે તારવેલો છે !

હરિઃૐ

## ગરુડ જેવો 'હુકમ' શો તે !

જીવનના ધ્યેયનું લક્ષ્ય જીવંતું દિલ ધારીને,
તલસતા મસ્ત ભાવેથી હુકમ પાલન કરેલું છે.

અલૌકિક ને અનોખી શી હુકમની મસ્ત દુનિયા છે !
હુકમ બિરદાવતાં હૈયે ખબરદારી ઊગે શી તે !

જીવન ખોરંભે પડતાંમાં હૃદય જ્યાં પ્રાર્થના થઈ છે,
હુકમ પાલનથી જીવતી શી હૃદય મરદાનગી થઈ છે !

જીવનના ઊર્ધ્વ આકાશે 'હુકમ' ઊડવાની પાંખો છે,
ગગનની પાર પણ ઊડવા ગરુડ જેવો 'હુકમ' શો તે !

હુકમ પોતે કશું ના છે, પરંતુ તે હુકમ વિશે
-વહંતું ધ્યેયનું ભાન શું ધસમસતું હૃદય ત્યારે !

હરિ:ૐ

## મને ચઢવા હુકમ માધ્યમ

સમુદ્રે નાવ ભાંગેલું તરાવી પાર શકવાને
-પૂરી ના યોગ્યતાવાળું, છતાં ડૂબતાં બચાવે છે.

હુકમનો દાખલો એવો જીવન તરવા વિશે યોગ્ય
-શું બંધ જ બેસતો આવે, મહત્ત્વે ભાવ ત્યાં ખાસ.

હુકમ મળતાં જ દિલમાંનું બધું જોશ, વળી જોર
-ઊછળતાં શાં ફૂટી નીકળે ! શું ત્યારે એમનો તોર !

હુકમ મળતાં જ દિલમાંનાં બધાં ઉત્સાહ ને ઉદ્યમ
-ધીરજ, ખંત, પરાક્રમ તે ઊછળી, જોડાય તે કર્મ.

જીવનના ઊર્ધ્વ શિખર પર મને ચઢવા હુકમ માધ્યમ
-કૃપાથી **તે** મળેલાથી, થયું જીવનનું સાફલ્ય.

હરિઃૐ

## હુકમ ઉષાની ઉષ્મા છે

હુકમમાં ભાવ પ્રોઈને, હુકમના હાર્દને જીવતું,
-પૂરેપૂરું જ સાચવવા, હૃદય જાગૃત રહેલો હું.

હુકમમાં હેતુનું ભાન શું સોંસરવું જ વીંધાતું
-સજીવન પ્રેરણાત્મક દિલ મથેલો ધારવાને હું.

હૃદયની જાગૃતિ પૂર્ણ જીવંતી તીવ્ર દિલમાં છે,
હુકમ તેને ટપવવાને ખબરદાર પૂરો શો છે !

જીવનમાં ભાન અલબેલું પ્રગટવાને ‘હુકમ’ તો છે,
જીવનના ફાટવા પો’ની હુકમ ઉષાની ઉષ્મા છે !

હરિઃૐ

# હુકમનો ભક્ત પ્રીછે તે

હૃદય દિલદારનું દર્શન અનુભવવા જીવનમાં તે,
જીવનના મસ્ત ભાવોમાં હુકમને મેં પિછાણ્યો છે.

અનુલંઘનીય જે શિખર, જવા કૂદી ભરાવે છે
-ભયકંર ફાળ મોટી શી ! હુકમનો ભક્ત પ્રીછે તે.

પરંપરા અનુભવની જીવનમાં જે મળેલી છે,
હુકમ પાલનથી તેનું સૌ હૃદય જ્ઞાન મળેલું છે.

જીવનના ભાવસાગરને તરી પાર જવા કાજે,
હુકમને નાવ સંપૂર્ણ હૃદય ભાવે સ્વીકાર્યું છે.

હરિઃૐ

## હુકમથી તે ફળ્યું દર્શન

પગથિયાં જે ઉપર ચઢવા જીવનવિકાસને પંથે
-હુકમના પાલને હિંમત ખરી દિલ કેળવાઈ છે.

શહાદત મસ્ત ભાવેથી હૃદયથી વારી વારીને
-હુકમ પાલન થકી કેવી જીવનમાં ફાલીફૂલી છે !

સમર્પણ શાં જુદાં જુદાં, જુદી જુદી ભૂમિકામાં !
હુકમ પાલનથી સમજાયાં, જીવન પ્રગટ્યાં અનુભવમાં.

**हरिरस** મસ્ત છલકાતો સભરતાથી ભર્યું જીવન
-શું મલકાતું કરી દેતો ! હુકમથી તે ફળ્યું દર્શન.

હરિઃૐ

# હુકમ પાલનથી મળિયાં છે

કસોટી કારમી કેવી હુકમથી મુજ થયેલી છે !
તરી જવા જ સોંસરવો હુકમ મુજને મળેલો તે.

નીકળવા આરપાર જ તે, જીવનની આળપંપાળ
-હુકમ મળતાં ભુલાઈને પરિશ્રમમાં વણાયો છે.

જીવનનું દોદળાપણું સૌ હુકમ પાલનથી ભાગ્યું છે,
ટટારી ને ખબરદારી ખુમારી તેથી પ્રગટ્યાં છે

નૂતન દર્શન, નૂતન જીવન, હુકમ પાલનથી મળિયાં છે,
નૂતન મૌલિક જીવનદષ્ટિ હુકમ પાલનથી પ્રગટી છે.

હરિ:ૐ

# હુકમ મળતાંની સંગાથે

‘હુકમના પાલને કેવું જીવનઘડતર થયેલું છે !’
જીવન ઉત્ક્રાંતિની સાચી ખબર મુજ એકલાને તે.

હુકમના પાલને હૈયાતણો ભાવ નીતરતો’તો,
હુકમ પાલનની પાછળ તો શ્રીસદ્‌ગુરુ દિલ ધબકતું’તું.


હુકમ મળતાંની સંગાથે હૃદયનો ભાવ તેજસ્વી
-શું બળવત્તર પ્રગટી પ્રગટી કર્યું દિલ તરબતર રસથી !

હૃદયથી ભક્તિપૂર્વક મેં જીવનનું ધ્યેય આત્યંતિક
-થવા સંપૂર્ણ તે જીવન, સ્વીકાર્યો મહાલવાને તે.

હરિઃૐ

# ખંડ - ૩

# ખુમારી



ખુમારીમાં જરા સરખી ન કોઈ આપખુદી છે
-નશે મદઝરતી ભૂમિકા ખુમારીની અનોખી છે.

હરિઃૐ

# જીવન તેવી ખુમારી છે

જીવન સૂરજતણી ઉષા જીવનમાં તેજ પથરાવે,
બધે સ્પર્શતું તે તેજ, જીવન તેવી ખુમારી છે.

કશીયે આળપંપાળ ખુમારીમાં ન ક્યાંયે છે,
સ્વતંત્ર ને નિરાલંબ ખુમારી ભાવમાં શી છે !

સતત શી ગૂઢ ને સૂક્ષ્મ જીવન આધારમાં તે છે !
ભભૂકતા ભાવમાં ઝળકે ખુમારી તો સહજ રીતે.

બિરાજેલા હૃદય ચેતનતણી જે બાદશાહી છે,
ખુમારી બાદશાહીનું શું લક્ષણ દબદબાનું છે !

હરિઃૐ

# ખુમારી તો નિશાની છે

સમુદ્ર ભરતીની છોળો કિનારાને વટાવે છે,
ખુમારી એમ જીવનના કિનારા પાર પહોંચે છે.

અલૌકિક, પારલૌકિક તે શકાયે વર્ણવી ના જે,
–અનુપમ દેશ એવાની ખુમારી તો નિશાની છે.

જીવનમાં ભાવની મસ્તી રગેરગ વ્યાપી જે ગઈ છે,
ખીલી તેમાંથી ખુમારી કદીક શી વ્યક્ત થતી રે' છે.

નશીલી ભાત જીવનમાં ખુમારીની રસીલી છે,
ખુમારીનો ઝરંતો મદ ખરેખર રસ અનેરો છે.

ખુમારી મદ વિશે કોઈ, ન પ્રાકૃતિક લક્ષણ છે,
નર્યો ભાવ **हरिरस**નો, ખુમારીમાં ભરેલો છે.

હરિઃૐ

# ખુમારી ભાવ તેવો છે

અનુભવમાં અનુભવથી જીવન મદમસ્ત મહાલે જે,
જીવન તેવા વિશે કેવી ખુમારી મસ્ત ડોલે છે !

દિશાની સર્વ મર્યાદા શી અપરંપાર વ્યાપે છે !
સ્થળાતીત ને શી કાળાતીત, ખુમારી ભાવ તેવો છે !

જીવનમાં કોઈનેયે જે ન ગણકારે ખુમારી તે,
ખુમારી એકલી મસ્ત સદા પોતા વિશે રહે છે.

ખુમારીમાં બીજી દુનિયાતણું અસ્તિત્વ ના ક્યાંયે,
ખુમારી એકમાં એકે સદા ગુલતાન શી રહે છે !

હરિઃૐ

# ખુમારીમાં પ્રગટતો છે

નર્યું નરદમ **अहम्** પોતે તુમાખીમાં ભરેલું છે,
કશું ના નામનિશાન ખુમારીમાં **अहम्**નું છે.

ખુમારીમાં જરા સરખી ન કોઈ આપખુદી છે
-નશે મદઝરતી ભૂમિકા ખુમારીની અનોખી છે.

જીવનની આરપાર જ જે અનોખો દેશ આવ્યો છે,
ખુમારી દેશ એવાનો ખરો પયગામ લાગે છે.

ખુમારી માત્ર પરિણામ હૃદયની મસ્તીનું ના છે,
ઝરંતો અગ્નિ, ચેતનનો ખુમારીમાં પ્રગટતો છે.

ખુમારી દિવ્ય ચેતનનો જીવનમાં ભવ્ય પડઘો છે.
ઊંડે ઊંડે જ અંતર શો નિરંતર સંભળાયે છે !

હરિઃૐ

# ખુમારી પુષ્પ સુંદર છે

જીવન તે જીવવું ફોગટ, ખુમારી જે વિશે ના છે,
જીવનનું રોકડું નાણું શું પ્રત્યક્ષ ખુમારી છે !

જીવન પુરબહાર જેનું તે શું સંપૂર્ણ ખીલેલું છે !
ખીલેલા તે જીવનકેરું ખુમારી પુષ્પ સુંદર છે.

પ્રકૃતિનું બધું જીવન નર્યા ભંગાર જેવું છે,
બધા પલટાયેલા જીવનતણી ખુમારી સૌરભ છે.

શી નાચંતી, કૂદંતી ને ઝરંતી મદ ખુશાલી તે !
જીવન ચેતનની મસ્તીનો ઉછાળો ભવ્ય પોતે છે.

હરિઃૐ

# ખુમારી તરવરે કેવી !

ખુમારી તરવરે કેવી કદીક ઊછળી પડે છે તે !
કદીક નયને શી છલકાતી ન આધારે સમાતી તે.

ભર્યો ભરપૂર જુસ્સો છે વહેણ વહેતું જબ્બર છે,
ખુમારીનું શું તેજસ્વી ખમાયે તેજ ના કેમે !

ખરેખર વહેણ જોશીલું ખુમારીનું વહેતું જે
-ખુમારી તેવી આગળ તે બને દિગ્મૂઢ સઘળાયે.

અનુભવીની ખુમારીને સમજવાનીય સહેવાની
-સ્વીકારીને પચવવાની ભૂમિકા કોઈક **જીવ**ની છે.

હરિઃૐ

# ખુમારી પામશે તે તે

જીવન ચેતનનો ઝબકારો ખુમારીમાં જ ઝબકે છે,
ચમત્કારિક રીતે કેવું જીવનને મઘમઘાવે છે !

ખુમારીના જીવનને તે ન સમજાશે પૂરી રીતે,
પિછાને માત્ર જેઓને ખુમારીનો અનુભવ છે.

શહાદતની, સમર્પણની, ફનાગીરીની જીવનની
-પરંપરા જ ઓળંગે ! ખુમારી પામશે તે તે.

જીવન ચેતનનો પોહ જ્યારે ખરેખર ફાટી ચૂક્યો છે,
જીવન એવાની ખુમારી પ્રકાશંતું જ લક્ષણ છે.

હરિ:ૐ

# ખુમારી ખુશનુમા દિલની

ખુમારી ખુશનુમા દિલની ઊછળતી ભવ્ય ભરતી છે,
હુતાશની ભવ્ય જીવનની પ્રકાશે છે ખુમારી તે.

ખીલેલા પુષ્પ સંપૂર્ણતણી સુવાસ જેવી તે,
ખીલેલા ને રળાયેલા જીવનની શી ખુમારી છે !

ભર્યો ભરપૂર જીવનમાં **हरिरस** શો ચમકતો છે !
ખરે તેવા જ જીવનનું પરિણામ ખુમારી છે.

ખુમારીથી અવરજન શાં શું છંછેડાઈ પડતાં છે !
પરંતુ લાગતું કૈં કે વળગતું ના ખુમારીને.

હરિઃૐ

# ખુમારી વ્યક્ત લક્ષણ છે

હૃદયના ભાવનું ખંડન ખુમારીમાં થતું ના છે,
નદીનાં પૂરની પેઠે શી ધમમસતી રહે છે તે !

સ્ફુરે છે આપમેળે ને જીવનમાં તે અખંડિત છે,
ખુમારીનો છતાં ફણગો કદીક ભાગ્યે જ નીકળે છે.

ખુમારીથી ભર્યું જીવન છતાં છૂપું રહે ના તે,
જીવન તે આપ બોલી દે, પ્રકાશે ઓળખાયે તે.

જીવનમાં કેટલી મૂડી ખુમારીથી જ પરખાયે,
**हरि**ની બોલબાલાનું ખુમારી વ્યક્ત લક્ષણ છે.

હરિઃૐ

## ખુમારીનાં સ્વરૂપ કેવાં !

નર્યા ઘનઘોર વાદળમાં કદીક વીજળી શી ઝબકે છે !
નર્યા ચેતનના જીવનમાં ખુમારી વીજળીરૂપ છે.

રહ્યું પડદાની પાછળ જે ભર્યું ભરપૂર ચેતન છે,
ખુમારી તે જ ચેતનનો શું આવિષ્કાર જીવનમાં છે !

વનસ્પતિ જે વડે શોભે શી હરિયાળી લીલીછમ છે !
જીવનની ક્રાંતિ હરિયાળીતણું લક્ષણ ખુમારી છે.

અનંતાનંતનો ભાવ ઊછળતો, ધોધના જેવો,
-ખુમારીમાં પ્રકાશીને થતો છે વ્યક્ત તે કેવો !

હરિઃૐ

# ખુમારીમાં ન અવરોધો કશાયે છે

જીવનમાં ભાવની દુનિયાતણી લક્ષ્મી ખુમારી છે,
ખુમારી શો નર્યો કેફ હૃદય ભાવ ઝરંતો તે.

ખુમારી ના ખમી શકતી કશીયે રોકટોક જ તે,
બધા અવરોધને ક્યાંયે ઉડાડી તે ફગાવી દે.

ખરી રીતે ખુમારીમાં ન અવરોધો કશાયે છે,
અનંતાનંતની સાચી શી પહેચાન કરાવે છે !

બધુંયે આડુંતેડું જે પ્રકૃતિનું જીવનનું છે,
ખુમારીના ભર્યા ભાવે નર્યું પલટંતું લાગે છે.

હરિઃૐ

# ખુમારી સખ્ય તેવાનું

અનુભવમાંથી જે સખ્ય જીવનમાં સાંપડેલું છે,
ખુમારી સખ્ય તેવાનું ખરું સગપણ બતાવે છે.

જીવન ચેતનનો જે ભાવ જીવનમાં પાંગરેલો છે,
ખુમારીથી થતો વ્યક્ત ખરેખર ભાવ તેવો તે.

મદોન્મત્ત હૃદય ભાવ શિખર પરથી શિખર પર તે,
ઊંચે ઊંચે જ ઊછળે જે, ખુમારી તેનું લક્ષણ છે.

શું આધારે જ સચરાચર જીવન જે ભાવ વ્યાપે છે !
ખુમારી ખુશબો તેવા જીવનની શી નશીલી છે !

હરિ:ૐ

# ખુમારીથી જણાયે છે

પ્રભુમય ભાવના જીવન અનંતાનંત પહોંચ્યું છે,
કિનારો દેશ એવાનો ખુમારી આપ પોતે છે.

જીવન ચેતનનો પ્રત્યક્ષ અનુભવ દિલ જેને છે,
સહજ ને માત્ર સ્વાભાવિક સરળ ખુમારી તેને છે.

અનુભવમાં ખુમારીયે શી આપોઆપ ઝળકે છે !
**हरिरस**થી ભરપૂર નશે ચકચૂર ખુમારી છે.

ખુમારીમાં ભરેલો જે, **हरिरस** છંટકાવ જ છે,
કંઈક અણસાર **हरिरस**નો ખુમારીથી જણાયે છે.

હરિઃૐ

## ખુમારી ત્યાંથી ફૂટે છે

અમર્યાદિત હૃદય ભાવ જીવન સઘળે જ સ્પર્શીને
-જતો સોંસરવો શો પાર ! ખુમારી ત્યાંથી ફૂટે છે.

જીવનને સ્પર્શી સ્પર્શીને હૃદય ચેતનને જે ભાવ,
બધે ફાલીફૂલી ફૉરે, ખુમારી ત્યાંથી મહેકે છે.

જીવન ચેતનની ચિનગારી બધી શી રોમરોમેયે
-પ્રસરી પ્રસરી વહેતી તે ખુમારીને સ્ફુરાવે છે !

જીવન ચેતનનો જે ભાવ હૃદય પ્રગટી જ ઊછળે છે,
ખુમારી તેતણો સાચો પ્રકાશ શો ખરેખર છે !

હરિઃૐ

# ખુમારીથી થતું વ્યક્ત

ઊછળતા ભાવના દરિયાતણાં મોજાંની ભરતીએ
-પલાળીને જીવનને તે સભર કેવું બનાવે છે !

અગમ્ય ને અગોચર જે જીવનના ભવ્ય ને દિવ્ય
-અનુભવના પ્રદેશોની ખુમારી તો પ્રદર્શન છે.

નિરાકાર જીવન ચેતન થતું સાકાર પોતે જે,
ખુમારીથી થતું વ્યક્ત જીવનમાં શું ખરેખર તે !

કરોડોના જ માલિકને જીવનમાં મદ ચઢે છે જે,
જીવન ચેતનની મસ્તીનો શો મદ તેવો, ખુમારી છે !

હરિઃૐ

## ખુમારી કેવી મહેકે તે !

જીવનના ભાવનો મસ્ત નશો જેને ચઢેલો છે,
ખરે તેના જીવનમાંનું ખુમારી માત્ર લક્ષણ છે.

ભરતીયે ભાવની છોળો ઊછળતી પર ઊછળતી છે,
જીવનને ચારે કોર જ શું સ્પર્શે છે ખુમારી તે !

પરમ આનંદ, આહ્‌લાદ પમરતો મસ્ત ફાલે જે
-ધબકતા મસ્ત જીવનનો ખુમારી માત્ર રણકો છે.

હૃદયના ભાવ મસ્તીની શી એકાકાર છોળો જે
-ઊડ્યાં કરતી રહે જીવન ! ખુમારી કેવી મહેકે તે !

અખંડાકારના ભાવે હૃદય ચેતન સ્ફુરેલું જે,
ખુમારી ભાવ ચેતનનો શું તેજસ્વી જ તણખો છે !

હરિ:ૐ

# ખુમારી મસ્ત એવી છે

ખુમારી ભાવનો દરિયો કિનારા સર્વ પર ઊછળે
-ઊછળી ઊછળી જીવનને તે શું તરબતર કરી દે છે !

ખુમારી આપ બોલે છે, નરી વરતાય મેળે તે,
ન પારખવા જવું પડતું, ખુમારી મસ્ત એવી છે.

નશો મસ્તીનો નયનોમાં શું ચમકંતો ખુમારીનો !
-કદીક ભૂલેચૂકે વ્યક્ત શું વાણીમાં થતો રહે છે !

નૂતન જીવનનો ધબકંતો, ખુમારી માત્ર અણસાર,
સમજવા કોઈ ના યોગ્ય, ખરે સંસારમાં પાત્ર.

જીવનના ભક્તની એવી ખુમારીને જગતજન તે
-સમજવા તેમને જીવન કશી ના લાયકાત જ છે.

હરિઃૐ

# ખુમારી શી બતાવે છે !

અનુપમ ભાવ જીવનોત્તર ન વર્ણવી જે શકાયે છે,
શું તેનો અગ્નિ ચમકાર ખુમારી દિવ્ય પોતે છે.

ખુમારી દિવ્ય જીવનની સૂરજ ઉષ્માની લાલી છે,
જીવન મલકાતી મસ્તીનો ખુમારી શો લિસોટો છે !

જીવન દરિયાની તે પાર જઈ ઓળંગતી રેખા
-તણી દિશાતણું ચેતન ખુમારી શી બતાવે છે !

તહીં પ્રકૃતિ અસ્તિત્વ ખુમારીમાં ન સહેજે છે,
ખુમારી આત્મ પ્રતિબિંબ જીવનનું પાડતી રહે છે.

હરિઃૐ

# ખુમારી તે શી લક્ષ્મી છે !

ખુમારીમાં **अहम्** ના છે, ખુમારીમાં સભરતા છે,
હૃદયના ભાવ મસ્તીની ભરતી શી ભાવની ત્યાં છે !

હૃદયના ભાવ મસ્તીનો ફુવારો, તે ખુમારી છે,
જીવનમાં દેશ અદ્‌ભુતની ખુમારીની શી સુરખી છે !

ખુમારીમાં શું ગર્જતું જીવન ધબકંતું લાગે છે !
જીવંતો ચેતનાત્મક શો જીવન રણકાર ઝબકે છે !

જીવનના ભાવના દેશતણી ઉષ્મા ખુમારી છે,
ખુમારીમાં ભર્યા ભાવતણો ચમકાર ન્યારો છે.

નૂતન જીવનની કલદાર શી લક્ષ્મી તે ખુમારી છે,
સમજનારા ખુમારી તે જીવનમાં કોક વિરલા છે.

હરિઃૐ

# ખુમારી ભાવનો પ્રભાવ

પ્રકૃતિ દેશના છેડાતણો જ્યાં અંત આવે છે,
શરૂ ત્યાંથી થતા દેશતણું દર્શન, ખુમારી છે.

પતિતની પાવની ગંગા, કરે પાવન પતિતને તે,
ખુમારી ભાવનો એવો પ્રભાવ શો જીવનમાં છે !

નર્યા અંધારમાં કેવા ગગન ચમકંત તારા છે !
ખુમારી તેમ જીવનમાં પ્રકાશી શી રહેલી છે !

જીવનનાં અંગ અંગો શાં નશે અલમસ્ત ડોલે છે !
ખુમારી એવી જીવનમાં ખુશાલી મસ્તી પ્રેરે છે.

પરમ આનંદનો પાર ન જેનો ક્યાંય આવે છે,
ખુમારી દિવ્ય તે દેશતણી નોબત બજાવે છે.

હરિઃૐ

# જીવનનો સ્વાંગ બદલાવે

જીવનના યજ્ઞમાં સાહસ હૃદય નિશ્ચયની મક્કમતા,
જીવંતો આત્મવિશ્વાસ નીતરતાં તે જરૂરનાં શાં !

સમર્પણ યજ્ઞની જ્વાળા જીવન અજવાળું પાડીને,
જીવન મૌલિક બનાવીને જીવનનો સ્વાંગ બદલાવે.


સમર્પણ યજ્ઞના ભાવે જીવન ન્યોછાવરી ઊગે,
ખુવારી ને ખુમારીની હૃદય સોદાગીરી શી તે !

સમર્પણ થઈ જતાં પૂર્ણ જીવન શૂન્ય બને છે તે,
નિમિત્ત માત્ર સંપૂર્ણ ખરેખર જાણવો ત્યારે.

હરિઃૐ

# ખંડ - ૪

## ગરીબી



ચૂસી લેવા ગરીબોને સમાજે જે કરેલું છે,
બધું વળતર પૂરેપૂરું સમાજે આપવું પડશે.

હરિઃૐ

## કથા કેવી ગરીબની છે !

ગરીબીમાં બહુ રીતે ઘણા ટપલા જ ખાધા છે,
શિરે તે ખાઈ ખાઈને પડી ટાલ ગયેલી છે.

ગરીબને લોક તો કેવા લબડધક્કે જ લેતા છે !
ગરીબને લોક નાહકના શું અડફટમાં ચઢાવે છે !

રિબામણની, પિલામણની કથા કેવી ગરીબની છે !
પરંતુ તે છતાં કેમ ગરીબ જાગ્યો હજી ના તે !

'સમજતો ને નયન ખોલી બધું પ્રત્યક્ષ નજરે તે
-હૃદય જોનાર બની જાય' હૃદયથી પ્રાર્થના તે છે.

હરિ:ૐ

# ગરીબીમાં જીવન કેવું !

મહામુશ્કેલીથી જીવન ગરીબીમાં વીતેલું છે,
શરીર પરસેવો શો પડતો મજૂરી કારમી થકી તે !

દબાવી ખૂબ દબડાવી અમારી પાસથી કપરું
-બહુ જ કામ કરાવ્યું છે, પૂરું ના દામ છે આપ્યું.

ગરીબીમાં હતો તોયે જીવનમાં રોટલાને તે
-સમજદારીથી સંપૂર્ણ વફાદાર જ રહેલો જે.

શી અવગણના થયેલી છે ! શું હડધૂત તો થવાયું છે !
ચીંધ્યું સહુનું કરંતાંયે, ન કંઈ ગણના થયેલી છે.

કશો આધાર કોઈનો જીવન મારે નહોતો ને
-**हरि**ને દિલ ત્યારેયે ભજ્યાં પ્રાર્થ્યાં કરેલો છે.

હરિઃૐ

# બહુ ઠેબે ચઢાવ્યો છે

ગરીબીમાં મને લોકે બહુ ઠેબે ચઢાવ્યો છે,
વળી હેરાન કરી કરીને હલાવી બહુ જ માર્યો છે.

કદાપિ ઊંચી મૂડી જરા કરવા ન દીધી છે,
ગરીબજન દિલ રંજાડી સદા તળિયે જ રાખ્યો છે.

ન ઊંચે કે નહિ નીચે ગરીબને આભ ક્યાંયે છે,
કશાની છાંયડી રૂડી મળે એને કશે ના તે.

સદા ચંપાયેલા કેવું રહેવું તો પડે એને !
બધાંનોયે ઉપર નીચે થવા વારો જ આવે છે.

હરિઃૐ

# ગરીબી શી બિચારી છે !

તુમાખી કેવી કેવીયે ઘણાયે જનની નીરખી છે !
ગરીબીની શી લાચારી, ગરીબી શી બિચારી છે !

ગરીબોનો સમય પાક્યે, ગરીબ જ્યારે ભભૂકશે તે,
પરિણામોતણી ભૂંડી કશી ના કલ્પના આવે.

ગરીબોને ઉપર લેવા ઉમળકાભેર તૈયારી,
ન કો'ને દિલ વર્તાયે, શી તત્પરતા હૃદય ન્યારી !

બધાંનીયે જ વાચા પર ગરીબી પ્રશ્ન જન્મ્યો છે,
પરંતુ સાવ તે તળિયે, હજી ઊંચે, ન પહોંચ્યો છે.

હરિઃૐ

# ખરેખર માત્ર જાણે તે

જગતના સ્વરૂપનું ભાન ગરીબીએ બતાવ્યું છે,
ગરીબીથી જ ચસવાને હૃદય નિશ્ચય થયેલો છે.

ગરીબાઈ વિશે કેવું પડે અટવાવું જીવન તે
-ગરીબી ભોગવી જેણે ખરેખર માત્ર જાણે તે.

ગરીબાઈ મળી તેથી ગરીબાઈ કઠી જીવને,
-ગરીબાઈથી હઠવાને મરણિયું દિલ થયેલું છે.

ગરીબાઈ મળી તેને કૃપા આશિષ ગણેલી છે,
ગરીબાઈથી ચઢવાને હૃદય સમજણ ઊગેલી છે.

હરિઃૐ

## ગરીબીમાં જીવનની કસોટી

ગરીબીમાં જીવનની શી કસોટી કારમી થઈ છે !
શું ઢેફાંના સમા જાણી બધે જ્યાં ત્યાં ફગાવ્યા છે !

વળી શા ઉથલાવ્યા છે ! તળે ઉપર કરાવ્યા છે,
જરી પણ બેસવા ઠામ જીવનમાં કૈં ન આવ્યો છે.

ગરીબી તે જીવનમાં તો ખરેખર કમનસીબી છે !
દબાયા શા ! ચૂરેચૂરા ગરીબીમાં થયેલા છે.

ગરીબી એક રીતે તે મળી, સદ્‌ભાગ્ય જાણ્યું છે,
ગરીબીમાંથી ચઢવાને હૃદય તેથી ઊગેલું છે.

હરિઃૐ

# ડુંગરો દુઃખના ગરીબીમાં પડેલા છે

અમો પર ડુંગરો દુઃખના ગરીબીમાં પડેલા છે,
દબાઈ ના ગયા તેથી, કૃપાની શી પ્રસાદી તે !

ઊંચે ચઢવાની અભિલાષા ગરીબીમાંથી જાગીને
-કરાવ્યું છે સહન જે તે, અભિલાષા ફળવવાને.

ઉપર ચઢવાતણું ભાન ગરીબીમાં જીવંતું તે
-હૃદય તીવ્ર રહ્યું તેથી રહ્યો તરતો દશામાં તે.

ગરીબી ટાળવા નેમ હૃદય ઉત્કૃષ્ટ, શી જાગી જે !
મને એણે મથાવ્યો છે જીવનમાં શો બહુ રીતે !

હરિ:ૐ

# ગરીબીમાં કેવાં અપમાન !

અમે અપમાન કેવાંયે ગરીબીમાં સહેલાં છે !
અહા ! અન્યાય દેખીતા અમો પર શા થયેલા છે !

વિના બોલ્યા સહેવાનું ગરીબીમાં થયેલું છે,
કદીક બોલ્યા, અમારું તો ખસૂસ આવી બન્યું સમજો.

અમે તો એવું પણ કેવું જીવનમાં ભોગવેલું છે !
મૂગે મોઢે સહી લઈને, હરફ એક્કે ન કાઢ્યો છે.

ગરીબીની દશામાંથી ઊગરવા દિલ તેથી શો
-હૃદય નિશ્ચય મરણિયો શો અમારે દિલ થયેલો છે !

હરિઃૐ

## ગરીબી કારમી કેવી !

ગરીબી કારમી લાગી ! શરીર તૂટી પડે એવી
-મહેનત ત્યાં ભયંકર તે નરી કરવી પડેલી શી !

હતો છોરું હું નાનું ને જવું ત્યાં દહાડિયે પડતું,
શું હારોહાર મારે ત્યાં ઊભા રહેવું જ પડતું'તું.

જરીક પાછો પડ્યો હું-જ્યાં, મને લપડાક પડતી'તી
-સતત વળગેલ કામે ત્યાં રહેવાનું થતું મુજથી.

દિવસ પણ કારમા એવા જીવનના વહી ગયેલા છે,
રૂડા અદ્‌ભુત ને ભવ્ય દિવસ પણ શા ઉગાડ્યા છે !

હરિ:ૐ

# વચકશે જ્યાં ગરીબો તો

ગરીબાઈતણું જીવન જગતમાં જીવતાં જીવતાં,
મહામુશ્કેલી, આપત્તિ મળ્યાં શી શી કરેલી ત્યાં !

જીવનમાં વેઠવી એને અમારે તો પડેલી છે,
'ખુશી' કે 'નાખુશી'નો ત્યાં ન કંઈ પ્રશ્ન જ રહેલો છે.

ઉમળકાથી સહી લેવા મતિ જાગેલ પણ ના છે,
બધું બેળે સહી લેતાં દબાયા ઊલટા શા તે !

વચકશે જ્યાં ગરીબો તો, ન જોવા બેસશે કંઈ તે,
બધો અન્યાયનો બદલો પૂરો વાળી જ લેશે તે.

અટલ કોઈ કર્મ નિયમના બની હાથા ગરીબ પણ તે,
ખરે ! વિપરીત પરિણામ જીવન નિપજાવશે નિશ્ચે.

હરિઃૐ

# કરી લઈશું અમે પોતે

ગરીબની કોઈ પણ દિલમાં દયા સહેજે ન ખાશો તે,
દયા ખાનાર શો માત્ર ખરેખર એકલો **'हरि'** છે.

**'हरि**નીયે' દયાકેરી ગરીબોને જરૂર ના છે,
રિબાતા ને પિસાતા જ્યાં હતા, ત્યારે હતી ક્યાં તે ?

અમારો સર્વ ઈન્સાફ કરી લઈશું અમે પોતે,
ન કોઈને જ છે હક્ક કશો રંજાડવા અમને.

લદાયેલી જ અમ પરની ખભાને ખૂંચતી ધૂંસરી
-ફગાવી તે જ દેવાને થયા ઉતાવળા દિલથી.

હરિ:ૐ

## ગરીબ તે માત્ર પિછાણે

ચૂસી લેવા ગરીબોને સમાજે જે કરેલું છે,
બધું વળતર પૂરેપૂરું સમાજે આપવું પડશે.

ગરીબનું કેવું જીવન જે ખબર શી એકલાને છે
-ગરીબીમાં રવડતો શો ! ગરીબ તે માત્ર પિછાણે.

સ્વયં વિકાસ કરવાની કશી ના મોકળાશ જ છે,
જીવનમાં સાવ હડસેલા બધે જ્યાં ત્યાંથી મળતા છે.

પડે નમવું બધાં આગળ ગરીબની સ્થિતિ એવી છે,
હવે પોહ ફાટવા વારો ગરીબનો આવી લાગ્યો છે.

હરિઃૐ

# જીવન વર્તાયું તે રીતે

જીવન પુરુષાર્થથી મંડ્યા રહી મેળવવું ધારી તે
-જીવંતું એકધારું દિલ રહેવાયું જ મંડ્યા છે.

ગરીબીથી ઊંચે ઊંચે જીવન તારવવા ધારીને
-ફળે જે રીત જીવન તે, જીવન વર્તાયું તે રીતે.

કૃપા કેવી **हरि**ની કે મને સહકાર બુદ્ધિનો
-જીવનનો યોગ્ય પટ વણવા મળેલો છે મનાદિનો.

છતાં બંડતણા હુમલા મનાદિએ કરેલા છે,
હુલાવીને ફુલાવીને મનાવી ઠામ વાળ્યા છે.

હરિઃૐ

# શીખ્યો સહેવું ઉમળકાયે

કંઈક અન્યાય, અપમાન, પીડા ને દુઃખ, અડચણ જે
-ગરીબીના જીવન વિશે અવરજનથી મળેલાં છે.

ગરજ કેવી હતી ભારે બધાં તે તે જ સંગાથે,
સહેવાયું બધું મુજથી હૃદય હર્ષે ન કંઈ તે તે.

'જવાતાં ભાંગી તેથી તો,' જણાયું તે હૃદય જ્યારે
શીખ્યો તેમાંથી જીવનમાં સહેવાનું ઉમળકાયે.

થતી નિંદા જીવનમાં મુજ અવરજનથી શી જાણી છે !
હૃદય ત્યારે કશો ક્ષોભ કૃપાથી ના ઊઠેલો છે.

હરિઃૐ

# ગરીબીથી ઊંચે ચઢવા

ગરીબીથી ઊંચે ચઢવાતણાં કર્મ વિશે શી તે
જડબેસલાક વ્યવસ્થાને જીવનમાં આચરેલી છે !

કદી નવરો જીવનમાં તો રહ્યો બેસી નથી સહેજે
-સતત પૂરો હું કામગરો મથેલો છું રહેવાને.

પરિશ્રમી જાગૃતિ યુક્ત જીવન હેતુ ફળવવાને
-કૃપાથી શો રહેલો છું ! પ્રીછીને કર્મનું દિલ તે.

'પરિશ્રમ ને પુરુષાર્થ જીવંતો એકધારો જે
-થયા વિના, ગરીબી તે હઠી શકવાની ના કદીયે.'

ગરીબી શી હઠવવાને હૃદય **આ** જ્ઞાન ઊગ્યું છે !
જીવંતો એકધારો શ્રમ સતત કીધા કરેલો છે.

હરિઃૐ

# ગરીબ સંપૂર્ણ સેવક જે

ગરીબ પણ સ્થૂળ રીતે ને ગરીબ પણ ભાવના રીતે
-કૃપાથી શા ઉભયને તે વરેલા તો છીએ નિશ્ચે.

ગરીબી સ્થૂળમાંથી તો થવા દિલથી ગરીબ દિલમાં,
સતત દિલ ભાવનો કેવો કર્યો ઉપયોગ જીવનમાં !

'ગરીબીથી થવા પાર, નમે સહુ કોઈ આપણને'
-સ્થિતિ તે પ્રાપ્ત કરવાને મથ્યો ત્યાં કેવું કેવુંયે !

**હરિ**નાં ચરણની આગળ **ગરીબ** સંપૂર્ણ સેવક જે,
તહીં સેવકનો પણ સેવક, થવા ના લાયકાત જ છે.

હરિ:ૐ

# ગરીબ સાચો ખરેખર તે

ગરીબ જીવવું ગમે જેને, ગરીબાઈ અમીરી છે,
'ગરીબ' ત્યાં **ગુણ** છે ને તે સ્થિતિવાચક ન શબ્દ જ છે.

ચરણની રજની પણ રજ ના, ગરીબ સાચો ખરેખર તે
–**हरि**નાં ચરણને ચહીને ગરીબ પોતે થયેલો છે.

તપશ્ચર્યાથી, ભક્તિથી, ફનાગીરી, સમર્પણથી,
જીવન સર્વસ્વ પદ ધરવા થકી ગરવી ગરીબી શી !

ગરીબી બાદશાહી તે, અમીરની પણ અમીર શી છે !
જરા છંછેડવા **एने** ન શક્તિ કોઈની પણ છે.

હરિ:ૐ

# ગરીબાઈ મહદ ઉપકાર

તમારી ‘હા’ વિશે ‘હા’ને અમારે ભેળવી જીવવું,
જીવનનો ક્રમ ગરીબોનો સદા એવો રહેલો શું !

દિવસ કોઈ એકસરખા તે ન કોઈના ગયેલા છે,
દશા જુદી જુદી કેવી જીવનમાં તો પ્રવર્તે છે !

ગરીબી **આ** મળી જેથી ઉપર ચઢવાનું ઊગ્યું છે,
ગરીબાઈતણો એવો મહદ ઉપકાર મુજ પર છે !

ગરીબાઈ મળી એને હવે **આજે** રૂડો અવસર
-જીવન મોંઘામૂલો સમજું ખરેખર ભવ્ય શો દિવ્ય !

હરિ:ૐ

## હવે ગરીબી શી મહાલી છે !

ગરીબી જોઈ નાણી છે, ગરીબી મેં અનુભવી છે,
ગરીબીને પિછાણી છે, હવે ગરીબી શી મહાલી છે !


**हरि**નાં ચરણની ભક્તિ હૃદયમાં લાગતાં ફૂટતાં,
ગરીબી જે ઊગેલી છે, શી સાહ્યબી તે ગરીબીમાં !

શિખર સર્વોચ્ચ ગરીબીનું, કૃપાથી તો ચઢાયું છે,
શિખર ઉચ્ચે જ તેથીયે જવાતાંનો અનુભવ છે.

હરિઃૐ

# ખંડ - ૫

## મનને



કહીં કહીં કૂદકા ભૂસકા ઉછાળા મન શું મારે છે !
કહીં કહીંના જ મન સ્વાદ શું માણવા જ પ્રેરાયે.

હરિ:ૐ

# અવળચંડું નર્યું મન છે

નર્યું સ્વચ્છંદી કેવું છે ! નર્યા ભસકા શું મનને છે !
અવળચંડું નર્યું મન છે, છતાં શી દોસ્તી પાડી છે !

હૃદય હેળવવા મનને તો પ્રયત્નશીલ રહેલો જે,
ધરી દિલ હેત મન સાથે ધરી ધરી મન પલાળ્યું છે.

કદીક ઠપકો દીધો મનને, કદી લપડાક મારી છે,
ઉમળકાથી કદીક વહાલ બહુ મનને કરેલું છે.

રહી સાથે સતત મનને શું સમજાવા મથેલોયે !
કૃપાથી મનજીને અંતે ચરણ પલળી મનાવ્યા છે.

હરિ:ૐ

# ગમે તેવું ભલે મન છો

'ગમે તેવું ભલે મન છો, જરૂર આખર પલળશે તે,'
હૃદય તે આત્મવિશ્વાસ ઊંડે કેવો પ્રકાશે છે !

હૃદય તે આત્મવિશ્વાસે રહેવાયું સતત મથતું,
કશી મન ચાલબાજીને ન તાબે તો થવાતું'તું.

સતત બસ માત્ર અભ્યાસે રહ્યા કરીને, રહ્યા કરીને,
બધું હીર, શક્તિ સંપૂર્ણ ચરણમાં વાળી દીધાં છે.

હૃદયના જાગતા એવા સતત અભ્યાસથી મનને
-ખરેખર ચોટ લાગીને ચરણ હાવાં ઢળેલું છે.

હરિઃૐ

## છતાં મનના ઉધામા શા !

શું મનને દિલ હેળવવા પ્રયત્નો આવડ્યા તેવા
-મથી મથીને કરેલા છે, છતાં મનના ઉધામા શા !

નર્યા તોફાન મસ્તીના શું નાટારંગ મનના તો,
બહુ પછાડવા ધારે, છતાં રહેવા મથ્યો સ્થિર શો !

ગમે ત્યાં તે ભલે નાસે, છતાં સંગાથ મનનો તે
-શું હેળવવાની સમજણથી કદી મેં તો ન છોડ્યો છે.

ચરણની ભક્તિમાં મનને ચહી ચહી દિલ ભેળવવા
-જુદા જુદા કરી યત્નો, કૃપાથી મન વળ્યું હાવાં.

હરિઃૐ

## કહીં કહીં મન જતું દોડી !

કહીં કહીં મન જતું દોડી બધું નીરખ્યા કરેલું છે,
મૂકી દઈ દોર તો છૂટો જવા દીધું જ મનને છે.

જહીં જહીં સ્પર્શતું મન તે બધું જોયા કરેલું છે,
જુદા જુદા સંબંધો શું સતત મન બાંધતું રહે છે !

જતાં મનને બળાત્કારે કદી મેં તો ન રોક્યું છે,
છતાં રહેવા નિરાળો ત્યાં શી જાગૃતિ દિલ ધારી છે !

હૃદય તે વર્તણૂકથી, તો ભળાતું પૂર્ણ મન સાથે,
છતાં નિરાળું રહેવાનું કૃપાથી તો થયેલું છે.

હરિઃૐ

# મનને ટકોરીને ટકોર્યું છે

બહુ તોફાન મસ્તીની અવધ ક્યારેક આવી છે,
હૃદય હળવાશથી મનને ટકોરીને ટકોર્યું છે.

ખીલે શો બાંધવા મનને બહુવિધ યત્ન કીધા છે,
છતાંયે દોરડું તોડી કદી ભાગી જતું શું તે !

વળી પાછું હું ઠેકાણે કળાથી લાવવા મથતો,
કદીક માને, કદીક મન તો પૂરું તરછોડી કાઢે શું !

છતાં મેં ચલવી લીધું છે, બધું મનનું શું પ્રેમે તે !
ગમે તેવું છતાં મન પર સદા મેં હેત ઢોળ્યું છે.

હરિઃૐ

## પ્રયત્નો શા કરેલા છે !

અવળચંડું બહુ મન છે, છતાં મેં અવગણ્યું ના તે,
ચરણમાં મન શું રંગાવા પ્રયત્નો શા કરેલા છે !

ભલે માને, ન માને કે મનવવા હેત કીધું છે,
કદીક જડસુ બની મન તો શું જડ સરખું પડેલું તે !

મચક સહેજે ન આપે મન પકડતાંયે જ દોડે છે,
ન પકડાયું જ પકડાયે, છતાં ના સાથ છોડ્યો છે,

લીધેલા પંથમાં મનને શું પ્રેરવવા મથેલો જે,
હવે ફાવટ કંઈક મનને મનવવાની મળેલી છે.

હરિઃૐ

# શી ખંધાઈ જ મનની તે !

કદીક સીધું ચલાવી મન ઊંધે પાટે ચઢાવી દે,
કળ્યામાં આવતી ભાગ્યે શી ખંધાઈ જ મનની તે !

ઉપર ઉપરના મનને તો કદીક પકડી શકાયે છે,
કળા શી સૂક્ષ્મ મનની તો, પકડવી ચાલ અઘરી છે,

કદીક રંગાતું લાગે છે, જતું ભળી મન શું અભ્યાસે !
ભળેલું હોય છે, કેવું છતાં છટકી જતું લાગે !

ઘણું એવું થતું, તોપણ શું મનને પલાળવાને તે
-ઊલટ દિલમાં સ્ફુરાવીને પ્રયત્નો શા ધપાવ્યા છે !

હરિઃૐ

## શું પુરુષાર્થ કરેલો છે !

ભટકતું હો ગમે ત્યાં મન, છતાં નિજના જ અભ્યાસે,
સતત કેવું રહ્યા કરવા શું પુરુષાર્થ કરેલો છે !

ભલે ફાવે ગમે તેવું ચરંતું મન, છતાંયે મેં
-મચક સહેજે ન દીધી છે, કદી પણ કોઈ રીત મનને.

સતત અભ્યાસમાં નિજના હૃદય રમમાણ નિરંતર
રહ્યા કરતાં, કશા મનના પડેલા છે ન સંસ્કાર.

અહમ્, દિલ, ચિત્ત ને પ્રાણ પરોવાયેલ અભ્યાસે
-રહેતાં તે, પછી મનનું કંઈક ઠેકાણું પડિયું છે.

હરિઃૐ

## કશે પણ ફાવતું મન ના

રહી મનની શું પછવાડે શી જાગૃતિ દિલ સેવી છે !
તમન્ના અગ્નિના જેવી થકી રહેવાયું ચેતીને.

કશે પણ ફાવતું મન ના, ન એનો તોર ફાવ્યો છે,
બધે હારે, છતાં પણ તે ન નિજના ચટકા છોડે છે.

કરી જોતાં પૂરા યત્નો છતાં મન તો ન ફાવ્યું છે,
જતું મન છો ગમે ત્યાં તે, ન સાથે તો જવાયું છે.

ખરે મન હળવું તે રીતે ધીમે ધીમે પડેલું છે,
પછી શો ભક્તિનો રંગ શું ચઢવા મનને લાગ્યો છે !

હરિઃૐ

## છમકલાં મનતણાં કેવાં !

છમકલાં મનતણાં કેવાં ! શું ગભરાવી મૂકે એવાં !
કર્યાં છે શા ઘણા છણકા ! છતાં ગણકાર્યું મેં કંઈ ના.

શું ભ્રમણામાં જ મનથી હું પડી કેવો ગયેલો જે !
તપશ્ચર્યાથી, મહામુસીબત થકી ઉપર અવાયું છે.

મથન* મનને મનવવાને, મથન મનને ફળવવાને,
મથન મનને પકવવાને, કૃપાથી શું મથાયું છે !

મનન ચિંતવન કર્યાં કરીને ચરણમાં મનને ઢળવાને,
કરામત સૂક્ષ્મ શી ભાવે કરેલી છે ચહી ચહીને !

*મથન=ગડમથલ

હરિ:ૐ

# પ્રસાદી તે કૃપાની છે

કદીક થંભે, કદીક દોડે, કદીક ધીમું શું પડતું છે !
સીધું દોર કદીક ચાલે, કદીક પછડાટ ખાતું તે.

કદીક એકાગ્ર બનતું છે, સ્મરણમાં ચિત્ત લગાવે છે,
હવે તે પાંસરું પૂરું થયેલું સાવ લાગે છે.

છતાં શી રીત તે છટકી જતું પાછું શું લાગે છે !
શી છેતરપિંડી એવી તે નિહાળી ! સ્વસ્થ શો તોયે !

બધે જ્યાં જ્યાં જતું મન ત્યાં ધરાયું લક્ષ ચેતીને,
-છતાં મનથી ન રંગાયો, પ્રસાદી તે કૃપાની છે.

હરિઃૐ

## કશો જ્યાં સ્વાર્થ, મન ત્યાં છે

જીવનનું ધ્યેય પણ નિશ્ચિત હજી જ્યાં ના થયેલું છે,
જીવનનો હેતુ પરિપક્વ પૂરો જ્યાં ના થયેલો છે.

જીવન પ્રવૃત્તિ જ્યાં ત્યાંયે શી યદ્વાતદ્વા ભટકે છે !
બધાં સંસાર વ્યવહારે મચેલાં દિલ ને મન શાં છે !

પછી ઉત્સાહ ઉમળકો ટકે **हरि**માં શી રીતે તે ?
પછી એકાગ્ર મન કરવાતણો પુરુષાર્થ ખોટો છે.

પછી તે મનની ચંચળતાતણી ફરિયાદ મિથ્યા છે,
કશો ના વાંક મનનો છે, કશો જ્યાં સ્વાર્થ, મન ત્યાં છે.

હરિ:ૐ

# મનની જુદી જુદી વલણ વૃત્તિ

બહુ મનને ફુલાવ્યું છે, બહુ મનને હુલાવ્યું છે,
બહુ મનને રમાડ્યું છે, છતાં મન ના હળાયું છે.

અનેકે રીતનાં નખરાં ખરે મનનાં તપાસ્યાં છે,
બહુ તોફાન પણ મનનાં નજર રાખી નિહાળ્યાં છે.

જુદી જુદી રમત મનની ખરેખર શી નિહાળી છે !
અચંબો દિલ પામ્યો છું, નીરખી નીરખી જ હું શો તે !

અને એ રીત શીખ્યો છું છૂટું પડવાનું મનથી તે,
જીવનમાં એમ તાટસ્થ્ય હૃદય શું કેળવાયું છે !

હરિઃૐ

# ખત્તા શું વારંવાર ખાધા છે

શું વારંવાર લપસ્યું છે ! શું વારંવાર પડ્યું તે છે !
બહુ વેળા જ શા ખત્તા શું વારંવાર ખાધા છે !

લૂલું શું લંગડાયું તે, છતાં પોતે ન શીખ્યું છે,
ભલેને આજ કે કાલે શીખ્યા વિના ન છૂટકો છે.

બહુ જ ધપ્પા જુદા કેવા શું નખરાંખોર મનજીએ
-અનેકે વાર ખાધા છે, છતાં ચસકો ન છોડે તે !

અનેરી ચાલબાજી છે, કુનેહેથી ભરેલી છે,
શું ભરમાવા મથેલું છે ! જીવાયું દૃઢ કૃપાથી તે.

હરિઃૐ

# ચરણમાં મનડું વાળ્યું છે

ઘણી શક્તિ શી મનની છે, અનુભવથી જ જાણી છે,
સતત અભ્યાસમાં તેથી મથ્યો છું મન દૃઢવવાને.

ઊંધું ઘાલી જ અભ્યાસે સતત મંડ્યા રહેવાતું
-હૃદયથી એકધારું તો કર્યાં કીધું, કર્યાં કીધું.

શું મનના વાનરવેડા તે નરી આંખે નિહાળ્યા છે,
કૂદંકૂદા કરી જ્યાં ત્યાં થયું છે ખોખરું શું તે !

તહીં મનને શું પંપાળ્યું ! શું હેતે ફેરવ્યો 'કર' છે !
મનાવીને, કળે વહાલે ચરણમાં મનડું વાળ્યું છે.

હરિઃૐ

# જીવનમંથન કરેલું છે

ફરી ફરીને, વળી વળીને, ચહી ચહીને, મથી મથીને,
ઊંડે ઊંડે જ ઊતરીને જીવનમંથન કરેલું છે.

સકળ બ્રહ્માંડનેયે જે ચલાવે, તે જ ચેતન તે,
સતત લાગી પડેલો છું, હૃદયમાં ખોજ કરવાને.

નિદિધ્યાસન બહુ જ સૂક્ષ્મ શું ચિંતવી ચિંતવી કીધું છે !
પરાત્પર ઊર્ધ્વમાં કક્ષા શી ચેતનની નિરાળી છે !

પરાત્પર એક પછી એક, અનંતાનંત શક્તિ છે,
ઊકલતી જાય જીવન **આ** જીવંતાંમાં સહજમેળે.

હરિઃૐ

# મનન ચિંતવન વધાર્યું છે

ખરેખર મન મનવવાની કંઈક ફાવટ શી આવી છે !
હૃદય લાગ્યું ખચીત મન **આ** સીધું રહેવા જ લાગ્યું છે.

ભરોંસો દિલ જાગ્યો કે હવે મન પાંસરું રહેશે,
પરંતુ શી રીતે મન **આ** શું ઓચિંતું જ છટકે છે !

નિરાશા તોય જીવનમાં જરી પણ દિલ ન સેવી છે,
શું જબ્બર મુકાબલો કરવા મનન ચિંતવન વધાર્યું છે.

અહા ! મનની જબરજસ્ત શી ટક્કર ઝીલવાને તે,
ઝઝૂમ્યો પહાડ સરખો શો ! શું અણનમ દૃઢ રહેલો જે.

હરિઃૐ

# ઉછાળા મન શું મારે છે !

રખડતું મન જતું જ્યાં જ્યાં તહીં શી દૃષ્ટિ રાખી છે !
સતત નીરખ્યા જ કરવાનો હૃદય અભ્યાસ પાડ્યો છે.

કહીં કહીં કૂદકા, ભૂસકા, ઉછાળા મન શું મારે છે !
કહીં કહીંના જ મન સ્વાદ શું માણવા જ પ્રેરાયે !

વળી શી ફેરફુદરડી કહીં કહીંની જ મારે તે !
અને તે દિલ ભેરવવા ઊંધાં ચશ્માં શું પહેરાવે !

કૃપાથી જાગૃતિ દિલની જીવન ત્યાં તે બચાવે છે,
ગજું બાકી પતિતનું **આ** જરા સરખું ન પણ ત્યાં છે.

હરિઃૐ

# અનેકે રીત મનજીને મનાવ્યા મેં કરેલું છે

ગયો છું મનની સંગાથે છતાં તેથી ન ભરમાયો,
કદીક ભરમાઈને કેવો ખરેખર છેતરાયો છું !

છતાં ચેતી જવાતાં ત્યાં હૃદય ના વાર લાગી છે,
તહીં મનને શું ઠપકારી શું સમજી ત્યાં કરેલું છે.


છતાં તોફાની મનડું તો ન ગણકારે જ ઠપકાને,
બીજી રીત દિલ વહાલપની હૃદય અજમાવી જોઈ છે.

અનેકે રીત મનજીને મનાવ્યા મેં કરેલું છે,
કૃપાથી તો હવે કેવું પદે તે હેળવાયું છે.

હરિઃૐ

# ખંડ - ૬

## સાધના વિકાસના અનુભવો



લીલા અગમ્ય ને સૂક્ષ્મ શી અવર્ણનીય અદ્‌ભુત તે,
થતાં બુદ્ધિ જ પ્રજ્ઞા તે અનુભવમાં પ્રકાશે છે.

હરિઃૐ

## ઘડાવા શો મથ્યો જીવન !

જીવન કારકિર્દી કેવીયે ભરેલી રંગબેરંગી !
નરી શી ઢંગ વિનાની, વળી સંપૂર્ણ બેઢંગી !

જીવન રળિયામણું રસીલું થવા દિલ કોડ જાગીને
-રસાળ તે ખીલવવાને કર્યાં કરી ખેડ મેં શી તે !

લીલું હરિયાળું લીલુંછમ નયનને ઠારી શું દે તે !
નયન નીરખી, હૃદય પરખી, હૃદય આહ્લાદ પ્રેરે છે.

નિરંતર દિલ મેળવવા અનુભવવા નૂતન જીવન
-ઊગ્યા તેવા પુરુષાર્થે ઘડાવા શો મથ્યો જીવન !

હરિઃૐ

# મળ્યું, ઉપયોગનું સૌ તે

જીવનના અટપટા પ્રશ્નો શું હલમલાવી નાખે છે !
કરી અસ્વસ્થ મૂકે છે, હૃદય ચિંતવતો કરી દે તે.

સ્થિતિસ્થાપક જીવન જળને શું અક્ષુબ્ધ કરી દઈને
-નવા જીવનપ્રદેશે તે પ્રવેશાવા મથાવે છે.

ઊઠંતાં પ્રશ્ન, જીવનમાં નવું નવું ચંક્રમણ દિલ તે,
ઊઠી, જાગી, નવું કેવું હૃદય અજવાળું પાડે છે !

કશું પણ નકારવાનું તો ન તેથી દિલ ગણેલું છે,
જીવન વિકાસ પંથે જે મળ્યું, ઉપયોગનું સૌ તે.

હરિઃૐ

## પ્રયત્નોમાં જ જીવન છે

જીવન શી અસાવધાનીની પળો ક્યારેક ટપકી છે !
'જીવનની મૃત્યુની વેળા' પળે તેવી અનુભવી છે.

'અનુભવ દિલ થયેલાથી જીવન અસહાયતાનો જે,'
ગરક ઊંડા વિચારે શો મને નાખી જ દીધો છે.

સતત જીવતા રહેવાના પ્રયત્નોમાં જ જીવન છે,
થતી જે ગડમથલ રહેતી જીવન પાંગરતું તેથી તે.

ઊંડે, ઊંડે, હૃદય ઊંડે વળી તેનાથીયે ઊંડે,
મનન ચિંતવનતણો ભાવ રહે અવતરતો અંતર તે.

હરિઃૐ

## જહેમત શી ઉઠાવી છે

જીવનની લહેર પ્રત્યેક ધબકતી પ્રાણવંતી છે,
જીવન વિકાસનાં શિખર પહોંચી આંબવાનાં છે.

બધી વિપત્તિઓ અઢળક શી ઓચિંતી જ વર્ષીને !
બનાવી બહાવરું દેવા કરામત કેવી કીધી છે !

છતાં સાવધ રહેવાને સકળ જે શક્તિ દિલની છે,
પૂરી ઉપયોગમાં લેવા જહેમત શી ઉઠાવી છે !

'હૃદય શક્તિ બઢવવાને મનન ચિંતવન ઊંડું ઊંડે
-જીવંતું એકધારું દિલ થવા,' દિલને મઠાર્યું છે.

હરિઃૐ

## કૃપાથી યત્ન કીધા છે

જીવન સંઘર્ષમાં ભાંગી પડેલી જીવતી તસવીર
-સમું કેવું બનેલું તે ખરેખર રૂક્ષ મુજ જીવન !

સ્મરણ, કીર્તન, ભજનભાવે તથા એવા જ અભ્યાસે
-બીજાં સાધન વિશે એવાં જરૂર સંકળાયેલું દિલ છે.

સજીવન રૂક્ષ જીવનને થવા નવપલ્લવિત, ભાવે
-મનાદિને રસવવાને કૃપાથી યત્ન કીધા છે.

નિરંતર યત્ન અભ્યાસે જીવન નવસર્જને થયું તે
-સુશોભિત ને લીલુંછમ શું સત્યમ્, શિવમ્ ને સુંદરમ્ તે !

હરિ:ૐ

# હૃદય મુજ એકલું પ્રીછે

જીવનના સાવ અંધારા પ્રદેશે દીપ પ્રગટાવી
-સુદૂર ફેલાવવા ઊંડે પ્રકાશ હું મથ્યો દિલથી.

'ભગીરથમાં ભગીરથ શો પુરુષાર્થ જીવન વિશે
-જીવન મેળવવા કીધો છે !' હૃદય મુજ એકલું પ્રીછે.

બલિદાનોની પારાવાર જીવનમાંની જ લંગારે
-અતુલ પ્રગટાવ્યું છે ભવ્ય અનુપમ બળ જીવન મારે.

જીવન પ્રકાશવા લાગ્યું, શું સંકલ્પો ફળાવીને !
જીવન પરમાર્થમાં મુજને ઊંડો ઉત્સાહ પ્રેર્યો છે.

હરિઃૐ

# જીવનનું મૂલ્ય નૂતન તે

જીવન દાવાનળે મુજ શી કઢંગી જે દશા થઈ છે !
અસહાય તે વિશે શો ને થયો લાચાર કેવોયે !

પરાધીનતા જીવનની તે ઊંડી શી તીવ્ર સાલી છે !
હૃદય વિચારતો એણે કરી કેવો મૂકેલો છે !

સચેતન જીવવાકેરું જીવન આદર્શ, વર્તનમાં
-મૂકવાની સુપળ શી તે ! જીવનમાં સાંપડેલી ત્યાં !

જીવનનું મૂલ્ય નૂતન તે હૃદય વિચારતો કરીને
-હૃદયનો ભાવ વર્તનમાં મુકાવા દિલ પ્રેર્યો છે.

હરિ:ૐ

# કમાણી સાચી જીવનની

જીવનની ધ્યેય નિષ્ઠાથી શી બુદ્ધિ લક્ષ્યવેધી ને
-વળી તેજીલી, તે સાથે થયેલી ભાવવાહી છે.

પ્રતિકૂળ પરિસ્થિતિ બહુયે વાર જાગી છે,
પથે નિશ્ચળ, દિલે મક્કમ શી ટક્કર ત્યાં ઝિલાઈ છે !

લડાતાં દિલ સંગ્રામ ખમીર કેવું ખીલેલું છે !
પછી તો ખેલતાં યુદ્ધ નશો મસ્તી બઢેલાં છે.

જીવનમાં આત્મબળ તેથી છતું થતું તે રહેલું છે,
કમાણી સાચી જીવનની રખાયેલી ખરેખર તે.

હરિઃૐ

## ગરજને કારણે શીખ્યો

ગળે ઉતારવા કડવા પડેલા ઘૂંટડા શા તે !
કથોલું બોલી મરવાની કુટેવે ઘાણ વાળ્યો છે.

ગરજ ભણવાની શી લાગી હતી જીવન વિશે મુજને
રહેવાયું શું ઠેકાણે ઊંડી તે ગરજને લીધે.

ગરજને કારણે કેવી સુટેવો તો પડેલી છે !
ગરજ જેવી મીઠી કોઈ અવર ચીજ ના જીવનમાં છે.

ગરજને કારણે શું શું જીવનમાં હું શીખેલો છું,
ગરજ બક્ષી, **हरि** તુજ તે પરમ ઉપકાર મુજ પર શો !

હરિઃૐ

# કૃપાથી તો મથાયું છે

કળા ઉત્તમમાં ઉત્તમ જે જીવન કેળવવું ચહી ચહીને
-પૂરો ઉપયોગ કરવાની કંઈક શી હાથ લાગી છે !

જીવનમાં કેવી ધગધગતી જલનની તાવણીમાંથી
-પસાર ત્યાં થતાં ઊંડું, શું શું વીતક સહ્યા દિલથી !

પરંતુ તે સહેવાતાં હૃદય લક્ષ્ય રખાયું ત્યાં
-ગમે તેમ થતું છો હો જીવનધ્યેય ચુકાયું ના.

જીવનમાં પડતાં, આખડતાં, જીવનના ધ્યેય હેતુને
-હૃદય જીવતું દૃઢવવાને કૃપાથી તો મથાયું છે.

હરિઃૐ

# નવી દિશા સુઝાડી છે

જીવનમાં પ્રશ્ન ઊઠવાથી વિચારો સ્પષ્ટતાથી તે
-થયા કરવાની મનમાંની ઊગી શી પદ્ધતિ ગઈ છે !

વિચારોને વિશે ઊંડી હૃદય શી તત્ત્વ શીલતાથી
-અલૌકિક ભવ્ય મૌલિકતા જીવન પાંગરવા માંડી શી !

હૃદય પ્રત્યેક પ્રશ્ને તે નવા વિચાર પ્રેરીને,
નવું દર્શન કરાવીને નવી દિશા સુઝાડી છે.

સલામત સ્થિર જીવનથી મને ગબડાવી મૂકીને,
અજાણી શી ભૂમિકામાં મને ભૂસકો મરાવ્યો છે !

હરિઃૐ

## મથ્યા કરવાનું રાખ્યું છે

'બધી બાજુથી હારી હું જતો હોઉં,' શું લાગ્યું તે,
હૃદય હિંમત છતાં છેક ન હારી હું ગયેલો જે.

જીવનના ધ્યેયને સિદ્ધ થવા જીવન વિશે નિશ્ચે,
ગમે તેવી સ્થિતિમાંયે અમારે મંડવાનું છે.

નિરાશા છો ભયંકર હો, ભલે કાળાં જ વાદળ છે,
ભલે આશા રૂપેરીનું કિરણ છોને ન દેખાયે.

છતાંયે હારતાં ત્યારે મથ્યા કરવાનું રાખ્યું છે,
હૃદય એવું મથ્યામાંથી જીવન પાછું ફૂટેલું છે.

હરિઃૐ

## હૃદય ચિનગારી ચાંપી છે

જીવન અણઘડ અબોધ જ જે પ્રમાદી શું ખરેખર તે !
હૃદય તેમાં જગાડીને ચમત્કાર જ ફળાવ્યો છે.

અકળ કંઈ વેદનાથી તે નયન દુઃખાર્ત કેવાં છે !
ભયંકર ઉગ્ર વિષાદે જીવનને ખળભળાવ્યું છે.

જીવનના ધ્યેયમાં પ્રેર્યો ઊંડો અંતરના વિષાદે,
જીવનનું હાર્દ મેળવવા હૃદય ચિનગારી ચાંપી છે.

'જીવન પ્રગટેલ વિષાદ' કૃપાની તે પ્રસાદી છે,
નહિતર તો જીવન રળવા શક્યો નીકળી ન હોત હું જે.

હરિઃૐ

## હૃદયબળ કેળવાયું છે

સ્થળાંતર શાં જીવન સ્થિતિતણાં બદલાયેલાં રહે છે !
નિરંતર એકની એક ભૂમિકા ના ટકી રહે છે.

'ભયંકર પળ મુસીબતની જીવનમાં આવવા ટાણે
-ટળી તેય જવાની છે,' હૃદય સમજણ શી ઊગી તે !

હૃદયની તેવી સમજણથી ભયંકરમાં ભયંકર તે
-મહામુશ્કેલીની વચ્ચે શું અણનમ ત્યાં ટકાયું છે !

જીવનમાં યુદ્ધ કેવાંયે લઢાયાં કેટલાંયે છે !
બધો સંગ્રામ જીરવાતાં હૃદયબળ કેળવાયું છે.

હરિઃૐ

## શું અણનમ બળ ઊગેલું છે !

દમન તે કારમું કેવું શરીરની પર ગુજાર્યું છે !
થયું મોડું, છતાં તેનું ઊછળતું ભાન જાગ્યું છે.

છતાંયે, તે વિશે સમજણ જીવનના ધ્યેય હેતુની
-કૃપાથી કેવી તરવરતી રહ્યા કરતી હતી દિલની !

અઘટિત કર્મ તેવાથી જરૂર ઊગરી જવાયું છે
-થતાં તેમાંથી નિશ્ચયનું શું અણનમ બળ ઊગેલું છે !

'પૂરેપૂરો જ જ્યાં શુદ્ધ હૃદય હેતુ જીવંતો છે,'
બધાં ગરબડિયાં કર્મોથી જરૂર શો તારવી લે તે !

હરિ:ૐ

# જીવન નિષ્ઠા હું ચૂક્યો ના

જીવનના ધ્યેયની નિષ્ઠા થતાં કપરી કસોટીએ
-શું ચડવાનું જ આવ્યું છે ! સહેવું કેવું અઘરું છે !

મૂકે ગગડાવી હાંજા શા ! ટકાવું કેવું દુર્લભ છે !
ટકાવાની જહેમત શી ! છતાં દિલથી થતી રહી છે.

ગમે તેવું થતાં તોયે મથામણ પ્રક્રિયા વિશે
-કદી ના દિલ તૂટેલું છે, જીવન હેતુ ટકેલો છે.

લથડતો છો ભલે હોઉં, ધરા પર ડગ મુકાતા ના,
ભલે એવી સ્થિતિમાંયે જીવન નિષ્ઠા હું ચૂક્યો ના.

હરિઃૐ

# કમર ત્યારે કસેલી છે

કંઈક મુકાબલા કેવા જીવન આવી પડેલા છે !
હૃદયથી સામનો કરવા કમર ત્યારે કસેલી છે.

થતાં પડકાર સામે શો ઊભો છું પહાડની સરખો !
ભલે પડતાં હું અણનમ દિલ તહીં સાવધ રહેલો શો !

કદીક પથ ભાન પણ દિલથી જતું રહેતું જ લાગ્યું છે,
સતત અભ્યાસના બળથી તુરત ચેતી જવાયું છે.

હૃદયથી એકધારું તો મથ્યા કરવાનું બનતું જે
-મળ્યા કરતું જ તેમાંથી જીવન જીવવાનું બળ હૃદયે.

હરિઃૐ

# મને એણે જિવાડ્યો છે

જુદી જુદી જાતની કેવી મુસીબતને સહેલી છે !
સહેવામાં મુસીબત સૌ હૃદયમાં હેતુ ધાર્યો છે.

મુસીબતથી હૃદય તેથી ડરી કંઈ ના જવાયું છે,
મુસીબતમાં ટકાયું તે કૃપાની શી પ્રસાદી છે !

કદીક કેવો જીવનમાં તો હું પછડાયો મુસીબતથી !
છતાં ઊઠવાતણું ભાન કૃપા તારીથી જાગ્યું છે.

'જીવનના ધ્યેયની ઉત્કટ ગરજની તીવ્ર લગની જે,
હૃદય ચેતેલ ધગધગતી' મને એણે જિવાડ્યો છે.

હરિઃૐ

# થતાં મન શાંત ને સ્વસ્થ

જુદી જુદી પરિસ્થિતિ જીવનમાં સાંપડેલી છે,
સમસ્યાઓ જુદી જુદી કંઈક પ્રશ્નો શું ઊભળ્યા છે !

બધી તે તે સ્થિતિમાંહે પૂરી શાંતિ શી મનની તે
-હું જાળવવા, મનઃસ્વસ્થ થઈ, કેવો મથેલો જે !

હૃદય આનંદમાં મશગૂલ સ્મરણ આદિના સાધનથી
-રહેવાને હૃદયભાવે જીવન જીવતો રહ્યો મનથી.

થતાં મન શાંત ને સ્વસ્થ ઉકેલો આપ સ્ફુર્યા છે
-થતા અભ્યાસથી એવા શી સ્ફૂર્તિ, પ્રેરણા થઈ છે !

મળેલી પ્રેરણા એને હુકમ મેં તો ગણેલા છે,
વિના સંકલ્પ વિકલ્પ હુકમ પાળી જ જાણ્યા છે !

હરિઃૐ

## સતત અભ્યાસ પાડ્યો છે

હૃદય ચેતેલ રહેવાને હૃદય શો ભાવ ધાર્યો છે !
હૃદયથી જીવતું રહેવા જહેમત શી થયેલી છે !

અખંડિત ભાવ હૈયામાં જીરવવા, જીવતો ધરવે,
નિરંતર સાધનાભ્યાસે મથ્યા ઊંડું જવાયું છે.

'જીવનના ઊર્ધ્વ વિકાસે મહત્ત્વે ભાવ ટકવો તે
-શું સાધન ઉત્તમોત્તમ છે ?' હૃદય તે લક્ષ આપ્યું છે.

'સતત દિલ ભાવ ચેતેલો રહ્યા કરતો જીવંતો તે
-ટકી આઠે પ્રહર રહે દિલ' સતત અભ્યાસ પાડ્યો છે.

હરિઃૐ

# ખરું વર્તન શીખેલો તે

સૂસવતી આંધી જીવનમાં કંઈક વાર ઊઠેલી છે,
તૂટેલા મનની નબળાઈ છતી કેવી થતી રહી છે !

બધું સૌંદર્ય મનનું જે થઈ કુત્સિત ગયેલું છે,
જીવનની ખુશીઓથી શું જીવન વંચિત થયેલું છે !

છતાં દિલથી હું ગભરાઈ ધીરજ ના ખોઈ બેઠો છું,
કપાળે હાથ દઈને હું કદી બેસી રહ્યો ના છું.

'સતત બસ એક ધૂને તો રહેવાનું જ મંડ્યા તે'
-જીવનમાં એટલું માત્ર ખરું વર્તન શીખેલો તે.

હરિઃૐ

# હૃદય લહાવા લીધેલા છે

જીવનમાં તો જીવનકેરી જરૂર નિસ્બત અમારે છે,
જીવન મેળવવા, વર્તન, તે જીવનમાં આચરાયું છે.

જીવન જે જીવદશાનાથી, જીવન જે ઊર્ધ્વ જીવવું છે,
હૃદયના ભાવમાં તેવા સતત જીવવાનું રાખ્યું છે.

હૃદય આકાશના ઊર્ધ્વે મનન ચિંતવનતણા ભાવે
-રહેવાતાં, હૃદય જીવતું, હૃદય તે ભાવ સ્ફુર્યો છે.

હૃદયનો ભાવ એવો તે જીવન સાચું ખરેખર છે,
કૃપાથી તે જીવનના શા હૃદય લહાવા લીધેલા છે !

હરિઃૐ

## મદદ કેવી કરેલી છે !

‘**हरि** હાર્યાનો ભેરુ તું,’ મને પ્રત્યક્ષ જીવનમાં
-કૃપાથી તેં બતાવ્યું છે, પ્રયોગોથી અનુભવમાં.

જીવનમાં સાવ સંપૂર્ણ થતાં અનાથ, જે લે છે
-**हरि**નો આશરો ભાવે, **हरि** તેનો ધણી શો છે !

જીવનમાં કેટલી વાર મદદ માગ્યા વિના એણે
-પથે અફળાયાની પળમાં મદદ કેવી કરેલી છે !

કરુણાનિધિ તુજ નામ અનુભવથી પડેલું જે
-મને સાર્થક ખરેખર તે જીવનમાં સાચું લાગ્યું છે.

હરિઃૐ

# ભૂલું તે કેમ શી રીતે ?

નધણિયાતું હતું બાળક, જીવનમાં આશરો જેને
-કશો ના કોઈનો, તેનો ખરો બેલી થયેલો છે.

જીવનમાં કેટલી વાર પડંતાંમાં, પડંતાંમાં,
હૃદયથી એકદમ તુજને ઘણો પોકાર પાડ્યો ત્યાં.

થતાં મુજ કર્મ બગડે જ્યાં, થઈ છે પ્રાર્થના તુજને,
'હૃદય જન્માવવા સૂઝ,' **हरि** ત્યાં સહાય દોડ્યો છે.

જીવનમાં કેટલી વાર ગરુડે શો ચઢી મુજને !
મને તેં સહાય દીધી છે, ભૂલું તે કેમ શી રીતે ?

હરિ:ૐ

## બન્યો ત્યાં ભોમિયો પંથે

મને ગરબડિયા જીવનથી બચાવી શો લીધેલો છે !
વિહંગાવલોકને જે તે બધું સ્પષ્ટ જ જણાયું છે.

કઢંગી શી સ્થિતિમાંયે ઊતરવાનું થયું'તું જે
-શી તીવ્ર સંવેદને ઊંડા વિષાદે ત્યાં જગાડ્યો છે.

જીવન અજ્ઞાન જંગલમાં જવા આગળ ન પગથી જે
-મને ક્યાંયે ન દેખાતાં, બન્યો ત્યાં ભોમિયો પંથે.

જીવન ખરડાયેલાને શો **हरि** તેં સ્વચ્છ કીધો છે !
બધા ઉપકાર મુજ પર શા **हरि** તારા થયેલા છે !

હરિઃૐ

## કરું ગુણગાન શી રીતે ?

પથે જ્યાં હારતો લાગ્યો, પથે પાછાં પડ્યાં ડગ છે,
મને અંતરમાં ચેતાવી દીધો કોણે ? રહમ શી તે !

'પથે પાછું પડાતું છે,' સમજ એવી પડી જ્યાં તે
-જગાડીને સફાળો ત્યાં મને કોણે ઉઠાડ્યો છે ?

ભગીરથ હામ, દૃઢ નિશ્ચય, જીવન કોણે જ પ્રેર્યાં છે ?
સતત ઉદ્યમશીલ ટકવા મને કોણે ટકોર્યો છે ?

જીવનમાં ભવ્ય પુરુષાર્થ મને કોણે કરાવ્યો છે ?
કૃપાલીલા **हरि**ની, હું કરું ગુણગાન શી રીતે ?

હરિઃૐ

## ખરેખર શો નિચોવાયો !

શી પારાવાર જીવનમાં બહુયે હાડમારીઓ
-સહન કરવી પડેલી છે ! ખરેખર શો નિચોવાયો !

પરંતુ તે પછી મુજને હૃદયમાં બોધ ઊગ્યો છે,
'કશું પણ બેળે બેળે ના સહી લેવું કદીયે તે.'

ભર્યા દિલ ભાવથી જે તે ઉમળકાયે સ્વીકારીને
-જીવન વિકાસમાં જે તે મળ્યાનો અર્થ યોગ્ય જ છે.

થતું જે તે બધા વિશે જીવનના ધ્યેય હેતુને
-વણી લઈને જ સંપૂર્ણ પછી ભરવાનું ડગ તે તે.

હરિઃૐ

## સૂઝ્યાં સાધન કરેલાં છે

હૃદય સંકળાવવા જીવનની સંગાથે, વિચારીને,
થતાં સાધન કરેલાં છે, મનન ચિંતવન કરી કરીને.

હૃદયમાં ભાવ પ્રગટંતાં હૃદય ત્યાં આપમેળેયે
-મળેલું ને ભળેલું તો રહ્યા કરતું જ લાગે છે.

નિરંતર ભાવને તેથી મહત્ત્વ દિલ દીધેલું છે,
બઢે દિલ, ભાવ મેં તેવાં સૂઝ્યાં સાધન કરેલાં છે.

જીવનમાં **एक** પ્રત્યેનું ઊંડું ઊંડું જ ચિંતનશીલ
-રહેવાતાં જ પ્રગટે છે, અનેરો ભાવ શો ત્યાં દિલ !

હરિઃૐ

## મનનના નિત્ય અભ્યાસે

વિચારશીલ જીવનમાં તો હતો કેવો ઊંડે ઊંડે !
વિચાર્યા તે વિના કાંઈ કશું ના મૂકી દીધું છે.

મનનના નિત્ય અભ્યાસે શું ચિંતનશીલ બનાવ્યો છે !
મળ્યું તેનાં બધાં પાસાંતણું વિચારી લીધું છે.

બધા એવા થતા રહેતા જીવન અભ્યાસથી હૃદયે,
સરળ એકાગ્રતા કેવી જીવનમાં પ્રાપ્ત થઈ ગઈ છે !

વલણ, વૃત્તિ, ઊંડી દૃષ્ટિ, શી સોંસરવા જવા પાર
-કૃપાથી કેળવાયેલી ! મતિની તેજ શી ધાર !

હરિઃૐ

## હૃદય સમજણ શી સેવી છે !

સમર્પણ, ત્યાગ વર્તનથી થતાં તે તે ઉમળકાથી,
જીવનના શ્રેય હેતુનો હૃદય મેં ખ્યાલ ધાર્યો છે.

'ન સારું કે ન નરસાનો કશો ના ખ્યાલ રાખ્યો છે,
વળી તે ભેદ ભૂલવાને,' હૃદય સમજણ શી એવી છે !

બધું જે તે થવા હૃદયે ભલો સ્વીકાર જીવનમાં
-સમર્પણ, ત્યાગના ભાવે મહત્ત્વે ભાગ ભજવ્યો ત્યાં.

જીવનમાં ભક્તિ સંપૂર્ણ થવા કાજે ચરણકમળે
-સમર્પણ, ત્યાગ સંપૂર્ણ પડે આચરવાં જીવન તે.

હરિ:ૐ

# ઊંડો અભ્યાસ પાડ્યો છે

મળેલાં સર્વ અપમાન અને અન્યાય પ્રત્યેનો
-હૃદય અભિગમ બધાંનાથી રહેલો મુજ જુદો તે શો !

બધું જે જે, મળે તેને હૃદય સ્વીકાર કરવાને
-જીવન વિકાસને અર્થે ઊંડો અભ્યાસ પાડ્યો છે.

'હૃદય સ્વીકાર ના માત્ર, પરંતુ તે પ્રસાદી છે,
**हरि** વહાલાની પદરજની,' સમજી તેવું સ્વીકાર્યું છે.

જીવનમાં તેથી તો મુજને મળેલાં દુઃખ ને દર્દે
-જગવવાને ટકવવાને, હૃદયભાવે મળી તક તે.

હરિઃૐ

# થતાં નોખું, શિખાયું છે

વિના દુઃખ દર્દ દિલ સાથી જીવન કિંમત જણાયે ના,
બધાં દુઃખ દર્દ આઘાતે મનાદિ ઓળખાયે ત્યાં.

ઘડાવાને મળેલાં તે પ્રસાદી શી **હરિ**ની છે !
કૃપાથી દર્દ ને દુઃખમાં પિછાણ શક્તિની થઈ છે.

દઢવવા **ભાવ હરિ**પદમાં સહારો દર્દ ને દુઃખનો
-લઈ લઈને સ્મરણમાં તે સતત વાળ્યા કરેલો શો !

મનાદિ ના શરીર માત્ર, ભલે વળગેલ તન સાથે,
શરીરથી પણ શું અસ્તિત્વ મનાદિનું જ જુદું છે !

મળેલાં દર્દ ને દુઃખથી મનાદિ કેળવાયાં છે,
થતું જે તે બધાંમાંથી થતાં નોખું, શિખાયું છે.

હરિ:ૐ

## કૃપા એ તો હરિની કે

વલણ, વૃત્તિ અને દૃષ્ટિ ઊગી કેવાં જીવન મારે
-જવા લઈ આડફંટે તે મથેલાં શાં બહુ વારે !

ગયો હું દોરવાઈ શો કદીક જીવનમાં પથ ઊંધે !
બહુ જ ગોથાં તહીં ખાધાં, છતાં ના ભાન ઊગ્યું છે.

વળી રસ ત્યાં કરી ચાખ્યાં, પરોવાયાં મનાદિ છે,
કૃપા એ તો **હરિ**ની કે તહીંથી દિલ જગાયું છે.

કદીક હિંમત જતાં હારી બળદ ગળિયો થયેલો જે
-હૃદય ઓચિંતું અણધાર્યું છતાં બળ દિલ ઊમટ્યું છે.

હરિઃૐ

# બહુ કોશિશ કરેલી છે

સહુથી અઘરું, મુશ્કેલ મળેલાં કર્મને પાર
-હૃદયથી પાડવાની મેં બહુ કોશિશ કરેલી છે.

હૃદયમાં ને હૃદયથી શો હૃદયનો આત્મવિશ્વાસ
-જીવંતો ચેતનાત્મક તે રહ્યા કરતો જીવનમાં છે.

ખરું ખપમાં મનોબળ તે અણીવેળા જ આવ્યું છે,
જીવન વિકાસ ઉપયોગે કૃપાથી વાપરેલું છે.

હૃદયનો આત્મવિશ્વાસ ભગીરથમાં ભગીરથ તે
-મહા મુશ્કેલનેયે તે તરવવા શો સમર્થ જ છે !

હરિઃૐ

# ખરું તે જ્ઞાન સાચું છે

જીવનના જ્ઞાનની કેવી તરસ અતૃપ્ત લાગી છે !
હૃદય તેથી જ મંડ્યો શો હું તલસ્યો છું રહેવાને !

સમર્પણ, ત્યાગનું જીવન ચહીને જીવવા દિલ છે,
હૃદય ત્યમ કેળવાતામાં થતી સૂઝ જ્ઞાનની રહી છે.

જીવન ધ્યેય પરાયણતા હૃદય રળતી થયેલી છે,
અને એમાંથી કરવાનું બધું જે તે સ્ફુરંતું છે.

અખંડિત ભાવના દિલની થતાં, તેમાંથી ઊગે જે,
હૃદયની પ્રેરણાકેરું ખરું તે જ્ઞાન સાચું છે.

હરિઃૐ

## મથ્યો કેવું જીવનમાં તે !

નવી દૃષ્ટિ, નવી આશા, નવી દિલ પ્રેરણાઓને
-શું ચિંતનશીલ સ્વભાવેથી શક્યો પામી જ જીવન તે.

પથે ઉપયોગમાં તે તે જીવન ઘડવા લીધેલું છે,
સમજ ને સૂઝ શી સ્પષ્ટ હૃદય પ્રગટ્યાં કરેલી છે.

'મદાર આપ બળ પર શો જીવનમાં ધારવાને તે !'
મને બચપણથી તે સત્ય હૃદય ઊતરી ગયેલું છે.

'જીવનમાં સ્વાશ્રયે રળવા બધા નિજના પ્રયત્નોએ
-ચઢાણે ઊર્ધ્વ ચઢવાને', મથ્યો કેવું જીવનમાં તે !

હરિઃૐ

## કૃપાથી તો થયેલી છે

તપશ્ચર્યા બહુ ભારે જીવનને સાધવા કાજે,
જીવનમાં સાધના શી શી કૃપાથી તો થયેલી છે.

હૃદય જેવું ઊગી આવ્યું અને વળી તેમ થયું તે તે,
હૃદય નિશ્ચયનો રણકાર ઊતરિયો વર્તને, અમલે.

**हरि** પરનો ભરોંસો તો મનાદિમાં પ્રવેશીને,
હવે શો તે ઊંડે, ઊંડે પ્રસરતો ગાઢ ઊતરે છે !

દગો, અન્યાય જીવનમાં મને મળતાં, નિરાશાને
-**हरि** પરનો જ વિશ્વાસ ન ટકવા દિલ કંઈ દે તે.

હરિઃૐ

# પ્રભુપ્રીત્યર્થ તે સઘળું

મળેલાં કર્મની અંદર જીવનધ્યેય ફળવવાને,
'પ્રભુપ્રીત્યર્થ તે સઘળું થવા,' દિલ ભાવ રાખ્યો તે.

થતાં હો કર્મ ત્યારે દિલ **હરિ**ની સ્મરણ ભક્તિમાં
-પરોવાઈ રહેવાને મથ્યા કેવું કર્યું દિલમાં !

અજંપો તોય શો મનમાં કદીક તો જાગી ઊઠ્યો છે !
અજંપાની દશામાં તો પડ્યો કદી ના રહેલો જે.

સ્મરણ ને પ્રાર્થનાકેરો સહારો દિલ લઈ લઈને,
હૃદય તે સાધનાભ્યાસે રહેલો શો હૃદય ભાવે !

હરિઃૐ

# મનન ચિંતવન હૃદય એવું

બનવવા ભાવ સંપૂર્ણ શું અર્થસભર **આ** જીવન !
મરણિયો દિલ નિર્ધાર ફળવવાને મથ્યો પૂર્ણ.

જીવનમાં સર્વ કંઈ જે તે મળ્યું તે તે વિશે દિલને
-જીવનના ધ્યેય હેતુને મથેલો શો દૃઢવવાને !

મળ્યું તેમાં ન તે વિશે મનાદિને પરોવ્યાં છે,
મળ્યું કંઈ તે વિશે ધ્યેય પરત્વે લક્ષ સેવ્યું છે.

'હૃદય જેમાંથી તેમાંથી શી રીતે ધ્યેય તે ફળશે ?'
મનન ચિંતવન હૃદય એવું થયા ઊંડું કરેલું છે.

હરિઃૐ

# ઘડાવાને મળેલું તે

બધીયે જવાબદારીને ફગાવી સર્વ દેવાને,
કદીક તો મન થયેલું છે, થઈ છુટ્ટો જવાને તે.

'હતી સંપૂર્ણ નિર્બળતા જીવનની મારી કેવી તે !'
કૃપાથી તે પરખવાની થઈ બુદ્ધિ મને ત્યારે.

મળેલું સર્વ સ્વીકારી જીવનમાંનું ઉમળકાયે
-ઘડાવાને મળેલું તે સમજવા દિલ ધાર્યું છે.

જીવનમાં એ રીતે વર્તન કર્યાં કર્યું શું કૃપાથી તે !
થયો છું આજ જેવો હું જીવન વર્તન પ્રતાપે તે.

જીવનનો સદ્‌ગુરુ પોતે થયો, ત્યારે શીખ્યો છું તે
-મળેલો સદ્‌ગુરુ અંતર થયો શો જીવતો ત્યારે !

હરિઃૐ

# પ્રસાદી સર્વ નિજની છે

થતાં સૌ દુઃખ ને દર્દે કદી પણ ના દબાયો છું,
પરમ સદ્‌ભાગ્ય કે એવી હૃદય સમજણ પડેલી છે.

'થતું શું શું રહે નિજમાં મળેલાં દુઃખ ને દર્દે !'
પરખવાની મળી તક તે તમે છો પાણીમાં કેટલે !

'ઉમળકાથી સહેવાતાં હૃદયની શક્તિ બઢતી ને
-જીવન નિર્મળ થતું ચાલ્યું,' અનુભવ્યું છે જીવનમાં તે.

જીવન નિજમાંથી નીપજેલું, મળે જે જે બધું તે તે,
-કૃપાથી દિલ સમજ્યો તે પ્રસાદી સર્વ નિજની છે.

હરિઃૐ

## મને તેં હાથ બક્ષ્યા છે

જીવનમાં ઓથ મેં તારી અનેકે રીત અનુભવી છે,
સહાનુભૂતિ ને હૂંફ અનેકે હાથ લાધી છે.

નિમિત્ત છો ભલે તે તે, પરંતુ ત્યાંય **हरि** શો છે !
**हरि**ના હાથ તે તે જે, મદદ દેવા જ ઉત્સુક છે.

હૃદય ઉત્સાહ, ઉમંગ, વળી શાં પ્રેરણા ભાવ
-બધાંને દિલ પ્રેર્યાં છે, ફળવવા સર્વ મુજ કર્મ.

નહિતર દોદળા સાવ થયું મુજથી હતે શું તે !
કૃપા એ તો **हरि** તુજ તે મને તેં **हाथ** બક્ષ્યા છે.

હરિ:ૐ

# થતું, જે તે કરેલું છે

**હરિ**નું યંત્ર સંપૂર્ણ થવા કાજે હૃદયથી તે
-હૃદયનો ભાવ ઊભરાવી થતું, જે તે કરેલું છે.

‘કરેલું છે,’ કહેવું તે ખરેખર સાવ મિથ્યા છે,
હૃદયથી ઊગતા ભાવે બધું જે તે કરાવ્યું છે.

જીવનનું સર્વ જે તે કંઈ **હરિ**ને સોંપતાં રહીને
-થઈ નિશ્ચિંત, કેળવવા શરણભાવ, મથેલો જે.

જીવનમાં નમ્રતા પૂર્ણ થકી એ શૂન્ય બનતામાં
-પ્રવેશાયે જીવન ચેતનતણા ક્ષેત્રે શું અંતરમાં !

હરિઃૐ

## બધું આ દિલ જાણે છે

કશુંક બનતાં મેં કારણને અવરજનમાં, પરિસ્થિતિમાં,
વળી સંજોગમાં તે તે બીજામાં ધારવા કર્યું છે.

‘પરંતુ જે થતું તેનું ખરું મૂળ તો શું અંદર છે !
ઊંડું ઊંડું મથન કરતાં હૃદય આખર જણાયું તે.’

અને શા સાવ નાનકડા જીવનના સત્ય **આ** કાજે
પડેલું કેવું મથવું તે ! બધું **આ** દિલ જાણે છે !

મથામણની ક્રિયામાંથી જીવન નવનીત લાધ્યું છે,
જીવનની શી કમાણી તે હવે મારી બની ગઈ છે !

હરિ:ૐ

# રહ્યો વળગી હૃદય **हरि**ને

‘હૃદય શ્રદ્ધાથી જે કોઈ ઢળે **हरि**ને ચરણ ભાવે’,
**हरि** કદી એકલો તેને રઝળતો ના મૂકી દે છે !

હૃદય તે સત્ય ઊગવાથી **हरि**નાં ચરણ પકડીને
-**हरि** કેડો ન છોડ્યો છે, રહ્યો વળગી હૃદય **हरि**ને.

સ્મરણ, દિલ પ્રાર્થના, કીર્તન, ભજનભાવે હૃદય **हरि**માં,
-પરોવાવા મથેલો શો ! બધું સોંપ્યા કરી પદમાં.

કંઈ જ પરિણામની મનમાં કરી છે ઝંખના મેં ના,
‘**हरि** પર માત્ર આધાર ધર્યા કરવો,’ ચહ્યું દિલમાં.

હરિઃૐ

# હૃદય અભ્યાસ પાડ્યો છે

'મનાદિમાં **હરિ** રંગ, **હરિ** રસની જમાવટને'
-પૂરેપૂરી જમાવાને હૃદય અભ્યાસ પાડ્યો છે.

જીવનનું જે બધું મારું **હરિ**ને સોંપતા રહીને,
હૃદય નિશ્ચિંતતા પૂર્ણ હું કેળવવા મથેલો જે.

જીવંતો આત્મવિશ્વાસ, ભરોંસો દિલ **હરિ** પરનો,
**હરિ**ને સોંપવામાં તો ખરો ખપનો જ લાગ્યો શો !

જીવનમાં કેળવાયા તે વિના સંપૂર્ણ **ગુણ** એવા,
**હરિ**ને સોંપવાનું તો બને છે યોગ્યતાથી ના.

છતાં દિલ પ્રાર્થનાનો ને નિવેદનનો હૃદય ઊંડો
-સતત અભ્યાસ પાડી, તે કર્યો અભ્યાસ શો જીવતો !

હરિઃૐ

## મથ્યો હું પ્રાર્થના મદદે

જીવનના કંઈક પ્રશ્નોના મળે જ્યાં યોગ્ય ઉત્તર ના,
બહુ મથવા છતાં કોઈ ઉકેલ ત્યાં મળંતા ના.

હૃદય મેં પ્રાર્થનાકેરો સહારો દિલ લીધેલો છે,
થવા જે તે-નો ઉકેલ મથ્યો હું પ્રાર્થના મદદે.

બધું જે જે થતું તે તે **हरि**ને સૌ નિવેદ્યું છે,
નિવેદીને પદે નિશ્ચિત, થતો સંપૂર્ણ હું હૃદયે.

સહારો પ્રાર્થનાકેરો જીવનમાં શો મળેલો છે !
'જીવનમાં શક્તિની લક્ષ્મી,' જીવન તેથી મળેલી છે.

હરિઃૐ

## ઢળેલો છું હરિપદ તે

જીવનમાં કેવી કમબખ્તી, પ્રગટી મુજને હલાવ્યો છે !
ધમાચકડી શું તોફાન, જીવન એણે મચાવ્યાં છે !

અશાંતિ, દિલ સંઘર્ષણ જીવનમાં ઉપજાવ્યાં છે,
બધું તે પાડતાં થાળે, મને દમ નાકે આવ્યો છે.

થતું જ્યાં સર્વ ઊંધું હો, અનુકૂળતા પ્રતિકૂળ છે,
હૃદય ત્યાં પ્રાર્થનાકેરો સહારો દિલ લીધેલો છે.

ચરણ નિવેદી નિવેદી થતું જે જે બધું તે તે
-સતત ખાલી થયા કરીને, ઢળેલો છું **હરિ**પદ તે.

હરિઃૐ

# ધપવવાને મથાવ્યો છે

અભિલાષા જીવનની તે હૃદયથી સેવી સેવીને !
વર્તને યત્નથી તેને સહેતુક આચરેલી છે.

અભિલાષા થઈ જીવતી વધુ તેજસ્વી તે થઈને,
ધપવવાને મથાવ્યો છે, મને ગોદાટીને એણે.

ઠરી ના ઠામ ઠેકાણે, કદી ના બેસવા દીધો,
સતત સંકોરી સંકોરી, જીવન સંકેલતો કીધો.

જીવનના કેંદ્રબિંદુના ગરક જે શૂન્ય બિંદુએ
-ઊંડે ઊંડે જ સંકેલી, તરી, ઠામે કરેલો છે.

હરિઃૐ

# મદદ ગેબી મળેલી છે

નિરાશામાં, હતાશામાં, ગમે તેવી ભલે હો તે,
કદીક હારી જવાતામાં, મદદ ગેબી મળેલી છે.

છૂપો, છૂપો, રહી કેવો શું પ્રોત્સાહિત કરેલો છે !
ગમે તેવું થતાં તોયે ઢીલો પડવા ન દીધો છે.

ઢીલા પગ જ્યાં થયેલા છે, નસો તૂટતી રહેલી છે,
વળી કમર ગયેલી છે, તને ત્યાં સાદ પાડ્યો છે.

મને ત્યાં ગડમથલ ત્યારે કરાવીને, કરાવીને,
બનવવા સાબદો હૃદયે શી થાબડી પીઠ મુજ છે તેં.

હરિઃૐ

# એકાગ્ર થવાતાં, કેળવાયા છે

સમસ્યાઓ જીવનમાં તો અનેકે રીત જાગી છે,
હૃદયની સ્વસ્થતાથી શો મથ્યો ઉકેલવાને તે !

સમસ્યાઓતણો ઉકેલ જરૂર તે માગી દિલ લે છે,
તટસ્થતા પૂર્ણ ભરપૂર, મતિની ચકોરતાયે તે.

બીજું પણ એવું જુદું કંઈ, બધાં જે ઉપકરણ તે તે,
થતા અભ્યાસે એકાગ્ર થવાતાં, કેળવાયા છે.

સતત તે સાવધાનીની, પૂરી કિંમત ચુકાવીને,
**હરિ**ચરણે જ શિર મૂકી જીવન મૂલવી શું લીધું છે !

હરિ:ૐ

# પરીક્ષાથી જણાયું છે

ભયંકરમાં ભયંકર શી કસોટી ફૂટી નીકળીને
-કદીક ગભરાવી મૂકી દિલ, પરેશાન જ કીધેલો છે.

છતાં કેવી કૃપા તારી હૃદય તેં હામ બક્ષીને
-ધીરજ પ્રેરી ઊભો રહેવા મદદ પ્રત્યક્ષ કીધી છે.

ખરેખર દિલ લથડેલો ટકી જીવન શકેલો જે
-પથે ડગલાં જ ભરવાને કસી કમર ઊભેલો તે.

કસોટીથી જ **ગુણ ભાવ**તણી કિંમત જણાઈ છે,
'જીવન છે કેટલામાં તે,' પરીક્ષાથી જણાયું છે !

હરિઃૐ

# પ્રસાદી એવી ચાખી છે

ખર્યા વિના જૂનું, ક્યાંથી નવું તે ઊગવાનું છે ?
નવું ઉગાડવા જીવન લગન તેથી લગાડી છે.

નૂતન પ્રગટાવવા અંતર, હૃદય જોશ જ લગાડ્યું છે !
જરૂર તેથી જ તો ફણગો ઉપર ફૂટવા જ લાગ્યો છે.

થતાં એવું જૂનું જે જે, બધું ખરતું થયેલું છે,
નવાનો વેગ અંદરથી ઉપર ધસવા મથેલો છે.

‘જીવન પાંગરતું એ રીતે કૃપાથી તો થયેલું છે,’
જીવનમાં કેટલી વાર પ્રસાદી એવી ચાખી છે !

હરિ:ૐ

## થતી એકાગ્રતા રહી છે !

જીવન વિકાસ કરવાની મળેલી તક મને શી તે !
ખરે ! અણમોલ પળ પકડી હૃદય લેવા, કૃપા તે છે.

જીવનમાં નિજનું કર્મ કર્યાં કરવા વિશે હૃદયે
-થતાં ગુલતાન સંપૂર્ણ, થતી એકાગ્રતા રહી છે.

'મળેલું કર્મ ઉત્તમમાં રીતે ઉત્તમ થતાં જીવને'
-હૃદય અભ્યાસથી તેવા **ગુણો ભાવો** ખીલેલા છે.

'ધરાઈ સાવચેતી ને હૃદયમાં સાવધાનીયે,'
લગની તે ધ્યેયની દિલની જરૂર દર્શાવી શી દે છે !

હરિઃૐ

# જીવન સદ્ભાગ્ય મુજ તે તો

વલણ અપનાવવા ન્યાયી જીવનમાં યત્ન કીધા છે,
કદીક હાર્યો, કદીક જીત્યો, વલણ કિંતુ જીવંતું તે.

જીવનના સત્પ્રયત્ન જ ને ફળવવા જાગૃતિશીલ શો
-કૃપાથી તો રહેવાયું ! જીવન સદ્ભાગ્ય મુજ તે તો.

જીવનનું સાવ નાનકડું પગલું **આ** તો ખરેખર છે,
પરંતુ આચરાતાં તે કંઈક નવતર જડેલું છે.

થતાં તે આચરણ મધ્યે કંઈક ખેલેલ સાહસ છે,
જરૂર તેમાંથી ઊતરવા પૂરો પાર મથ્યો શો જે !

હરિઃૐ

# જરૂર ચેતાયું તેથી છે

કંઈક વેળા જીવનમાં મેં તિરસ્કાર કરેલો છે,
દગો, નિંદા, શી ઉદ્ધતાઈ, શી ગફલતથી થયેલાં છે !

ઊંડું પસ્તાઈ, પસ્તાઈ, ક્ષમા માગી લીધેલી છે,
પ્રવાહે **ભાવ** ને **ગુણ**ના વહેવાનું સ્વીકાર્યું છે.

સ્ખલન એમાંય જીવનમાં કંઈક વેળા થયેલું છે,
જીવનનો પટ મળ્યાથી તો જરૂર ચેતાયું તેથી છે.

જીવનના ધ્યેયના યત્ને હૃદય ભાવેથી વળગીને,
નિરંતર ચાલવાનો શો પુરુષાર્થ થયેલો છે !

હરિ:ૐ

## પથે મંડ્યો રહ્યો જીવને

જીવનમાં પ્રેમદુષ્કાળ, દગો, ફટકો, શી ઉદ્ધતાઈ,
વળી નિંદા અને દ્વેષ, અદેખાઈ ભરેલાં છે.

મળે તેને હૃદય તેથી ચહી ચહીને, સ્વીકારીને,
જીવનને પ્રેમના ભાવે હૃદય પ્લાવિત કરેલું છે.

જીવનમાં **ગુણ** ને **ભાવ** બઢવવા શો મથેલો જે !
થવા વિસ્તાર ઉભયનો પથે મંડ્યો રહ્યો જીવને.

મળ્યો દિલ જે વડે લાભ જીવનમાંનું હૃદય મુજ તે,
મળેલાંમાં શું રેડીને ! સહાનુભૂતિ ધારી છે.

હરિઃૐ

# અદીઠ શું તત્ત્વ ગૂઢ જ જે !

ગરીબને જીવવા માટે બધો આધાર **हरि** પર છે,
છતાં પ્રત્યક્ષ આધાર જગત પર દેખીતો શો તે !

અનુભવીને જગત કેવું નિમિત્તરૂપ પોતે છે !
નિમિત્ત અંતરે પણ શો **हरि** પોતે રહેલો છે !

જગતને તો અનુભવીશું નર્યું તે માત્ર સ્થૂળરૂપે !
કશું પણ તે જ તે રીતે કદીયે દિલ ન પરખે છે.

બધું દેખાય જે તે કંઈ નર્યું તે તે જ, તે ના છે,
સમાયેલું હૃદય તેને અદીઠ શું તત્ત્વ ગૂઢ જ જે !

હરિઃૐ

# પ્રસાદી સદ્‌ગુરુની તે

કદીક ઓચિંતો ખૂબ ભાવ ઊછળતો દિલ ફૂટ્યો છે,
બધા અવરોધ તોડીને કહીં તે પાર પહોંચ્યો છે.

નહિ વૃત્તિ, ન વિચાર, ન મન તે વેળ ઊઠે છે,
નિજાનંદે હૃદય મસ્ત ઊછળતો ભાવદરિયો છે.

જીવનમાં તેવી પળનોયે ખરો ઉપયોગ કીધો છે,
લૂણો લાગેલ જ્યાં, તેનો પૂરો લેપ જ લગાડ્યો છે.

જીવનમાં **ભાવ**થી **ભાવ** કમાવાનું શીખેલો જે,
પ્રસાદી સદ્‌ગુરુની તે મળેલી કામ લાગી છે.

હરિઃૐ

# નિવેદ્યાં મેં કરેલું છે

હૃદયથી પ્રાર્થનાનો શો સહારો દિલ લીધેલો છે !
દિવસમાં કેટલી વાર હૃદયમાં પ્રાર્થના થઈ છે !

થતું જે જે, વિચારો ને ઊગંતી વૃત્તિ, બધું તે તે
-સમર્પ્યાં તે કરી ચરણે, નિવેદ્યાં મેં કરેલું છે.

સકળ મુજ કર્મ વ્યવહારે **हरि**ને સાદ પાડ્યો છે,
કરી કરી પ્રાર્થના દિલથી હૃદય નિરાંત વાળી છે.

હૃદયની પ્રાર્થનાથી બળ મને અંતર મળેલું છે,
હૃદય **पुरुष** સુષુપ્ત જ જે શું મંડે જાગવા દિલ તે !

હરિઃૐ

## હવે રમવા ગતકડાં સૌ

જીવનમાં જીવવાવારો હવે આવ્યો જ શો સુખમાં !
જીવનને મહાલવા વિના બીજો ધંધો અમારે ના.

જીવનની આળપંપાળ કૃપાથી શી ઊડી ગઈ છે !
હવે રમવા ગતકડાં સૌ **हरि** સાથે મળેલાં છે.

લીલા અગમ્ય ને સૂક્ષ્મ શી અવર્ણનીય અદ્‌ભુત તે
-થતાં બુદ્ધિ જ પ્રજ્ઞા તે અનુભવમાં પ્રકાશે છે.

બીજાને જે ન સમજાયે, શું પ્રજ્ઞાને સમજ દિલ તે,
કર્યા વિણ સાધના ઉત્કટ મતિ પ્રજ્ઞા બને ના તે.

હરિઃૐ

# હૃદયથી ભાવ સ્ફુર્યો છે

પથે જે જે મળ્યું તેને સ્વીકારીને, સ્વીકારીને,
જીવનના ધ્યેયને બાધક થતાં, તે તે જ છોડ્યું છે.

'મનાદિને જીવનધ્યેયે પરોવી ધારવા હૃદયે
-જીવનના ટેકને જીવતો રહેવા,' લક્ષ ધાર્યું છે.

લગનની ધૂન મનાદિમાં જીવન ધ્યેય પરત્વેની
-હૃદયભાવ વિના **એને** શકાઈ ના લગાડી શી !

મનન ચિંતવનના અભ્યાસે, થતાં પૃથક્કરણ જીવને
-જડ્યા અવરોધ તે ટળતાં, હૃદયથી ભાવ સ્ફુર્યો છે.

હરિઃૐ

# ખરો ખપમાં જ આવ્યો છે

થયેલાં તપ તપશ્ચર્યા થકી ઊગ્યું મનોબળ જે,
ખરેખરું દિલ મક્કમ, દૃઢ, મરણિયા ટેકવાળું છે.

નકારાત્મક વલણમાં જ્યાં ભળાતાં, ત્યાં મનાદિને
-ટકોરી, તુર્ત સંકેલી શું લેવા ! કામ લાગ્યું તે.

ટકી રહેવા જીવંતું દિલ જીવન ધ્યેયે જ મસ્તીએ
-મરણિયો ટેક પ્રગટેલો ખરો ખપમાં જ આવ્યો છે.

જીવનની સાધનામાંથી નીપજતા ગુણ, તેનોયે
-થવા વિકાસ આગળ તો પૂરો ઉપયોગ કીધો છે.

હરિ:ૐ

# કળા ઉપયોગની મળી છે

જીવનને આકરી, ઉગ્ર ભયંકર તાવણીમાંથી !
-પૂરું તારવવા દિલ શક્તિ મળી શી સાધનામાંથી !

નફાનોયે પૂરેપૂરો કરે ઉપયોગ વેપારી-
જીવનધંધો ખીલવવાને, જીવન વર્તાયું તે રીતથી.

નકામું તો કશું એળે જીવનમાં ના જવા દીધું,
થતો ઉપયોગ જેવો હો જીવન તેમ કર્યાં કીધું.

જીવન ઉપયોગથી કેવું હૃદયબળ તો મળેલું છે,
જીવન ઉપયોગ વર્તનથી કળા ઉપયોગની મળી છે.

હરિઃૐ

## શું નિશ્ચયબળ મળેલું છે !

અનેકે વાર જીવનમાં પડ્યું સંકોરવું મનને
વળી સંકેલવાનુંયે કર્યાં કેવું કરેલું છે !

મરણિયો દિલ નિર્ધાર વિના પ્રગટેલ સંપૂર્ણ,
ન કંઈ સંકેલવું શક્ય, ન કંઈ સંકોરવું શક્ય.

લીધેલું કર્મ સંપૂર્ણ થવા પાર જીવનમાં તે,
સતત મંડ્યા રહી ખંતે ઘણો ઉદ્યમ થયેલો છે.

‘જીવનમાં યત્નશીલ ભાવે રહેવાયું જ હરદમ જે,’
જીવન વર્તન થકી તેવા શું નિશ્ચયબળ મળેલું છે !

હરિઃૐ

# કૃપા પુરુષાર્થની શી તે !

જીવનમાં યોગ્ય રહેવાવા **હરિ**ની ઓથ માગી છે,
સહાનુભૂતિ ને હૂંફ મદદ માટે શું વીનવ્યો છે !

સુષુપ્ત જે પડેલું છે, જીવન ચેતન હૃદયમાં જે,
છતું પ્રગટાવવા તેને થતો પુરુષાર્થ કીધો છે.

હૃદય પુરુષાર્થી રહેવાથી નિરાશામાં પડાતાંયે
-તરત નીકળી જવાયું છે, કૃપા પુરુષાર્થની શી તે !

થતું જે જે રહ્યું તેમાં, **અહમ્** ના લેશ ધાર્યું છે,
જીવન ચેતન રહેલાની કૃપાની તે રમત લહી છે.

હરિઃૐ

# હૃદય પ્રાર્થ્યાં કરેલો છે

જીવનમાં કારમા છોને ભલે સંજોગ પ્રગટ્યા તે,
કૃપાથી નમતું જીવનમાં છતાં મેં તો મૂક્યું ના છે.

મરીને છો થઈ કટકા જવાતું હો ભલે, તોયે
-લીધેલું પાડવા પાર પૂરેપૂરો મથેલો જે.

જીવનમાં માત્ર અવલંબન મને પોતાનું **એકજ** છે,
જીવનમાં સર્વ આધાર **હરિ**ના એકલા પર છે.

નિરંતર દિલમાં કેવા **હરિ**ને મેં ભજેલા છે !
**હરિ**ને રાખવા લાજ હૃદય પ્રાર્થ્યાં કરેલો છે.

હરિઃૐ

# સુગમતા શી મળી ગઈ છે !

જવાતાં આડફંટે તે કદીક મુજથી જીવનમાં તો
-જીવન હેતુની લગનીની શી જાગૃતિએ જગાડ્યો શો !

અજંપા ને કઢાપા શા જીવનમાં સાંપડેલા છે !
છતાં તેવી સ્થિતિમાંયે સ્મરણ જીવંત ચાલ્યું છે.

નવે ગુણ શા સમાયેલા કંઈ નવ બોલવામાં તે,
હકીકતમાં ઊંડું ઊંડું ગળે ઊતરી ગયેલું છે.

અવરજન સાથ તેથી તો જીવનમાં મૌન પાળ્યું છે,
**हरि** ગમ તેથી વળવામાં સુગમતા શી મળી ગઈ છે !

હરિઃૐ

## મળેલાં છે હવે ફળ તે

જીવનમાં કલ્પનાશીલ હું જીવન ઘડવા રહ્યા કરીને
-કરીને તે વિશે ચિંતન થવા ઘડતર મથ્યો છું જે.

જીવનની સૂઝ સમજ શી શી મળ્યાં જે જે કરેલી છે !
હૃદય ભાવેથી ઉપયોગે લીધા મેં તો કરેલી છે.

વિશદ સંપૂર્ણ જીવનને ઊંડું હૃદયે બનવવાને,
રહ્યા કરી દિલ ચિંતનશીલ શું અંતર ઊતરાયું છે !

જીવનના હાર્દની અંતર પ્રવેશાવા જ એ રીતે,
કૃપાથી જે મથાયું છે, મળેલાં છે હવે ફળ તે.

હરિઃૐ

# ન મળજો શત્રુનેયે તે

અતિ કપરા જ જોખમના દિવસ શા કષ્ટમય જીવને
-મને જે સાંપડેલા છે, ન મળજો શત્રુનેયે તે.

છતાં તેવાય દિવસો તો વહી કેવા ગયેલા છે !
દિવસ તેવા મળ્યા તેમાં ન ઉધમાતો કરેલા છે.

ઊભળતા પ્રશ્નની ઊંડી થતી શી ગડમથલ રહી છે !
જીવનમાં તેવી ગડમથલે હૃદય ચેતાવી દીધો છે.

થયો જ્યાં ચેતતો દિલમાં બધાંની સૂઝ છતી થઈ છે,
જીવનમાં કંઈક અજવાળું હૃદય તેથી પડેલું છે.

હરિ:ૐ

# તેને મળે રક્ષા

જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે સંગ્રામ જે જન્મે
-ઊંડો, ઊંડે જ દૈવાસુરતણો કેવો અકલ્પ્યો જે !

કંઈક વેળા, પૂરેપૂરા, જતાં હારી જ **देवो** તે.
પછીથી તે **हरि** આગળ જઈ બળ પ્રાપ્ત કરતા છે.

પથે તે ઊર્ધ્વમાં એવા જુદા જુદા પ્રકારે તો
-ઊગે સંગ્રામ તેનોયે પડે શો સામનો કરવો !

જરૂર શી દૈવીશક્તિની પડે સંગ્રામમાં તેવા,
બધી રીતે, બધા ભાવે શરણ, તેને મળે રક્ષા.

ઊગ્યાં સાધનમાં પુરુષાર્થ થયા કરતાં, થયા કરતાં,
મળેલું બળ જીવનમાં તે ખપ્યું શું યુદ્ધ લડવામાં.

હરિઃૐ

## हरि ત્યારે પ્રકાશે છે

**हरि**ને દિલમાં દિલથી અનુભવવો ખરેખર છે,
અનુભવવો કઈ રીતે ? **हरि** સાકાર તો ના છે.

ભલે સાકાર ના હોય, છતાં ઐશ્વર્ય, સામર્થ્યે,
-થતાં સંપૂર્ણ દ્વંદ્વાતીત, ગુણાતીત મળે દિલ તે.

અનંતાનંત, કાળાતીત, સ્થળાતીત પણ **हरि** શો છે !
**हरि**ના ગુણધર્મો તે જીવન પ્રગટાવવાના છે.

પ્રગટતાં તે ગુણો પૂર્ણ થતી ત્યારે ભૂમિકા જે
-અનુભવમાં પ્રગટતાં તે, **हरि** ત્યારે પ્રકાશે છે.

હરિઃૐ

# પછી ના વાર લાગી છે

નિવેદન, પ્રાર્થના, કીર્તન, ભજન, સુમિરન, કર્યાં કીધાં,
હૃદય તે ધૂનની તાને થઈ એકાગ્રતા મનમાં.

થતાં એકાગ્રતા મનમાં, થયાં સાધન કરેલાં જે,
શી તન્મયતા હૃદય વ્યાપી ! **હરિ**માં ચિત્ત ચોંટ્યું છે.

અને જ્યાં લક્ષ ચોંટ્યું છે, થતાં સાધન વિશે મુજને
-હૃદય પડવા જ રસ લાગી, તદાકાર જ થવાયું છે.

હવે તો શાં મનાદિ પણ પલળવાં દિલ લાગ્યાં છે,
જવા ચોંટી **હરિ**માં દિલ પછી ના વાર લાગી છે.

હરિઃૐ

## પ્રસાદી તે હરિની છે

જીવન ઉત્ક્રાંત કરવાને અભિલાષા હૃદય મારે
-હતી ધગધગતી અગ્નિની સમી પ્રગટેલ શી ભારે !

જીવનમાં જો મથાયું છે, તમન્ના તેવીને લીધે,
કંઈક તે જન્મના ઊંડા, ઊંડા સંસ્કારનું ફળ તે.

કૃપા, સંજોગ ને કાળ, થવો પુરુષાર્થ ઘટતો જે
-થવો મેળ બધાંનોયે પ્રસાદી તે **હરિ**ની છે.

થતો એવો જીવનમાંનો સુમેળ શો બધી રીતનો !
કૃપાથી લાભ લેવાને મને એણે જ સળગાવ્યો.

હરિઃૐ

## हरि એવો ધણી મુજ છે

**हरि** સમ માતબર કોઈ સમર્થ ના જીવનમાં છે,
રહેલો અંતરે મારે **हरि** એવો ધણી મુજ છે.

મને એણે ટકોર્યો છે, પડંતાં ભાળ લીધી છે,
જતાં હારી પડાતામાં મને પકડી જ રાખ્યો છે.

નિરાશામાં પૂરેપૂરો થતાં ગરકાવ તેં મુજને
-ગ્રહી મુજ હાથ શો ઉપર ! પથે તેં લાવી મૂક્યો છે.

ગમે તેવી ભલેને થઈ હશે ભૂમિકા જીવનની તે,
છતાં તેમાં હૃદય તુજને ભૂલી ચૂક્યો નથી સહેજે.

હરિઃૐ

## મને શો તારવેલો છે !

શ્રીસદ્‌ગુરુ દિલ રણકારે જીવનમાં ભાગ ભજવ્યો છે,
મને રણકારી, પ્રેરાવી, પથે ચલવ્યા કરેલો છે.

કદીક પંથે હું ખચકાયો, કદીક લપસી પડેલો છું,
કદીક ભૂલો પડેલો હું, પડ્યો રણકાર ત્યાં શ્રવણે.

હૃદય રણકાર તારાથી, હૃદય પોરસ ચઢે છે જે,
શકે ના કોઈ અંતરમાં વિના અનુભવ પિછાની તે.

ભયંકરમાં ભયંકર શી જીવન આપત્તિ વેળાયે
**हरि** તુજ પ્રેમ રણકારે મને શો તારવેલો છે !
લલકારે

હરિ:ૐ

## જીવું ધારી હરિ દિલથી

અસાધારણ મથામણ જે ઊંડી ઊંડી થયેલી છે
-અસર તેની જીવન વિશે ન ઊપસ્યા વિણ રહેલી છે.

જીવનમાં સર્વ જે જે કંઈ થતું, બનતું રહેલું છે,
બધાં તે તે વિશે હેતુતણું ભાન જ રખાવ્યું છે.

શી તીવ્ર સભાનતાયે તે જીવન મુજને ઘડેલો છે,
ચરણ ઢળવા હું શો પાત્ર કૃપાથી તો થયેલો જે !

ચરણકમળે શરણ રહેવા પળેપળની જ દિલ ભક્તિ
-હૃદય જીવંતી ટકવાને, **જીવું** ધારી **હરિ** દિલથી.

હરિઃૐ

# **हरिनी સહાય માગી છે**

જીવનમાં બંધનોની શી પકડ જે નાગચૂડ સમ છે !
થવાવા મોકળા તેથી કૃપાથી ભાન જાગ્યું છે.

અને તે ભાનથી કેવું લઢાયા તો જવાયું છે !
ત્યહીં સંગ્રામ ખેલાતાં, **हरि**ની સહાય માગી છે.

**हरि** શો દિલની અંદર મથામણને વિશે **જીવે**,
થતા પુરુષાર્થમાં **हरि** તે મદદ પ્રેર્યાં જ કરતો છે.

સતત મથતાં, સતત મથતાં, બધો આધાર **हरि**ની પર
-જીવંતો ધારી, ધારંતાં ટક્યું શું ડગમગ જીવન !

હરિઃૐ

# हरिने સાદ પાડ્યો છે

જીવનમાં અંધકાર જ શો પૂરો જામી ગયેલો છે !
છતાં દૃઢ આત્મવિશ્વાસ ‘કિરણ તેજ થવાનું છે.’

બધી ચિંતા જ જાણે કે શિરે મુજ સવાર થઈ ગઈ છે,
સ્મરણ ને પ્રાર્થના દિલથી કર્યાં મેં શાં કરેલાં છે !

નમાલા સાવ થઈ જઈને શિરે કર બે લગાડીને,
નિરાશામાં પડી જાતાં, **हरि**ને સાદ પાડ્યો છે.

હૃદયના આર્તનાદે શો, અદીઠ એવો અગોચર તે
–ચમત્કાર શું સર્જાયો ! જીવન જીવતું કરાવીને.

હરિઃૐ

# हरिમાં જોડી દેવાં છે

મહોબત દિલથી કરવાની હૃદયથી વારી વારીને,
**हरि**ની સાથ જીવનમાં હૃદયની જુમ્મેદારી છે.

મનાદિને હૃદય સાથે હજી ના મેળ બેઠો છે,
સુમેળે ઉભયને **हरि**માં જોડી દેવાં છે.

હૃદયનું સહેલુંસટ કામ, મનાદિનું કઠિન શું તે,
હૃદયરંગ ધીરે ધીમે મનાદિનેય વળગ્યો છે.

હૃદયને રંગ જે લાગ્યો ઊંડે ઊંડે જ અંતર જે
-પ્રસરતો તે રહી કેવો મનાદિમાં પ્રવેશ્યો છે !

હરિઃૐ

## હરિરસ સાંપડેલો છે

'પરિસ્થિતિ જીવનની શી પૂરી વણસી ગયેલી જે',
કૃપાથી દિલ ઉલઝણથી હૃદય ચેતી જવાયું છે.

હૃદય ચેતી સતત કેવી મથામણમાં દિવસ કાઢ્યા !
જીવનસંગ્રામ ખેલાયો, છતાં ના કારમા લાગ્યા.

જીવન રળવા લઢણ લાગી, જીવન જીવવાતણી હૃદયે
-થવા ખુવાર સંપૂર્ણ ચરણઅમૃત પીવાને.

જીવનનો યજ્ઞ સંપૂર્ણ ફનાગીરી, સમર્પણનો,
હૃદય ભક્તિથી આચરતાં **હરિરસ** સાંપડેલો છે.

હરિઃૐ

## हरि તુજ હાથ શો તેમાં !

શી અણધારી જ ઓચિંતી મદદ અનહદ કરાવીને
-જીવનમાં કેટલા કેવા પ્રસંગો દઈ બતાવ્યું છે !

બલિહારી પ્રભુ તારી શી પ્રત્યક્ષ જીવનમાં તે !
જુદા જુદા જીવનમાંના પ્રસંગોએ પિછાણી છે.

મળંતાં કર્મ નિમિત્તે જુદા જુદા જીવોને તે
-ભળાવી શા દઈ મુજને ટૂંકાવ્યો કાળ શું તેં છે !

**हरि** તુજ ભાવ પ્રેરવવા મળેલા **જીવ**ના હૃદયે
-મળ્યું પ્રત્યક્ષ તે કર્મ ખરેખર યોગ્ય જીવન છે.

હૃદય મુજ રેડીને તેમાં ધરેલી છે અભિમુખતા,
હવે મળવો જ જયવારો **हरि** તુજ હાથ શો તેમાં !

હરિઃૐ

## બધું ડહાપણ **हरि**નું તે

શું આડુંઅવળું બનતાંમાં મને સંભાળી લીધો છે !
ભરોંસો, આત્મવિશ્વાસ, હૃદય તેથી જીવંતા છે.

રીઝી જઈ તેં **हरि** મુજ પર કદીક ઉપરાણું લીધું છે,
કદી તેં મુજને કેવો શું પાણીછલ્લો કરિયો છે !

પનારે તુજ પડેલાનું ફરી **आ** મૂર્ખ બુડથલને
-ઘટે ઠપકારવો જેવો ઘડી ત્યમ, યોગ્ય તું કરજે.

બહુ વેળા જ શિખવાડ્યું, છતાં ડહાપણ ન આવ્યું છે,
પથે કુટાતાં, અથડાતાં કંઈક સમજણ ઊગેલી છે.

કદીક બુદ્ધિને લાગે કે ‘અહા ! ડહાપણ શું મુજ તે છે !’
પરંતુ દિલ સમજાયું ‘બધું ડહાપણ **हरि**નું તે.’

હરિઃૐ

# પદેપદ શી કૃપા તારી

લડાવ્યો છે, પટાવ્યો છે, વળી ઠપકાર્યો મુજને છે,
બધી તુજ તે રીતોથી તેં શું પથદર્શન કરાવ્યું છે !

અનેકે વાર હાર્યો છું, પથે પાછું પડાયું છે,
તહીં તુજ પ્રેમઈશારે હૃદય પાનો ચઢેલો છે.

કદીક તેં થાબડી પીઠ છે, હૃદય હિંમત શી પ્રેરી છે !
થઈ ગળિયો જ બેઠેલો, ઊભો તેને કરાવ્યો છે.

થયેલું ને થતું જે જે,કૃપા તારીથી બનતું જે,
પદેપદ શી કૃપા તારીતણાં દર્શન થતાં રહે છે !

હરિ:ૐ

## હૃદય વહાલપના અણસારે

શ્રવણ પડતાં જ ડચકારા દિશાની ગમ પડે મુજને,
હૃદય વહાલપના અણસારે હૃદય ટાઢક શી વળતી છે !

ખરેખર ક્રૂર તુજ પંજો કદીક વાગેલ મુજ શિરે,
મને ભમતો જ અટકાવી, ગતાગમ દિલ પડાવી છે.

**हरि** ! તુજ ક્રૂર પંજાનાં થતાં દર્શન વિશે મુજને,
-રહમ તારીતણાં દર્શન હૃદય રૂડાં થયેલાં છે.

જુદી જુદી રીતે પથમાં કૃપા કરીને વળાવ્યો છે,
પડાવ્યું ઠામ ઠેકાણું પ્રસાદી શી કૃપાની તે !

હરિ:ૐ

# જીવન ઘડવાની જે રીત છે

ઈશારા તુજ તરફથી તે મળ્યા કેવા કરેલા છે !
સ્વયંપ્રેરિત તેથી દિલ પથે ગાડું જ ગબડે છે.

પથે વાંકુંચૂકું બનતાં ઈશારો તુજ નયનકેરો
-મને શો પાંશરો બનવી, સીધે રાહે મૂકી દે છે !

**हरि** ! સંભાળ તું મારી અનોખી રીતથી લે છે,
કદીક ભાંડે, કદીક મારે, વળી કદી વહાલ પણ દે છે.

'સકળ વર્તન વિશે તારા જીવન ઘડવાની જે રીત છે,'
હૃદયના નિત્ય અભ્યાસે હૃદયમાં તે જડાયું છે.

હરિઃૐ

## પ્રભુપ્રીત્યર્થ સાધ્યાં છે

જીવનના સ્વાર્થને વિશે કદી પણ ના વિચાર્યું છે,
મળ્યાં સંસારનાં કર્મો પ્રભુપ્રીત્યર્થ સાધ્યાં છે.

અભાવો તોય જીવનમાં કરી શો ડોકિયાં જામે,
શું રણ વેરાન, ઉજ્જડ તે જીવન શુષ્ક જ બનાવી દે !

હૃદયનું પ્રાર્થના સાધન ખરું ખપનું જ લાગ્યું છે,
શું કરગરી પ્રાર્થતાં હૈયે ખરો શો ભાવ જાગે છે !

'નિરંતરનો થવા ભાવ બધાં આધારનાં કરણે'
-કૃપાથી આવડ્યા તેવા પ્રયત્નો આદરાયા છે.

હરિઃૐ

# છતાંયે ઠેરના ઠેર

હંમેશાં તુચ્છ તુજ આગળ **अहम्**થી શા ફુલાયેલા,
અમારી બુદ્ધિનો ફાંકો અમે શો રાખતા દિલમાં !

વળી સમજણ અમારી જે 'પૂરેપૂરી જ સાચી છે,'
જીવનમાં એમ માની દઢ અમે ચાલ્યા કરેલું છે.

બહુ ખત્તા અમે ખાધા છતાં સુધર્યા નથી સહેજે,
ગળાવાને **अहम्** નિજનું બહુ મોકા મળેલા છે.

છતાંયે ઠેરના ઠેર અમે કેવા રહેલા તે !
હવે તારે ચરણ કેવી કરામતથી ઢળેલા તે !

હરિઃૐ

# સદા દિલ લક્ષ સેવ્યું છે

બધી ભૌતિક વસ્તુથી સદા પર રાખવા મનને
-ધીમે ધીમે પલાળી મન, મથેલો જીવવા જીવને.

વિષયમાં સર્વ સાંસારિક, વિચારોમાં જ ભૌતિક જે
-લપેટાઈ જવાયે ના, કૃપાથી જાગૃતિ ટકી છે.

પરોવવા મનાદિને મનન ચિંતવન ઊંડે ઊંડે,
જીવનના આત્મ પ્રત્યેનું કર્યાં કરી શો મચેલો જે !

‘હૃદયના ભાવમાં દઢતા અખંડિત તે થવા કાજે,
મહત્ત્વે ઝોક અરપાવા’ સદા દિલ લક્ષ સેવ્યું છે.

હરિઃૐ

## છતાં સાધનના અભ્યાસે

જીવનમાં નાસીપાસી તો બહુયે વાર પ્રગટી છે,
ડુબાડી સાવ પાણીમાં મને તળિયે દબાવ્યો છે.

બધીયે સ્વસ્થતા દિલની ઊડી ત્યાં શી ગયેલી છે,
શું ડામાડોળ મનઃસ્થિતિ કરી સંપૂર્ણ નાખી છે !

છતાં સાધનના અભ્યાસે હૃદયમાં સળવળાવ્યો છે,
ઊંડું મંથન જગાવીને, ફરી બેઠો કરાવ્યો છે.

વળી બેઠો કરાવીને, પથે પાછો ચઢાવીને,
ધીરજ, હિંમત, ઉમળકો, દિલ ખમીર, ઉત્સાહ પ્રેર્યાં છે.

હરિઃૐ

# બધો ઈતિહાસ ન્યારો છે

ભજન, કીર્તન, સ્મરણભાવ નિવેદન પ્રાર્થના ચરણે,
-વગેરે સાધનોમાં દિલ મચ્યા કેવું રહેલું તે !

શરૂશરૂમાં બધું શુષ્ક સપૂચું કોરું લાગ્યું છે,
થતાં સાધનમાં દિલ લાગ્યું પછી રસ દિલ લાગ્યો છે.

હૃદય રસથી થતાં સાધન રૂડું પરિણામ નિપજાવે,
કૃપા કેવી **हरि**ની કે હૃદય તેમાં જ ડુબાડે !

જીવનમાં જામતો **हरि**રસ તપશ્ચર્યા ભગીરથ તે,
કૃપાથી શી થયેલી તે ! બધો ઈતિહાસ ન્યારો છે.

કૃપા વિના કશું નક્કર જીવનમાં વાસ્તવિક તે તે,
થઈ શક્યું ના હતે મુજથી, ખરેખર સાવ બુડથલ જે.

હરિ:ૐ

# પૂરો ઉપયોગ આવ્યો છે

પથે તેં કેટલી વાર મને ચેતાવી દીધો છે !
છતાં ચેત્યો ન સંપૂર્ણ, બધી મૂર્ખામી કેવી તે !

પરંતુ આખરે અનહદ કૃપા તારી શી વર્ષી છે !
બધું ઠેકાણું મુજ પાડી, નિરાંતે ત્યાં તું જંપ્યો છે.

'મને દિલ દોરનારો ને પથે સંભાળનારો છે,'
હવે ધરપત હૃદય મારે પૂરેપૂરી વળી ગઈ છે.

હૃદયને એવી ધરપતનો શું રણકાર જીવનમાં તે,
ખરી આફતની વેળાએ પૂરો ઉપયોગ આવ્યો છે.

હરિઃૐ

## ભગીરથ યત્ન કીધા છે

કૃપા તારીથી પ્રત્યેક પળેપળ જીવતું હૃદયે
-રહેવાયું જ પ્રત્યક્ષ, કૃપાની તે પ્રસાદી છે.

અનેકે દાખલા કેવા કૃપાના યાદ ઝબકે છે !
અને ગદ્‌ગદ થતું દિલ **आ, हरि** ત્યારે જ કેવું તે !

'છતાં મૂર્ખામી કીધી કે મહાપુરુષાર્થથી શા તે,
ભગીરથ યત્ન કીધા છે !' તહીં તેં શો જગાડ્યો છે !

જગાડી તેં **अहम्** મુજ પર નર્યા ફિટકાર દીધા છે,
હૃદય ચેતી જ ચેતીને શું ડગ ભરવા સુઝાડ્યું છે !

હરિઃૐ

## અજાણ્યો પંથ કેવો આ !

કૃપા-*કર તો **हरि** ! તારો જીવન પથમાં નિહાળ્યો છે !
ખરેખર તેથી મારાથી જીવન પથ પર ટકાયું છે.

અજાણ્યો પંથ કેવો **આ !** ન જેની કંઈ ગતાગમ છે,
કૃપા-*કરના જ ઈશારે પથે જ્યાં ચાલવાનું છે.

ભલે પુરુષાર્થ મેં ભારે ખરેખર ચાલવા કીધો,
છતાં મર્દાનગી પથમાં કૃપા તારીથી ફૂટી છે.

કૃપા, પુરુષાર્થનો મેળ જીવન મુજને સુઝાડીને,
કૃપા પર પૂર્ણ આધાર ધરી, જે તે થયેલું છે.

હરિઃૐ

## નશો કેવો ચઢેલો ત્યાં !

ભજન, કીર્તન, નિવેદન ને સ્મરણ દિલ પ્રાર્થના, ભાવ
-ઉમળકાથી સ્વીકાર્યાં છે, જીવન વિકસાવવા સાધન.

ઊંડે ઊંડે જ ઊતરાતાં હૃદયનો ભાવ વિકસ્યો છે,
હૃદયના ભાવથી તેવા જીવનરસ પાંગરેલો છે.

**हरि**રસની હૃદય ઝાંખી જીવન જ્યાં કંઈક પ્રગટી છે,
પછીથી તો બીજાં સાધન મળી મેળે ગયેલાં છે.

ખૂંપાતો સાધનાભ્યાસે થતો જેમ ગયો છું જ્યાં-
**हरि**રસની ખુમારીનો નશો કેવો ચઢેલો ત્યાં !

હરિઃૐ

# જીવનની શેતરંજે તો

બધી તે એકની એક **हरि** ચિંતવનની પ્રવૃત્તિ
-વિશે મશગૂલ દિલ રહીને, જીવનગાડું ચલાવ્યું છે.

કદીક ખંચકાયું છે વચમાં, કદીક અટકી પડેલું છે,
કૃપાના માત્ર બળ પર તે શું પાછું ગાડું ગબડ્યું છે !

ચલાવે તો જ ચાલે છે, બધી ચાવી **हरि** પાસે,
અમે તો યંત્રમાંની જ શી, ચીજ નાનકડી અમથી તે !

સ્વતંત્ર ચાલ કોઈ પણ અમારી આગવી ના છે,
જીવનની શેતરંજે તો **हरि**ની **चाल** નિજની છે.

હરિ:ૐ

## જીવન આ કેવું જીવવું છે ?

વ્યવસ્થિત પૂર્ણ આયોજન 'જીવન **આ** કેવું જીવવું છે ?'
'જીવનમાં શું શું મેળવવું ?' કરી તે તે વિચાર્યું છે.

'હૃદય સહકાર, સહૃદયતા સકળ જે શાણપણ દિલનું,
ધીરજ, ઉત્સાહ, ઉમંગ, સળંગે એકતાબળ શું !

હૃદયની એકનિષ્ઠાનો મહત્ત્વે ઝોક સંપૂર્ણ
-પરત્વે ધ્યેય, જીવનમાં ખરો રણકાર દે શાં દિલ !

'ગુણોના બળ વિના ધપવું જીવનના સાધનામાર્ગે
-કદી પણ શક્ય તે ના છે,' મને તેં દિલ ઉગાડ્યું છે.

હરિ:ૐ

# ધખાવી ધૂણી બેઠો છે

મહત્ત્વે મોખરે **हरि** દિલ જીવંતો ચેતનાત્મક તે
-મનાદિના કરણ વિશે ખરેખર પ્રજ્વળંતો છે.

તહીં કંઈ **જીવદશા**નું તે, ઊગંતું લાગતું જે છે,
કદી તે પ્રકૃતિ મૂળની ભૂમિકાનું ન કંઈ પણ છે.

**પુરુષ આત્મા** જ આધારે સતત ચેતેલ છે હૃદયે
-સકળ શી પ્રકૃતિ માત્ર જ **પુરુષ** આધીન ત્યારે છે.

પ્રકૃતિની રમત વિશે **પુરુષ** સાક્ષી જીવંતોયે,
**પુરુષ** શો પ્રકૃતિ અંતર અવતરી કર્મ કરતો છે !

પ્રકૃતિનાય મૂળને તે શું ફેરવવા **પુરુષ** પોતે !
પ્રક્રિયામાં નિરંતરની ધખાવી ધૂણી બેઠો છે.

હરિઃૐ

## અમે લહાવો લીધેલો છે

**हरि**ના નામના બળ પર જીવનમાં જીવવાનું છે,
જીવનમાં કૈં બીજા બળને અમે કદીયે ન જાણ્યું છે.

કૃપાની મહેરબાનીની બલિહારી અનેરી છે,
હૃદય એનો ખરેખર શો અમે લહાવો લીધેલો છે !

અમે પેઢીતણા મુનીમ, ધણીધંધો ચલાવીને,
**हरि**ના નામ પર સઘળો જીવન વ્યવહાર ચાલે છે.

ચકલીની પાંખમાં ક્યાંથી ગગન ઊડવાની ગુંજાશ !
ઊડી કેવું ગયેલા તે છતાંયે તે ગગન પાર !

હરિઃૐ

# જીવનસંગ્રામ ખેલ્યો છે

સતત કર્તવ્ય રત રહેવા હૃદય કૃત નિશ્ચયી શો હું !
જીવનની ધ્યેય નિષ્ઠાથી, હું જાગી શો ઊઠેલો છું !

કટીબદ્ધ પૂરેપૂરો થઈ સજ્જ બધી રીતે,
ધીરજ, હિંમત, પરાક્રમથી જીવનસંગ્રામ ખેલ્યો છે.

'ઘડી ગૌરવની જીવનમાં ન તે કંઈ એમની એમ
-કદી પ્રગટી શકે કોઈને' શકું તે વર્ણવી કેમ ?

જીવન ઇતિહાસની ગાથા, જીવનવળથી જ સંપૂર્ણ
-ઉકેલાતું ગયું જેમ, શું જામ્યો ત્યાં જીવનરંગ !

હરિઃૐ

# ખીલે તેવા ગુણો સૌ ત્યાં

જીવન સમૃદ્ધિ સંપૂર્ણ શકાયે ભોગવી જીવને,
સ્થિતિ નિર્માણ તે કરવા, સતત મથવું પડેલું છે.

અનાસક્તિ, નિરાગ્રહ ને શું નિર્મમત્વ, નિષ્કામ
-નિરહંકાર જીવન ને હૃદય સંપૂર્ણ નિર્મોહ !

થવાતાં તેમ જીવનમાં તપશ્ચર્યાથી ઐશ્વર્ય
-કૃપાથી જે મળેલું તે, જરૂર ભોગવવા શું યોગ્ય !

**હરિ**ની લાગતાં ભક્તિ હૃદય સંપૂર્ણ જીવનમાં,
જીવન ઉપયોગમાં આવે ખીલે તેવા ગુણો સૌ ત્યાં.

હરિઃૐ

## ન જીવ વૃત્તિ નિમિત્તે છે

મુત્સદ્દીગીરી જીવનમાં કદી પણ મેં ન જાણી છે,
પરંતુ તેવું નિમિત્ત મળંતાં, તે શી પ્રગટે છે !

અનેકે રીતનાં કેવાં નિમિત્તો જીવને મળતાં
-બધા ગુણ તે પ્રમાણેના જીવનમાં આપ શા ફૂટતા !

નિમિત્ત શા નિરાલંબ વિના આરંભ, તે તે છે,
પ્રભુપ્રીત્યર્થ સંપૂર્ણ હૃદયભાવે થતાં તે તે.

સમગ્રતા સળંગતાયે નિમિત્તહાર્દ સાથે તે
-શી જીવને સંકળાયેલ છે ! ન જીવવૃત્તિ નિમિત્તે છે.

હરિઃૐ

# જીવનમાં હું જીવંતો શો !

બધી આપત્તિઓમાંથી જીવનનું હિત થવા કાજે,
હૃદય તક શોધી શોધી તે કૃપાથી ફેરવેલી છે.

ગરીબાઈ ને અજ્ઞાન પૂરાં નિર્મૂળ કરવાને
-હૃદય પાકી હતી નેમ, જીવન ઉત્ક્રાંત કરવાને.

જીવનમાં સાઠમારીની સમા ઝઘડા મળેલા છે,
તટસ્થતાથી જ શાંતિથી કૃપાથી સૌ ઉકેલ્યા છે.

**हरि**નો હાથ મુજ શિરે સદા ગર્જંત કેવો છે !
જીવનમાં ઓથ શી મોટી જીવંતી દિલ મળેલી છે.

હૃદય નિશ્ચિંત સંપૂર્ણ, હૃદય નિર્ભય પૂરેપૂરો,
**हरि**ના હાથના ટેકે જીવનમાં હું જીવંતો શો !

હરિઃૐ

## હૃદય એણે જગાડીને

નિરાશા, તીવ્ર નિષ્ફળતા જીવનમાં સાંપડેલાં છે,
અરાજકતા, અવ્યવસ્થા શાં જીવનમાં નીપજેલાં છે !

'બધુંયે અસ્ત વ્યસ્ત જ ત્યાં જીવનમાં થઈ ગયેલું જે',
તહીં જ્યાં પામતાં દૃષ્ટિ, હૃદય શું શૂળ પ્રગટ્યું છે !

હૃદય એણે જગાડીને, મથાવીને મથાવીને
-નિરાંતે ના સૂવા દઈને પુરુષાર્થે લગાડ્યો છે.

સતત જે એકનું એક હૃદય મંથન કર્યાં કરતાં,
હૃદય મંથનનું તેવાને ખરેખર દિલ પ્રગટતું ત્યાં.

હરિઃૐ

# ભયંકરમાં ભયંકર પરીક્ષા

કશાનાં કંઈ અમારે તો ન બણગાં ફૂંકવાંનાં છે,
અમારો સર્વ હિસાબ ચરણની પાસ ખુલ્લો છે.

ધણી ધીંગો અમારા **आ** જીવનનો **श्रीहरि** શો છે !
અમે જેવા છીએ તેવા **हरि**ને દિલ વરેલા તે.

હૃદયનું સાચું સગપણ તો શું બંધાયું **हरि**પદ છે,
અમોને જાણીને નાણી **हरिए** શા લીધેલા છે !

પરીક્ષા શી ભયંકરમાં ભયંકર ખૂબ લીધી છે !
કસોટીમાં પૂરું પાર કૃપાથી ઊતરાયું છે.

હરિઃૐ

# હરિનો છે ન આકાર

હૃદય સન્મુખ, નયન સન્મુખ, મતિ, મનનીય સન્મુખ તે
-હૃદયની ભાવઊર્મિથી મથેલો છું ઠરવવાને.

**હરિ**નો છે ન આકાર, રીતે શી ધારવો **એને** ?
શ્રીસદ્‌ગુરુને હૃદય તેથી મથેલો ધારવાને તે.

શ્રીસદ્‌ગુરુ હૃદય કેવો શું તણખો છે જ ચેતનનો !
શ્રીસદ્‌ગુરુને હૃદય ચેતન શું બદલામાં જ મેં ધાર્યો !

ગરજ ઉત્કટ હૃદય મારે જીવનતત્ત્વ અનુભવવા,
રહ્યા તેથી કર્યું દિલ તે, ગરજના માત્ર વિષયમાં.

હરિઃૐ

## થવા આકાર જરૂરી તે

'ગૂંદી ગૂંદી જ માટીને શું લોંદા સમ બનાવીને'
-મુલાયમ જેવી રેશમની થવા આકાર જરૂરી તે.

જીવંતું લક્ષ પ્રેરી તે મુલાયમ પૂર્ણ બનવાને
-જીવનના ધ્યેયના ભાવે થયા વર્તન કરેલું છે.

છતાં તોયે ભુલાયું છે, સરતચૂક લક્ષની થઈ છે,
કૃપાથી પાછું તે લક્ષ પરત્વે ભાન ચેત્યું છે.

અનેકે વારના એવા થતા રહેતા પ્રયત્નોથી
-શી જાગૃતિ દક્ષતા યોગ્ય જીવન પ્રેરાયેલી રહેતી !

હરિ:ૐ

# મહત્ત્વ काळનું ત્યાં છે

સમય પાક્યે બને રાંકા જગતમાં નૃપ જેવાયે,
ગણતરી ત્યાં ન નિજની છે, મહત્ત્વ **काळ**નું ત્યાં છે.

બધા સંજોગ પલટાતાં, બધું પલટાઈ જાયે છે,
ન જેનો ભાવ પુછાયે સલામો ત્યાં ભરે સર્વે.

છતાં **आ** માનવી કેવો ફુલાઈને, ફુલાઈને
-તહીં સામર્થ્ય પોતાનું ગણી, શો રાચતો રહે તે !

'બધા સંજોગ ને કાળતણાં હથિયાર કેવાં છે !''
જગાડી ભાન તે નમ્ર થવા સંપૂર્ણ શીખવ્યું છે.

હરિઃૐ

# જીવનવર્તન કરેલું છે

મળ્યા જે જે કરે તેનાં ખરેખર મૂળ મનમાં છે,
પછીથી દોષ બીજાનો શકું કાઢી કઈ રીતે ?

‘થવા વિકાસ સંપૂર્ણ હૃદય આધાર મુજ પર મેં
-સમજી સમજી જ તે ધારી જીવનવર્તન કરેલું છે.

ભૂલેચૂકે જ દેવાતાં જીવનમાં દોષ બીજાને,
હૃદય ચેતાયું છે ત્યાં મેં અવરની માફી માગી છે.

બધો આધાર મુજ પર મેં ભલે રાખ્યો છતાં હૃદયે
-મહત્ત્વ તો હૃદય ચેતન વસેલાને જ દીધું છે.

હરિઃૐ

# છતાં હિંમત ન હાર્યો છું

ઊંચાંનીચાં વહેણોયે ગરીબીમાં મળેલાં છે,
જીવનના ધ્યેયને જીવતું તહીં રાખ્યા કરેલું છે.

કદીક થાક્યો, કદીક હાર્યો, છતાં હિંમત ન હાર્યો છું,
સતત પુરુષાર્થ કરવામાં હું મંડ્યો છાતી કાઢી શો !

નિરાશાનાય હુમલાઓ અનેકે વાર ઊમટ્યા છે,
કૃપાથી સામનો તેનો થવા, દિલ હામ ભીડી છે.

કદીક હાર, કદીક જીત જીવનમાં શાં મળેલાં છે !
છતાં પુરુષાર્થ ઝુંબેશ ન થંભાવી દીધેલી છે.

હરિઃૐ

## हरि મુજને રીઝવતો છે !

ધણી ધીંગો અમારો શો બધી રીતે સમર્થ જ છે,
અમારા તે ધણી તોલે બીજું કોઈ ન આવે છે.

હવે ઊલટી શી ગંગા તે જીવન મારે વહેતી છે !
રીઝવવાને **हरि** બદલે, **हरि** મુજને રીઝવતો છે !


**हरि**ને મારી સંગાથે હૃદયથી વહાલ કરવાને,
અનુપમ મસ્તી શી મોજ **हरि**ને દિલ ઊછળે છે !

નથી લાયક કશી રીતે છતાં નિજનો સ્વીકારીને,
શું વારંવાર દિલ ચાંપી હૃદય આનંદ આપે છે !

હરિઃૐ

# ખંડ - ૭

# ઉદ્‌બોધન અને આનંદોદ્‌ગાર



**હરિ**ના નામ પર કેવા દીવાના દિલ અમે છીએ !
હૃદયથી વારી વારી જઈ **હરિ** ચાહ્યા કરેલો છે.

હરિઃૐ

# રીઝવવાનો ઉમળકો છે

*પડી જો છે, બધાંનીયે અમારે દિલ પડેલી છે,
પડી જો ના, ન કોઈની અમારે તો પડેલી છે.

જીવનમાં એકલી નિસ્બત **હરિ** સાથે અમોને છે,
**હરિ**ને એકલાને દિલ રીઝવવાનો ઉમળકો છે.

**હરિ** શો એકલો વહાલો સકળ બ્રહ્માંડમાં અમને !
**હરિ**નાં તે ચરણકમળે અમારી બાદશાહી છે.

જીવનમાં સર્વથી વહાલો **હરિ** કેવો હૃદયમાં છે,
**હરિ** વિના ઘડી પળ પણ હૃદયને ચાલતું ના છે.
ન પોષાતું હૃદયને છે.

* પડી = પરવા, દરકાર

હરિ:ૐ

# વરેલા શા છીએ **हरि**ને !

**हरि**ના નામ પર કેવા દીવાના દિલ અમે છીએ !
હૃદયથી વારી વારી જઈ **हरि** ચાહ્યા કરેલો છે.

**हरि**ને બાથ ભરી ભરીને, હૃદયથી ભેટી ભેટીને,
**हरि** દિલથી ચહી ચહીને વરેલા શા છીએ **हरि**ને !

જતાં **हरि** પાસ **हरि** અળગો વધારે ને વધારે તે
-થતો શો ! દિલ થતાં, પાછો હૃદયથી દૂર ના તે છે !

**हरि** શો દૂરનો દૂર ! **हरि** નજદીકમાં નજદીક છે !
હૃદય ભેટેલ છે, તોયે ન દિલ સંતોષ પામે છે.

હરિ:ૐ

# ફકીરી મસ્ત ધારી છે

**हरि** ભજવાતણો ધંધો જીવનમાં તે સ્વીકારીને,
સમર્પી સર્વ દૈ **हरि**ને અમે ઝુકાવી દીધું છે.

હવે તો **जीत** કે **हार**તણી ઉમેદ દિલ ના છે.
બધું જે તે **हरि**ના પર અમે સૌ છોડી દીધું છે.

જીવનમાં કંઈ કશાનીયે અમારે ના કમીના છે,
થતાં શી માગણી પહેલાં બધું હાજર થતું રહે છે !

**हरि**ના હાથ શા ચારે મુકાયેલા શિરે અમ છે,
નર્યા ફક્કડ થઈ ફરીએ, ફકીરી મસ્ત ધારી છે.

હરિઃૐ

## हरि તે એકલો બસ છે

અમારે ઉર સંકોચ કશા વિશે કશાનો ના,
**हरि**ના નામ પર ઘેલા, અમે શા દિલના દીવાના !

ધરાળ આગળે ના છે, ઉલાળ પાછળે ના છે,
બધું સમતોલ જે તે છે, **हरि**માં દિલ અમારું છે.

અમારે જોઈએ ના કંઈ, **हरि** તે એકલો બસ છે,
**हरि** વિના અમારે દિલ ન કંઈ સુખચેન ક્યાંયે છે.

**हरि**માં દિલ રમવાને, ચરણ આળોટવાને તે,
હૃદય અભ્યાસ જીવંતો ખરેખર શો પડેલો છે !

હરિઃૐ

# हरि તારું હું હથિયાર

કદી પણ ઝંખના દિલમાં પરિણામતણી કશીયે
-ભૂલેચૂકે જરા સરખી હૃદય મેં ના ધરેલી છે.

‘મળેલું તે કર્યે જાવું, કમીના તે વિશે સહેજે
-કશી ના આવવા દેવી, બધી સંભાળ રાખી તે.

બધો કરતો જ કારવતો સમર્થ એક તું માત્ર
-પરંતુ સાવ બુડથલ શું **हरि** તારું હું હથિયાર !

ગમે તેવું ભલે છોને થતાં તેવા કનેથીયે
-અજબનું કામ તું લે છે, **हरि** તુજ હોશિયારી છે.

હરિઃૐ

# હૃદય ભાઈબંધી માંડી છે

જીવનમાં પાડવાના ના અમારે બૂમ બરાડા તે,
બધું જ *સાંભળવાવાળો શો **હરિ** દિલના જ દિલમાં છે !

બહુ દિલ ગોતી ગોતીને **હરિ** શો ખોળી કાઢ્યો છે !
હવે રમવા રમત સાથે હૃદય ભાઈબંધી માંડી છે.

'કદી અંચુ ન વદવાનો ન અંચુ ચાલવાનોયે,
ન અંચુ વર્તવાનો તે,' અમારો ટેક પાકો છે.

પરંતુ તુજ શું ઠેકાણું ગમે તેવું ગમે ત્યારે
-નિયમ કોઈ વિનાનું તો બધું વર્તન **હરિ** તમ છે.

---

* સંભાળવાળો

હરિઃૐ

# ઈશારા સૂક્ષ્મ અદ્‌ભુત તુજ

અમારે જીવવાનું છે **હરિ**ના ભાવ પર નિશ્ચે,
વિના તે કોઈ પણ કાંઈ અમારું બળ કશું ના છે.

જીવનની સર્વ હકીકતના **હરિ** મૂળમાં રહેલો છે,
**હરિ** સાથેનું સંપૂર્ણ જીવન સગપણ હવે તો છે.

જીવનનો તું સખા, બેલી બધાયે તે પ્રકારે છે,
'ઈશારા સૂક્ષ્મ અદ્‌ભુત તુજ,' ગતાગમ તું પડાવે છે.

નઠોર છેક બુડથલને કશી કંઈ બુદ્ધિ તો ના છે,
બધી તારી કરામતથી પતિતનું ગાડું ગબડે છે.

હરિ:ૐ

## હજારો હાથવાળો શો !

હજારો હાથવાળો શો શિરે ગર્જંત મારો છે !
અમારે શી પછી ફિકર ! બધું સંભાળનારો તે.

શું અત્યારેય જીવનમાં પડે ખપ સર્વ જે કંઈ તે,
કશી ના ખોટ પડવા દે, બધું હાજર કરી દે છે.

**हरि** પરત્વેનું ક્ષેમ બધું ચલવ્યા કરે મુજ તે,
હવે મારે ન તે વિશે કશું કરવાપણું રહે છે.

**हरि**ને એકલાને તો નજર, દિલ રાખી ધારીને,
હૃદય મસ્તીની શી છોળો પર છોળો ઊછળતી છે !

હરિઃૐ

## બધો આધાર **हरि** પર છે

અમે અમ જીવવા દોરી બધી **हरि** હાથ સોંપી છે,
બધો આધાર **हरि** પર છે, જીવનનો તો અમારે તે.

‘**हरि**નો ભાવ ધારી દિલ જીવંતો શો **हरि** ધરીને
-પળેપળ જીવવાનું તે !’ જીવન સ્વપ્ન અમલમાં છે.

જગત પરનો ધરેલો જે હૃદય આધાર મિથ્યા તે
-નીવડવા શક્યતા પૂરી, કશું નિશ્ચિત ન તેનું છે.

કદીક લટકાવી તે મારે, કદીક આશા ઠગારી તે
-ગળે ફાંસો લગાવી દે, જરૂર સંસાર એવો છે.

પરંતુ દિલમાં સંપૂર્ણ બધો આધાર **हरि** પર છે,
સદા નિશ્ચિંત સૌ વાતે રહ્યા કરતો હૃદય શો તે !

હરિ:ૐ

## બધી સંભાળ લેનારો

તમારો સર્વ આધાર તમારી તે મૂડી પર છે,
વિના મૂડી અમારો તો બધો આધાર **हरि** પર છે !

અમે **एना** જ આધારે શું નાચંતા, કૂદંતા તે !
અમોને સાચવી લે છે, ભલી પેરે **हरि** પોતે.

રખે શા આંધળા થઈને કદીક અથડાઈ જો પડીએ,
ખરેખર ખંચકાવીને હૃદય સાચું બતાવે છે.

ન કંઈ સંભાળ લેવાની અમારે ચાલવાને તે,
બધી સંભાળ લેનારો હજારો હાથવાળો છે.

હરિઃૐ

# નિરંતર જે ભજે **હરિ**ને

નજર મનની, વલણ દિલનું સમર્થ પ્રીછવા **હરિ** છે,
અવરને તે સમજવાની કશી તાકાત ના દિલ છે.

નિરંતર જે ભજે **હરિ**ને, **હરિ**માં મસ્ત શો રહે છે !
**હરિ**ના ભાવમાં કેવો હૃદય ગુલતાન જીવે તે !

બધીયે આળપંપાળ નર્યા સંસારની જે તે,
**હરિ**ચરણે સમર્પીને, ફિકર ફાકી કરે શો તે !

**હરિ**ના ભક્તને કેવો ભર્યો સંસાર ભાવે તે !
નર્યા સંસારમાં ભક્ત નર્યો તરતો રહે છે તે.

હરિ:ૐ

# જીવનયજ્ઞ બની રહે છે

**हरि**ની ભક્તિની મસ્તી જીવન જેને ચઢેલી છે,
પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ જીવનમાં તે કરંતો છે.

હૃદયનો ભાવ જીવંતો બધાં કર્મે પ્રવર્તે છે,
**हरि**ના ભક્તનાં કર્મ જીવનયજ્ઞ બની રહે છે.

**हरि**ના ભક્તને કર્મ જીવનમાં શોધવાનું ના,
સહજ ને માત્ર સ્વાભાવિક સરળ છે કર્મ, તેનું ત્યાં.

**हरि**ના ભક્ત જીવનની **हरि**ની જવાબદારી છે,
જીવનમાં મોકળો રાખે ફિકરથી ભક્તને શો તે !

હરિઃૐ

# हरिना ભક્તની ભક્તિ

જીવનના ભક્ત સઘળા **આ** જીવનમાં સંકળાયેલ જે
-ઉપાધિ સર્વ જીવનની, **हरि** રસમાં પિગાળે છે.

નજર સંસારી જનની જે થકી કંઈ તે નિહાળે છે,
**हरि**ના ભક્તને તે તે શું વર્તાયે જુદી રીતે !

જીવનનો ભક્ત તો માત્ર સતત નિજનું પરખવાને
-રહેલો મસ્ત મશગૂલ, બીજું ના સંભવે ત્યાં તે.

**हरि**ના ભક્તની ભક્તિ શી એકાકાર જીવને છે !
**हरि**ને ઓતપ્રોત જ શો વણાયેલ દિલ નીરખે છે !

હરિઃૐ

## હરિનો પ્રેમ એવો શો !

'બધું જે તે કરાવે છે, છતાં **એને** જ કોઈયે
-જીવનમાં ઓળખે છે ના !' ખરી ખૂબી શી એવી છે !

હવા, જળ, તેજ ને વાયુ જીવન જીવવા જ અર્થે તેં
-વિના મૂલ્યે જ બક્ષ્યાં છે, છતાં ગણના ન કોઈને.

જીવન ચેતન છે તેનાથી બધું જે તે થતું રહે છે,
છતાં કોઈ જરા સરખું મહત્ત્વ દે ન ચેતનને.

બધું જીવવાનું પોષણ પણ **હરિ** સર્જનથી મળતું છે,
છતાં શો માનવી દિલમાં **હરિ**ને કંઈ ગણે ના તે !

પરંતુ તે છતાં **હરિ** તો બધાંને એકસરખાં શો
-હૃદય નિજ ધારતો કેવો ! **હરિ**નો પ્રેમ એવો શો !

હરિઃૐ

# વિભૂતિ તે हरिની છે

**हरि** શો **गुण** ને **निर्गुण** ભૂમિકાથી ભરેલો છે !
છતાં **हरि**ને શી કોઈયે ભૂમિકા એક પણ ના છે !

અનિર્વચનીય તેથી તો **हरि** સાક્ષાત્ પોતે છે
-છતાં ઐશ્વર્ય સામર્થ્યે થતો રહે વ્યક્ત જીવન તે.

મહાઐશ્વર્ય સામર્થ્યતણું જ્યાં વ્યક્ત દર્શન છે,
જીવંતી કેવી પ્રત્યક્ષ વિભૂતિ તે **हरि**ની છે !

જગતમાંની અસામાન્ય, અદ્વિતીય, અનોખી જે
-વિભૂતિ જે જીવંતી છે, **हरि** દર્શનની ઝાંખી તે.

હરિઃૐ

# શરીરનો ચરખો અદ્‌ભુત

શરીરનો ચરખો અદ્‌ભુત **हरि** તેં શો બનાવ્યો છે !
અજાયબી ભરેલી તે કરામત ને કળા શી છે !

શરીરની તેવી રચનાને નિહાળીને, નિહાળીને,
**हरि** તારા વિશે ઊંડું મનન ચિંતવન થયેલું છે.

શરીરનું નાડીતંત્ર જ **આ** મહાઅદ્‌ભુત, અદ્‌ભુત છે,
હૃદય પ્રગટાવવા યાદ **हरि**ની, કામ લાગ્યું છે.

સકળ બ્રહ્માંડનું બીજ શરીર રચના વિશેનું જે,
અણુ અણુમાં સમાયેલો **हरि** એવો ભજેલો છે.

વ્યવસ્થા તંત્ર વિશ્વનું જે વ્યવસ્થિતિથી ચાલે છે,
કળા રસીલી **हरि**ની શી નિહાળી મુગ્ધ, હું શો જે !

હરિઃૐ

## નમસ્કારો હજારો છે

**हरि**ને રૂપ ના કંઈ છે, ન આકાર **हरि**ને છે,
ન મર્યાદા **हरि**ને છે, **अतीत** સૌથી **हरि** શો છે !

**हरि** શો છેક પાસે છે ! વળી તે દૂરનો દૂર છે,
**हरि**ને કોઈ દિશા ના, બધે જ્યાં ત્યાં **हरि** શો છે !

બધું સ્થૂળ ને અગોચર જે, બધું દશ્ય જ, અદશ્ય જ જે,
-બધાંમાં શો **हरि** પોતે ! સમાયેલો જ ગૂઢ તે છે.

**हरि** હોવા છતાં એક, અનેકે રૂપ પાછો છે,
**हरि** **એવા**તણાં ચરણે નમસ્કારો હજારો છે.

હરિઃૐ

## ક્ષમા કરજે, ક્ષમા કરજે

અમારો પ્રેમ કાચો છે, **हरि** તુજ પ્રેમ સાચો છે,
અમે શાં સાવ નાદાન ! ક્ષમા કરજે, ક્ષમા કરજે.

તવ લાયક કશું કામ અમારાથી થતું ના છે,
તને સંતોષવા દિલથી અમે તો કંઈ કર્યું ના છે.

છતાં તું તો અમારા પર સદા દિલ રાજી રાજી છે,
જીવન જીવાડતો અમને કૃપાજળ સીંચી સીંચીને.

જીવન અગણિત ઉપકારો **हरि** તારા અમો પર છે,
કૃતઘ્ની તે છતાં શા કે તને ધરતા ન દિલ સહેજે.

હરિઃૐ

# જડે તેને ખરેખર તે

કરે જે દ્વારને ઠોક્યાં ઊઘડતાં ના, ન હારે જે,
અનેકે વાર શો ઠોક્યાં કરે છે બારણાંને તે !

કદીક એમ ઠોકતાં રહેતાં વળી કોઈ ધન્યપળ પાક્યે
-ખૂલી શાં બારણાં જાય ! કરામત ઠોકવાની તે.

મથે છે જે નિરંતર દિલ જરૂર તેને મળે છે તે,
સતત જે શોધતો રહે છે, જડે તેને ખરેખર તે.


મથામણની જ પ્રક્રિયા વિશે અમૃત શરૂ શરૂમાં
-કદી પણ નીકળે છે ના, હળાહળ ઝેર પામો ત્યાં.

જીરવવા ને પચવવા તે પૂરી તૈયારી જો યોગ્ય
-પછીથી તો જરૂર અમૃત હૃદય મળવાનું છે નિશ્ચિત.

હરિઃૐ

# ખંડ - ૮

## ભાવ



જીવન શક્તિનું સંપૂર્ણ થતું દર્શન શું યજ્ઞે તે,
અનોખા ભવ્ય ત્યાં ભાવતણી મૌલિકતા પ્રગટે છે.

હરિઃૐ

# ઉગાડ્યો ભાવ દિલમાં છે

**हरि** તુજમાં શું જીવવાનું જીવન તેં જોમ પ્રેર્યું છે,
હૃદય સંલગ્ન ટકવા તેં ઉગાડ્યો **ભાવ** દિલમાં છે.

ભજનભાવ, સ્મરણ, કીર્તન, નિવેદન, પ્રાર્થના દિલથી
-હૃદય સન્મુખતા ધારી, સમર્પ્યાં સૌ કર્યું મનથી.

શી અંતર્‌મુખતા દિલમાં **हरि** તેં તો જગાડી છે !
રહેવાયું ખરેખર છે, **हरि**ને ધારી દિલમાં તે.

વિખૂટો ને વીલો તુજથી લગીર અળગો થવાવાને
-હવે ના દિલ ચાલે છે, હૃદય શી ખેંચ તારી છે !

હરિઃૐ

## જીવનસુકાન ‘ભાવ’ જ છે

પ્રતિકૂળતા - અનુકૂળતા - બધાંમાંથી જ આનંદ
-લઈ શકવાની શક્તિ શી કૃપાથી કેળવાઈ છે !

પ્રતિકૂળ સમ પરિસ્થિતિ વધારે ભાવની ઊંડી
-થયેલી પૂર્ણ નક્કર શી ! જરૂર તે માગી લે દિલથી.

બધો આધાર દિલમાંનો, સ્ફુરંતો ભાવ કેવો છે !
સદા તે પર રહેલો છે, જીવનસુકાન ‘**ભાવ**’ જ છે.

મહત્ત્વ ભાવ કેળવવા સતત દિલ લક્ષ્ય ધાર્યું છે,
જીવનમાં સાધના કેવી હૃદય તે માટ સેવી છે !

હરિઃૐ

# ગરજના ભાવને લીધે

મનન ચિંતવન ઊંડું ઊંડું ગરજના ભાવને લીધે
-કૃપાથી કેવું હરદમ તે હૃદય ચાલ્યા કરેલું છે !

હૃદય તન્મયતા વ્યાપીને શું અંગેઅંગમાં પ્રસરે !
હૃદયથી ભાવ નીતરતો વહ્યા કેવો કરે ત્યારે !

**हरिरस**માં તદાકાર થઈ, શો રોમરોમેયે
-પ્રસરતો, તે અનુભવમાં હૃદય કેવો પ્રકાશે છે !

અનુપમ શો જીવનલહાવો જીવન જીવવા મળેલો છે !
મહદ સદ્‌ભાગ્ય પતિતનું કે પ્રસાદી તે મળેલી છે.

હરિઃૐ

## હૃદયમાં ભાવ પ્રગટંતાં

સવાલો અવનવા કેવા જીવનમાં કંઈક ઊભળ્યા છે,
જીવનમાં તેથી તો મુજને કરાવ્યો ગૂંચવાડો છે.

પરંતુ તે પળે બીજું બધું પડતું જ મેલ્યું છે,
**હરિ**માં પ્રાર્થનાભાવે પરોવાવા મથ્યો ત્યારે.

હૃદયમાં ભાવ પ્રગટંતાં થતાં મન શાંત ને સ્વસ્થ,
બધા તે પ્રશ્નની ચાવી ચપોચપ શી મળી ગઈ છે !

સદા મન શાંત ને સ્વસ્થ ટકી શકવા જ સંપૂર્ણ,
હૃદયમાં જાગૃતિ સેવ્યા હૃદયભાવે થયેલી છે.

હરિ:ૐ

# મહત્ત્વે મોખરે ભાવ

સતત દિલના નિજાનંદે જીવન જીવતાં અનેરું તે
-ઝલક શી મોજની પ્રગટે ! અનુભવી માત્ર જાણે તે.

ઝલકની છોળ પર છોળો ઊછળતી તે વિશે જ્યારે
-થતાં સંપૂર્ણ ઝાકમઝોળ, મનાદિ સ્તબ્ધ છે ત્યારે.

દુ:ખો, દર્દો છતાં હોવા ન તે કંઈ દિલ સ્પર્શે છે
-હૃદય આહ્‌લાદ પ્રગટંતાં, તહીં શો બહાર ખીલે છે !

જીવનમાં જોશ દર્દોનું પૂરું હોવા છતાં તોયે
-મહત્ત્વે મોખરે ભાવ **हरिरस**નો ઊછળતો છે.

હરિ:ૐ

## મળ્યા કેવું કરેલું છે !

જીવનના ધ્યેયની નિષ્ઠા થકી જે ભાવ ઊપજ્યો છે,
*કડી ઉપાસના મુજને કરાવી છે જ, તે ભાવે.

હૃદયનો ભાવ પ્રગટેલો થવા સાકાર કર્મે જે
-સતત મથતો રહે છે શો ! અનુભવમાં પ્રમાણ્યું છે.

જીવનવિકાસનું કર્મ થતું રહે ભાવને લીધે,
અખંડિત ભાવ ઠરવાને થતાં સાધન કરેલાં છે.

નિરંતર સાધનાભ્યાસે ટકી રહેવાનું બળ મુજને,
શી ધગધગતી તમન્નાથી મળ્યા કેવું કરેલું છે !

* તીવ્ર, ભારે

હરિઃૐ

## થતું દર્શન શું યજ્ઞે તે ?

પ્રભુપ્રીત્યર્થ જે કર્મ સમર્પણભાવથી થતું છે,
ખરે ! તે યજ્ઞ જાણી લો, તહીં સંબંધ **भावे** છે.

થતાં તે યજ્ઞનાં કર્મે **अहम्** જેમાં ન સહેજે છે,
નમ્રતા પાર દિલ શૂન્યતણો ત્યાં **भाव** યજ્ઞે છે.

પ્રભુપ્રીત્યર્થનો કર્મે થતો જે યજ્ઞ જીવનમાં,
સમર્પણ પાદ સંપૂર્ણ થતું રહે યજ્ઞનું તે ત્યાં.


જીવનનાં કર્મના યજ્ઞે કદીક મૃત્યુ સ્વીકારીને
-થઈ કુરબાન સંપૂર્ણ રીઝવશે શો **हरि**ને તે !

જીવનશક્તિનું સંપૂર્ણ થતું દર્શન શું યજ્ઞે તે ?
અનોખા ભવ્ય ત્યાં ભાવતણી મૌલિકતા પ્રગટે છે.

હરિઃૐ

# ખંડ - ૯

## પુરાવો '**આ**' જ જીવન છે



જીવનને ખેલદિલીથી અમારે જીવવાનું છે,
ભલે છો આવતાં વિઘ્નો ઉપાધિરૂપ બનવાને.

હરિઃૐ

# પુરાવો 'આ' જ જીવન છે

જીવનને ખેલદિલીથી અમારે જીવવાનું છે,
ભલે છો આવતાં વિઘ્નો ઉપાધિરૂપ બનવાને.

કસોટીયે ચઢી જે કો સ્વરૂપ નક્કર રહેતું છે,
જીવનની વાસ્તવિકતા ત્યાં શું પુરવાર થતી રહે છે !

કશું પુરવાર કરવાનું અમારે **આ** જીવનનું તે
-કૃપાથી ના રહેલું છે, પુરાવો **'આ'** જ જીવન છે.

હઠીલા રોગની ઉત્કટ થતી જે વેદના વિશે,
અતિપાર્થિવપણું કેવું શરીર અંતરનું બતલાવે !

હરિ:ૐ

# કૃપાની શક્તિ અદ્‌ભુત છે

શરીરના નાડીના કેવા વધ્યા કરતા જ ધબકારા,
કૃપાથી તે સ્થિતિમાંયે રહે છે સ્વસ્થતા શી ત્યાં !

હઠીલા રોગ પ્રત્યેકતણી શી વેદનાઓ છે !
જુદી જુદી શરીરથી તે ખરેખર સંકળાઈ છે.

કૃપા પ્રત્યક્ષ વર્તનથી પુરાવારૂપ પોતે તે,
જીવન ચલવી રહેલી છે, કૃપાની શક્તિ અદ્‌ભુત છે.

શરીરના રોગ પ્રત્યેકતણી શી વેદના ઉગ્ર !
વળી પ્રત્યેક શી જુદી થતી રહે વેદના તીવ્ર !

છતાં **हरिभाव**માં તલ્લીન સદા હૃદયે રહેવાયું,
ચમત્કાર ખરેખર તે **हरि** તારી કૃપાનો શો !

હરિ:ૐ

# કૃપા કેવી હરિની કે

શરીર **આ** કેવું અદ્‌ભુત તે શું યંત્ર માપદર્શક છે !
જુદા શા ગૂઢ સંસ્પર્શે જુદું બદલાતું રહેતું તે !

શરીર પરના પ્રયોગોથી થયેલું સિદ્ધ સંપૂર્ણ,
કૃપા કેવી **હરિ**ની કે શરીર શું વેઠી, ખેંચે છે !

શરીર **આ** નહિ હશે ત્યારે શરીર અદ્‌ભુતતાની તે
-બધાંયે વાત કરવાનાં, ન આજે ભાન જાગે છે.

શા નાડીના જ ધબકારા અમર્યાદિત થતા રહે છે !
છતાં પણ સ્વસ્થતા પૂર્ણ શી જળવાઈ રહે છે તે !

શી અપરંપાર **હરિ**ની છે કૃપા સાક્ષાત્‌ પ્રત્યક્ષ !
અનુભવી તે જીવન મારે, થતો રહું છું જીવન ધન્ય.

હરિ:ૐ

## 'हरि પ્રત્યક્ષ સાથે છે'

અનુભવવા જીવન મારે '**हरि** પ્રત્યક્ષ સાથે છે,'
થઈ જે ના શકે મુજથી શું એવાં કર્મ ફળવ્યાં છે !

પ્રયોગો કેટલા **એવા** જીવન મારે થયેલા છે,
હવે નિશ્ચિંતતા વ્યાપી, '**हरि** તું સાથ જીવતો છે.'

મને ના એકલો ક્યાંયે જીવન મૂકી દીધેલો છે,
સદા સંગાથ તારાની પ્રતીતિ શી મળેલી છે !

'ધણી ધીંગો જીવન મારે સમર્થ શો મળેલો છે !'
મદદ લાખોતણી કેવી **हरि** તેં તો કરેલી છે !

નહિતર કોડીની મળવી મદદ ના શક્ય કો રીતે,
પ્રયોગે અનુભવાવીને બધું પ્રત્યક્ષ કરિયું છે.

હરિ:ૐ

## જીવનવર્તન થયેલું છે

જગતજનને કહું, 'ખાલી ભજન ગીતો ન ગાયાં છે,
ભજનમાં ગાયું છે તેવું, જીવનવર્તન થયેલું છે.'

જીવનમાં સાધના ભારે કડીતોડ જ થયેલી છે,
સમર્પણ ને બીજાં સાધન કૃપાથી શાં થયેલાં છે !


જીવન તે કાર્યના સાક્ષી હજી પણ **आज** જીવે છે,
જીવન ઘડવા મથ્યો કેવું બધું **आ** દિલ જાણે તે !

કંઈ બણગાં કશાનાંયે કદી પણ મેં ન માર્યાં છે,
**हरि** લેખાં જ લેનારો શિરે બેઠેલ મુજ શો તે !

હરિઃૐ

# ખંડ - ૧૦

## સ્વજનોને



અવરનો તોળવા ન્યાય કદી બેસી જશો ના તે,
નહિતર ન્યાય પોતાનો થઈ ત્યાં શો જવાનો છે !

હરિઃૐ

## સાધનને હૃદયમસ્તીથી સાધ્યાં છે

અહીં સંસારમાં રહીને બધાં સાધન થયેલાં છે,
કદી ઘરમાં ન સૂતો'તો બીના તે સર્વ જાણે છે.

ભયંકરમાં ભયંકર જે ગણાતું સ્થળ તહીં તહીંયે
-સૂઈ ત્યાં રાત્રિ, સાધનને હૃદયમસ્તીથી સાધ્યાં છે.

અભય ને નમ્રતા, મૌન, નિગૂઢ એકાંત, સેવ્યાં છે,
ભજનભાવ, સ્મરણ, કીર્તન, નિવેદન ને સમર્પણ જે.

હૃદય સન્મુખતા ધારી, હૃદય પ્રાર્થ્યાં કરેલું છે,
બીજાં એવાં બહુ સાધન* હૃદય ઊગ્યાં, થયેલાં છે.

સતત અભ્યાસથી એવા જીવન ફોરી ઊઠેલું છે,
જીવનમાં ખુશબો એવી હૃદયમાં મહાલી જાણી છે.

---

* થયેલાં તે બરાબર છે.

હરિઃૐ

# હૃદયવિશ્વાસ જીવતો છે

અવર પાસે કશુંક લેવા તમારી દિલ મરજી છે,
હૃદયથી શા હળીમળીને ભળો કેવાં શું તે સાથે ?

અમે ભિક્ષુક શું સંપૂર્ણ ! અવરને આપી આપી તે
-શકે આપી શું ! સામર્થ્ય કશું એવું ન અમમાં છે.

અમે જેવા ભલે તેવા, ભલે પાસે કશું ના છે,
છતાં ભક્તિથી તમ અમમાં હૃદય સંપૂર્ણ, તો મળશે.

'જીવનમાં લાજ સંપૂર્ણ અમારી રાખનારો **તે**,'
કશું એળે જવા ના દે, હૃદયવિશ્વાસ જીવતો છે.

હરિઃૐ

# ખરે ! તુજ ભેટ કેવી છે !

કૃપાની બાંગ પુકારો હજારો વાર જીવનમાં,
છતાં **મોટા** ! શું પ્રત્યક્ષ પુરાવો આપતા કાં ના ?

ખરેખર જાગતી જીવતી કૃપા પ્રત્યક્ષ **હરિ**ની છે,
હવા, જળ, તેજ ને પૃથ્વી ખરે ! તુજ ભેટ કેવી છે !

કદી પળ એક કોઈથી વિના જેના જીવાયે ના,
છતાં ઊંડી કદર હૃદયે ન જાગે કોઈને દિલમાં.

કરેલો કેટલો મોટો ખરે ! ઉપકાર જગજન પર,
છતાં ના યાદ કોઈયે કરે **હરિ**ને ભરી ભરી દિલ.

હરિઃૐ

# શી સન્મુખતા હૃદય ધારી

થતાં સૌ કર્મમાં યોગ્ય જીવનહેતુ રહેલો છે,
જીવનમાં સંકળાવાને **જીવો**ને, કર્મ તે તે છે.

વિના કર્મ જીવનમાં તો મળે **જીવો** કઈ રીતે ?
**જીવો** ભેળાવી દેવાને બધાં કર્મ જ મળેલાં છે.

થતાં તે કર્મની અંતર મળેલા તે **જીવો** સાથે,
શી સન્મુખતા હૃદય ધારી, કરી મેં પ્રાર્થના દિલ છે !

સ્વીકારાત્મક ભૂમિકાની મને શી ખોટ લાગી છે !
'છતાં મેં તો થવા યોગ્ય હૃદય જે તે,' નિવેદ્યું છે.

હરિ:ૐ

# બધાં સાથે જ જીવવું છે

અમારે કોઈ સંગાથે જરી પણ ના ઝઘડવું છે,
સુમેળે એકભાવે દિલ બધાં સાથે જ જીવવું છે.

કશું પણ કોઈ સંગાથે જીવનમાં સહેજ સરખુંયે
–અમારે દિલ સંઘર્ષણ કદી પણ ના જ કરવું છે.

જીવનમાં શાંતિ શાશ્વત શી શું પાળી પાળી જીવવું છે !
પ્રસન્નતા, હૃદય શાતા, અનુભવી શક્તિ રળવી છે.

જીવનની તે જ સાચી છે, ખરેખરી મૂડી કીમતી તે,
રળી રળીને **હરિ**ચરણે સમર્પ્યાં એ જ કરવી છે.

હરિ:ૐ

# બધાંની સાથ સદ્‌ભાવ

અમારે દિલ તિરસ્કાર કદી કોઈનો ન કરવો છે,
કદી કોઈનોયે તુચ્છકાર અમારે મન ન ધરવો છે.

કદી સ્વપ્નેય અપમાન કશું કોઈનું ન કરવું છે,
થતાં અપમાન, અન્યાય ગળી લેવાં જ પ્રેમે છે.

બધાંની સાથ સદ્‌ભાવ ધરી ધરી જીવવું ચહ્યું છે,
મળેલાંને ચહી ચહીને જીવન ગુજારવાનું છે.

બધાંમાં દિલ પરોવીને પ્રભુપ્રીત્યર્થ જીવવું છે,
મળેલાંમાં **હરિ**ભાવ ધરી દિલથી જ જીવવું છે.

'અભિમુખતા **હરિ**કેરી મળેલાંમાં હૃદય પ્રગટે,'
અભિલાષા હૃદય એવી કૃપાથી કેવી ઉત્કટ છે !

હરિઃૐ

# અભિલાષ દિલ તે છે

'સ્વજન જે જે મળેલાં છે, પ્રભુપ્રીત્યર્થ નિમિત્તે
-કૃપાથી દિલ **હરિ**ભાવ ઊગે,' અભિલાષ દિલ તે છે.

હૃદયથી પ્રાર્થના **હરિ**ને શી વારંવાર કરી ચરણે,
**હરિ**ને યોગ્ય કરવાને હૃદય વીનવ્યા કરીએ તે.

સ્વીકારાત્મક હૃદયભાવ મળેલાંમાં ન જન્મે છે,
છતાંયે પ્રાપ્ત જે કર્મ મૂકી દેવું ન પાલવશે.

બીજું સક્રિય સાધન કંઈ હૃદય તે કાજ કંઈ ના છે,
અમારે પ્રાર્થના દિલની શું તે અર્થે જ સાધન છે !

હરિઃૐ

## હૃદય ક્યાં અર્પી દીધું છે ?

જીવનમાં ખૂન મારાં શાં મળેલાંએ કરેલાં છે !
હૃદય એની સમજ યોગ્ય પૂરેપૂરી પડેલી છે.

પછી એવાં જ 'મોટાની' પરત્વેની જ લાગણીની
-કરે વાતો, હું શું રીતે પછીથી તે શકું માની ?

તમારું દિલ સંપૂર્ણ પૂરું ખુલ્લું થયું ના છે,
વફાદારી જ સંપૂર્ણ અનુભવમાં ન જાણી છે.

જીવનનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હૃદય ક્યાં અર્પી દીધું છે ?
પછી મેળવવા દિલ દાવો થતો તે સર્વ ફોગટ છે.

હરિઃૐ

# ગુલામ તે તમારો તો

જીવનમાં આવવા ખપમાં તમારી ખેવના દિલ છે,
હૃદય સદ્‌ભાવથી પૂર્ણ થવા દો **એક** મુજ સાથે.

હૃદયનું તેવું સંપૂર્ણ જીવનમાં થઈ ગયેલું જો,
પછીથી જો થયું ના હો, ગુલામ તે તમારો તો.

નીચે નમવું પડે કેવું કશુંક લેવા અવર પાસે !
ગરજ કે સ્વાર્થ સંપૂર્ણ તમારો તે ન મુજમાં છે.

મળેલાં છો નિમિત્તે જો કૃપાથી **આ** જીવનમાં તે,
**હરિ**ને પ્રાર્થીને હૃદયે નિરાંતે સોડ તાણી છે.

હરિઃૐ

## તમારું દિલ પરોવોને !

નકારાત્મક વિચારો શા તમે મુજ માટ ધરિયા છે !
તમારો તે છતાં છેડો ન મનથી ફાડી નાખ્યો છે.

નથી બોલાવિયાં મેં તો કને મુજ આવવાને તે,
ભલે જો આવિયાં છો તો તમારું દિલ પરોવોને !

પ્રભુપ્રીત્યર્થ સત્કર્મ, જીવન આચરવાં પડવાનાં,
જીવનમાં જોઈતી યોગ્ય ફળવવા દેવી દક્ષિણા.

સહુના શ્રેયને અર્થે અહાલેક જગવવાનું,
અમારે ભીખની ઝોળી સદા લઈને જ ફરવાનું.

હરિ:ૐ

## જીવન 'તોબા' પડવશે તે

અમારું ચાલતું જો હો બધું લૂંટી જ લેવું છે,
પછી પરમાર્થમાં **એનો** બધો ઉપયોગ કરવો છે.

થયેલી લક્ષ્મી કેંદ્રિત જીવન હ્રાસ કરાવે છે,
પરંતુ કોઈને દિલમાં જીવનની ના પડેલી છે.

જીવનમાં તો શું લક્ષ્મીનો બધાં ઉપભોગ કરતાં છે !
નર્યો ઉપભોગ કરવે તો જીવનનું મૃત્યુ નીપજે છે.

જીવનમાં સ્વાર્થને માટે બધાં વાપરતા લક્ષ્મીને
-નર્યા શા છાકટા ભોગ, વિલાસે લક્ષ્મી વપરાયે !

બધાં વ્યભિચાર લક્ષ્મીની શું સંગાથે જ કરતાં છે !
મળંતાં કર્મનું ફળ તો જીવન 'તોબા' પડવશે તે.

હરિઃૐ

## हरिशक्ति ગમે તેમ ન વાપરવા જ છૂટ અમને

તમારી પાસ છે તેનું, તમે શું માત્ર કણ દઈને
-મને સંતોષવા ધારી તમે શી માગણી ચહી છે !

તમારું દિલધારેલું થયું જો હો ન મુજથી તે
-થઈ ક્રોધિત મુજ પર શા ! તમે પસ્તાળ પાડી છે.

**हरिशक्ति** ગમે તેમ ન વાપરવા જ છૂટ અમને,
અવળચંડી જ વપરાતાં **हरि**ની ધાક શી અમને !

**हरिशक्ति** **हरि**અર્થે થવા કલ્યાણ વાપરવા,
કૃપાથી મુક્ત જીવનમાં મળેલી છે રજા સત્તા.

હરિઃૐ

## કીડીને કણ, શું હાથીને હરિ મણ આપતો રહે છે !

ધણીનો કોઈ ધણી ના છે, તમારો તે ન સેવક છે,
કદી પણ લાદવી ઠીક ના ધણી પર જવાબદારી તે.

ધણીશક્તિ, ધણી માત્ર શકે તે વાપરી યોગ્ય,
છતાં દે ભક્તને યોગ્ય બધું દેવા સમું ભોગ્ય.

બધાંની સાથ જીવનમાં ન ધોરણ એકસરખું છે,
કીડીને કણ, શું હાથીને **હરિ** મણ આપતો રહે છે !

જીવનમાં ચાકરી જેવી, મળે તેને પ્રમાણે તે,
**હરિ**દરબાર ધા નાખી વળે પાછો ન ખાલી તે.

હરિ:ૐ

## સમર્પણ સર્વ સંપૂર્ણ !

તમે દીકરા દીકરીઓને શું કેટ કેટલું જ આપો છો !
મને નિજનો ગણ્યો જો છે, શું તેમાંનું દીધેલું છે ?

મને થોડાથી સંતોષ હૃદય પૂર્ણ ન વળતો છે,
દઈ દેતાંય સંપૂર્ણ, ભરાતું પેટ મુજ ના છે.

પ્રભુને દિલ વરવા જો ખરેખર દિલ તમારું છે,
સમર્પણ સર્વ સંપૂર્ણ કરી દેવું પડે હર્ષે.

તમે જે દિલ મેળવવા હૃદય ઈચ્છા કરેલી છે,
**હરિ**ને ટુકડો દઈને શું લેવા આખું ઈચ્છો છો ?

**હરિ** ભોળો ન એવો છે, ભલે સર્વસ્વ છો દોને,
છતાં બદલો કશો દેવા ન **એ**ની જવાબદારી છે.

હરિઃૐ

# જીવન સંપી જ જીવવું છે

ન મારે કોઈ સંગાથે કશો ઝઘડો જ કરવો છે,
વળી કોઈની સંગાથે કદી મારે ન લડવું છે.

બધાંની સાથ જંપીને જીવન સંપી જ જીવવું છે,
હૃદય સહકાર સઘળાંનો હૃદય મેળવવા મરજી છે.

બધાંને દિલ દઈ દઈને હૃદયથી ચાહવા મન છે,
મળેલાંનું જ કલ્યાણ થવા, દિલ પ્રાર્થના મુજ છે.

મળેલાંમાં જ સદ્‌ભાવ જીવન કાજે શું ઊગવાને !
અભિમુખતા **हरि**પ્રત્યે થવા, કોશિશ થયેલી છે !

હરિઃૐ

# હવે અંતર થકી મળીએ

તમે **મોટા** પરત્વે તો નકારાત્મક વિચારીને
-ઊંધા ખ્યાલો કરી કેવું તમારું પોત ખોલ્યું છે !

ઘડીભર માની લો મનથી ભલે **મોટો** જ એવો છે,
છતાંયે તેથી અદકું તો શું મળવાનું જીવન તમને !

ઊંધી શી માન્યતાથી તો અશાંતિ મન થશે તમને !
-વધારે ગૂંચવાડામાં પડી તેથી જવાના છો.

મળેલાં જો છીએ, તો તો હવે અંતર થકી મળીએ,
હૃદય મળવાતણો લહાવો હસી, ખેલી, અનુભવીએ.

હરિઃૐ

## હકીકત નિર્વિવાદ જ તે

ભલે કરતાં જ હો સાધન છતાં તેમાં ન દમ જો છે !
વિના દમ જે કશો ભાવ ન તેનો જગ પુછાતો છે.

ભલે સાધન થતું હોય, ધબકતું ને ઊછળતું જે
-ન તેમાં જો તમારું દિલ, ન સાધન તે ફળી શકશે.

'કર્યા વિણ સાધના કોઈ **हरि**દર્શનની કેડીએ
-કદી પણ ના ચડી શકશે', હકીકત નિર્વિવાદ જ તે.

હૃદય ઊગ્યાં બધાં સાધન કૃપાથી તો થયેલાં છે,
મળ્યાં કંઈક ભયંકર શાં ! છતાં તે આચરેલાં છે.

હરિઃૐ

## પડે ચેતાવવો એને

તમારું દિલ સંપૂર્ણ કહીં લાગી ગયેલું છે ?
કશું લાગ્યા વિના ક્યાંયે કશું નવ લાગતું સહેજે.

કંઈક લગાડવા માટે જરૂરી યોગ્ય તણખો જે,
સુષુપ્ત, ગૂઢ અંતરમાં પડેલ છાનોમાનો તે

-પડે ચેતાવવો એને, ન ચેતે તે સહજમેળે,
પડેલો નિત્ય ચેતેલો શું અંતરતમ ઊંડાણે તે !

શી તેને સાનુકૂળતાની જરીક હો મોકળાશ જ જો,
ભભૂકી આપમેળે શો ઊઠે છે જ્યોતિરૂપે તો !

હરિ:ૐ

# ઝુકાવો દિલ દઈ દઈને

તમારા દિલમાં આગ કહીં ધગધગતી સળગી છે ?
અનુભવવા **हरि** કાજે કહીં ઉત્કટ તમન્ના છે ?

મનાદિ સર્વ કરણોમાં, હૃદય શું **हरि** પરત્વેનું
-મનન ચિંતવન ઊંડું, ક્યાં છે હૃદય સોંસરવું વીંધતું ?

ધબકતું દિલ **हरि** કાજે ન છાનું તે રહી શકશે,
તડપવા દિલની તાસીર ઝળકી મેળે જ શી ઊઠશે !

જવું જો હો **हरि**પંથે પૂરેપૂરું પરોવીને
-કરી યાહોમ સંપૂર્ણ ઝુકાવો દિલ દઈ દઈને.

હરિ:ૐ

# **हरि** તેને વધાવે છે

કશાયે યત્ન અધવચલા અને શા સાવ અધકચરા
-કશા ના કામ લાગે છે, જલવવા આગ તો દિલમાં.

થવા ફતેહ ઇચ્છો જો કૂદી પડીને વિષયમાં તે,
હૃદય ત્યાં ઝંપલાવી દઈ, ગરક બનવા મથો પ્રેમે.

‘**हरि**ના પ્રેમ વર્તુલમાં હૃદય આવી ગયેલું છે,’
પછીથી આપમેળે દિલ શું આકર્ષાતું રહે છે તે !

પ્રગટવા આગ શી દિલમાં હૃદય તે સાધનાભ્યાસે
-સતત વળગેલ જે રહે છે ! **हरि** તેને વધાવે છે.

હરિઃૐ

## ગુમાવો ના સમય એળે

તમારે જો ન મથવું છે, અને દિલ ઇચ્છવું છે કે
–'બધું આશિષ થકી જે તે મળી મેળે જવાનું છે.'

'નરી ભ્રામક શી ભ્રમણા છે ! કદી પણ કોઈ તે વિશે
–પડી ત્યાં ખાલી ખાલી તે રહેશો ના,' વિનંતી છે.

કશું વળવાનું ના નિશ્ચે તમે જાગ્યા ન દિલ જો તે,
હૃદય ભક્તિ ન પ્રગટી છે, બધું બકવું જ મિથ્યા તે.

તમારે માટ તો કોઈ હૃદય વાંછ્યું કરી દેશે,
શી મિથ્યા એવી વાતોમાં ગુમાવો ના સમય એળે !

હરિ:ૐ

## સળગતી દિલ ન લાગી છે

જરા સરખીય જીવનમાં કશીયે પાત્રતા ના છે,
ઉઘાડી પોત તમ શા દો, ઊંચું ઊંચું જ માગીને !

મળંતાં લક્ષ્મી ઓચિંતી સહજ અઢળક જીવનમાં તે
-કંઈક ગાંડા થયા કેવા, ન લક્ષ્મીને પિછાની છે !

તમારે જેની પાસેથી કંઈક મેળવવું ઈચ્છો જે,
ગરજ તેનીય તે વિશે સળગતી દિલ ન લાગી છે.

પછી પેલો બિચારો તે કરી કરી શું કરે પોતે ?
છતાં આખર **हरि**ને તે કરી દિલ પ્રાર્થના શમશે.

હરિઃૐ

# પછી કરવું અમારે શું ?

તમારે માત્ર કહેવું છે, ‘તમે મોટા, કંઈક એવું
-કરી દોને અમારામાં, અમે જેથી **हरि** ભજીએ.’

**हरि** માગ્યા વિના કેવાં હવા, જળ, તેજ ને વાયુ
-મનુષ્યને જીવવા કાજે કૃપાથી આપતો રહે છે !

વિના જેના જીવાયે ના પળ એક જીવનમાં **આ**,
**हरि**એ ભેટ શાં દીધાં ! છતાં કોણ સ્મરે દિલમાં ?

બધું પ્રત્યક્ષ બતલાવ્યું **हरि**એ તો બધું નિજનું,
છતાં ભક્તિ ન લાગી છે, પછી કરવું અમારે શું ?

હરિઃૐ

# હરિની ભક્તિ કોને દિલ ?

'તમે ના કંઈ બતાવ્યું છે, કશી પ્રત્યક્ષ શક્તિ તે,
અમારે માનવું કેવી રીતે પછીથી જીવનમાં તે ?'

અમારી વાત છોડોને, પરંતુ તે **હરિ**એ તો
-બધું પ્રત્યક્ષ સાક્ષાત્ કરી જે તે બતાવ્યું છે.

છતાં કોણ **હરિ**ને તો હૃદય માન્યા કરે છે તે ?
**હરિ**ની ભક્તિ કોને દિલ જરા સરખીય પ્રગટી છે ?

હૃદય આધાર બીજા પર જીવનમાં જે ધરે, તેને
-જરૂર નિશ્ચય જીવનમાં તો નિરાશા ભૂંડી સાંપડશે !

છતાં ભક્તિ શી સંપૂર્ણ હૃદય લાગી ગયેલી છે,
હૃદય આધાર ધરવાને ખરેખર પાત્ર એક જ તે.

હરિ:ૐ

# હૃદય મેળવવું ઇચ્છો જો

તમારે વાત કરવી છે, બધી ખાલી જ ખાલી તે,
કશુંક મેળવવું છે તોયે છતાં મહેનત ન કરવી છે.

તપશ્ચર્યા કડી ઉત્કટ, વળી દિલ સાધના ભારે
-થયા વિણ દિલ ઉમળકાથી કશું ના પામવાના તે.

હૃદય મેળવવું ઇચ્છો જો તમે તે કોઈક પાસેથી,
શી ભક્તિ તે પરત્વેની ઘટે હોવી જ પ્રગટેલી !

કદીક સંસાર વ્યવહારે, કશુંક લેવાનું કો પાસે
-ગરજ દિલ દાખવી તેને તમે શા રાજી રાખો છો !

હરિઃૐ

## પછી શી રીત સમજવું દિલ ?

તમે આધાર **'મોટા'** પર બધી વાતે, બધી રીતે
-હૃદયના ભાવથી કેવો અને કેટલો જ રાખ્યો છે ?

તમારા રોજના સઘળા થતા જે કર્મ વ્યવહારે,
તમારે દિલે ચેતેલો જીવંતો કેટલો તે છે ?

તમે આધાર **'મોટા'** પર ખરેખર રાખતાં દિલ છો,
મનાદિમાં પછીથી તે ઘટે હોવો જ **'મોટા'** તો.

મનાદિમાં વસેલો હો ઊછળતો ભાવ **'મોટા'** પર
-વરસતો તે ન લાગે છે, પછી શી રીત સમજવું દિલ ?

હરિઃૐ

# ભલે પરમાર્થ સૌ કરજો

'મદદ કરી છે તમે નિશ્ચે,' તમારો પા'ડ માનું છું,
પરંતુ આપવા બદલો, હું નાલાયક પૂરો દિલ છું.

છતાં પરમાર્થમાં સહાય કરી છે જેમણે ધનથી,
**हरि**ને પ્રાર્થના કરવા ચૂક્યો તે માટ ના દિલથી.

જરૂર સત્કર્મનો બદલો મળી રહેવાનો સંસારે,
પરંતુ ઝંખના એની ઘટાડી ભાવને તે દે.

હૃદયના ભાવથી ઉત્તમ પ્રભુપ્રીત્યર્થ નિજ અર્થે
-તમારે આપવું હો તો ભલે પરમાર્થ સૌ કરજો.

હરિઃૐ

## બધાં અર્થે કરેલું છે

કશું પણ મુજ માટે મેં કરેલું ના જીવનમાં છે,
પ્રભુપ્રીત્યર્થ જે તે કંઈ બધાં અર્થે કરેલું છે.

તમારી સર્વ મિલકતને ન **મોટા**એ લૂંટેલી છે,
તમારી પાસ છે, તેનું દીધું શું આપી આપીને !

ગણતરી દિલની ખાલી નકામી વ્યર્થ કરવી તે,
ગણતરીથી હૃદયમાંનો બધો તે ભાવ ઘટતો છે.

**हरि** પ્રગટાવવા સાચી હૃદયની ધારણા જો છે,
જીવનમાં ત્યાગ, પરમાર્થ પૂરા આચરવા તો પડશે.

હરિઃૐ

# ક્ષમા દેજો મને, વીનવું

અપેક્ષા, કંઈક આશાઓ, અમારી પર ધરી જો છે,
ઠગારી તે નીવડવાની, નિરાશા ભૂંડી સાંપડશે.

પરંતુ સર્વ સંસારી કર્યા વિણ તેમ ના રહેશે,
કરી દેવાની તો જાહેર ફરજ મારી પરંતુ છે.

હૃદય ધારેલ આશાને, અપેક્ષાને પૂરી કરવા,
ન કંઈ સામર્થ્ય મુજમાં છે, જણાવી દઉં હું તમ પદમાં.

'ભૂલેચૂકે કશુંક બોલ્યો હોઉં આશા, અપેક્ષાનું,
-ગણી મુજ ભૂલ, તેની તે ક્ષમા દેજો મને', વીનવું.

હરિ:ૐ

## અમારે દિલ ભળવું છે

હૃદયમાં દિલ દિલથી શો હૃદય સંબંધ દિલનો તે,
અમારે સાધવાનો છે, હજી જે ના સધાયો છે.

ચહી ચહીને ઉમળકાથી અમારે દિલ મળવું છે,
જઈ જઈ, વારી વારીને અમારે દિલ ભળવું છે.

પરંતુ પેસવા દેવા ન કોઈની જ તત્પરતા,
ઉપર ઉપરથી સહુ કોઈ કરે દેખાવ દિલનો ત્યાં.

બધાં નિજ નિજના સંસારમહીં સંપૂર્ણ રાચે છે,
હૃદય ચાહવાનું તો અમને ઉપર ઉપરનું સૌનું છે.

હરિઃૐ

# ન ફરિયાદ, ન ટંટો છે

અમારે ના ઝઘડવું છે, ન ફરિયાદ, ન ટંટો છે,
અમારે કોઈની સાથે કશો મનભેદ ના કંઈ છે.

બધાંના દિલની સાથે અમારું દિલ ભળેલું છે,
અમારે કોઈથી અળગા કશું રહેવાપણું ના છે.

બધાંની સાથ સંબંધ અમારે દિલ દિલથી છે,
હૃદય **एकत्व** સંબંધ ખરેખર ભાવનો શો છે !

બધાયે **જીવ** સંગાથે હૃદયસંબંધ શો અમ છે !
અમે અમમાં છતાં કેવા બધાંનામાં વળી છીએ !

હરિઃૐ

# ભળી, ગળી એક બનવું છે

અમારે તો મળી, હળી દિલ, ભળી, ગળી **एक** બનવું છે,
અમારે માટ કિંતુ શાં બધે દ્વારે જ તાળાં છે !

બધાંની સાથ શા મળીએ ! બધાંની સાથ શા હળીએ !
બધાંની સાથ શા ભળીએ ! ગળેલા ના છતાં છીએ.

અમારે **एक**ની સાથે ખરેખર દિલનું સગપણ છે,
હૃદયનો એક સચરાચર બધે જ્યાં ત્યાં જ વ્યાપ્યો છે.

અજાણ્યું, એકલાપણું તો ન ક્યાંયે દિલ લાગે છે,
બધે એંધાણ **हरि** વહાલાતણાં મળતાં રહે શાં તે !

હરિઃૐ

## બધાંમાં દિલ પ્રેરવવા

મળેલાંમાં પરોવાવા હૃદય શો ભાવ પ્રેર્યો છે !
હૃદય તે ભાવનાં મોજાં મને પાછાં મળેલાં છે.

પરંતુ તે છતાં દિલમાં કશો કચવાટ ઊગ્યો ના,
**हरि**ભાવે પરોવાયો બધાંમાં દિલ પ્રેરવવા.

'થવું કે ના થવું,' તેનો કદી વિચાર સરખોયે
-ઊગ્યો ના મન વિશે મારે, કૃપા એ તો **हरि**ની છે.

'હૃદયનો ભાવ મિથ્યા તે, કદી પણ ના જવાનો છે !'
હૃદય તે આત્મવિશ્વાસે ઊંડી ધરપત મને રહે છે.

હરિઃૐ

# હરિમાર્ગે જવું જો છે

તમારાં કાટલાં જેવાં જીવનને તોળનારાં છે,
તમે તે તોળવાનું તો કરી શકનાર તે રીતે.

અવરને માપવાના શા નકામા તે ઉધામા છે !
જતાં ત્યાં માપવા એમ, મપાઈ તો જવાના તે.

અવરનો તોળવા ન્યાય કદી બેસી જશો ના તે,
નહિતર ન્યાય પોતાનો થઈ ત્યાં શો જવાનો છે !

બધી પંચાત બીજાની પૂરેપૂરી ત્યજી દઈને
-બધું સંભાળી લેવાની હૃદય દરકાર રાખોને !

**હરિ**માર્ગે જવું જો છે, સતત એકાગ્ર નિજમાં તે
-કરી દઈ જાત પોતાની, રહો કેંદ્રિત નિજ જીવને.

હરિ:ૐ

# કરે 'મોટા' પછી શું તે !

'જીવન' 'મોટા'ની સંગાથે ન નાહવું કે નિચોવું છે,
રીતે તે ગાળતાં, પછી કાં શું 'મોટા'ને, ચગદવો છે ?

મહત્ત્વે મોખરે દિલમાં ન 'મોટો' પ્રેમપૂર્વક છે,
તમારું દિલ ન 'મોટા'માં, કરે 'મોટા' પછી શું તે !

તમે જે સહાય આપી છે, બહુ જ ઉપકાર કીધો છે,
હૃદય ઉપકારને લીધે તમારો શો ઋણી હું જે !

તમારું કંઈક કરી શકવા કૃપાથી શક્તિ જો દિલ તે,
તમારું દિલ જો સંપૂર્ણ હશે અમમાં, બની શકશે.

હરિઃૐ

## કરે દિલ મન શું બિચારાં ?

તમારું દિલ તો કેવું વહેંચાયેલ અહીં તહીં છે !
પછી એકાગ્ર શી રીતે રહી શકશે કશામાં તે ?

છતાં જ્યાં સ્વાર્થ પાકટ છે, લગની ઉત્કટ, ગરજ જ્યાં છે,
જરૂર તે તે વિશે દિલ મન પરોવાયેલ સહજ રહે છે.

**हरि**ની સ્મરણ ભક્તિમાં તમારાં દિલને મનને
-જહીં ના સ્વાર્થ લાગ્યો છે, પછી એકાગ્ર શેં રહે તે ?

વળી અભ્યાસયે પાકો સ્મરણ ભક્તિ વિશે કરવા
-નથી કંઈ ખંત, ન ઉદ્યમ કે, કરે દિલ મન શું બિચારાં ?

હરિઃૐ

## ધરી દઈએ હરિચરણે

અભિમુખતા **हरि** પ્રત્યે હૃદય પ્રગટાવવાને તે
-અમારો ને તમારો તો ખરો સંબંધ તે અર્થે.

અમો આગળ સ્વજન જે જે બધું પોતાનું મૂકે છે,
અમે ના રાખીએ પાસે ધરી દઈએ **हरि**ચરણે.

પદે ધરતી પળે, હૃદયે **हरि**ને પ્રાર્થના કરીએ
-યથાયોગ્ય થવા કાજે કરીએ કાકલૂદી તે.

થવું કે ના થવું એનું પરિણામ જ **हरि** હાથે,
કશું કરવા, કરવવામાં ગજું કશું ના અમારું છે.

હરિઃૐ

## તપાસી નિજમાં લ્યો તે

કશો સંસારનો અર્થ સરવવાને ન શક્તિ છે,
છતાં સંસારની વાત મૂકે અમ આગળે શી તે !

અમે તે સાંભળી લઈએ, કરી શકીએ કશું ના કૈં,
ન જ્યાં અમ લાયકાત જ છે, અમે લાચાર ત્યાં છીએ.

વળી જ્યાં દિલ અમારું છે, જહીં સંબંધ દિલનો છે,
બધાં સાથેય છે દિલ, ફરક શો ભાવનો ત્યાં છે !

વસેલું માનવી, પથ્થર વિશે ચેતન ખરેખર તે
-પરંતુ બંને ચેતનમાં ફરક શો ! આસમાન જ છે !

અમારું પણ બધાં વચ્ચેતણું એવું જ સગપણ છે,
શું ઓછુંવત્તું લાગે જે તપાસી નિજમાં લ્યો તે.

હરિઃૐ

## તમે ખાતરી કરી લ્યોને !

તમારી સાથ તો દિલ અમે મેળવવા શું મથીએ !
પરંતુ મેળ કોઈ રીતે જરા સરખો ન બેસે છે.

અમારું ને તમારું મુખ જુદી જુદી દિશા વિશે,
પછીથી તો પરસ્પરનું કશું ના જોઈ પણ શકીએ.

પરંતુ દિલ નીરખવાની શી તલ સરખી જ શક્તિ છે !
અમારું દિલ નીરખવાની બધી મંજૂરી તમને છે.

તમારા દિલમાં કંઈ કંઈ નર્યું કેવું ભરેલું છે ?
અમારે દિલ ભરેલું શું ? તમે ખાતરી કરી લ્યોને !

હરિઃૐ

# કશી ના મુનસફી કરશો

જીવનમાં કેવું કેવુંયે તમારું યદ્વાતદ્વા છે !
પછી શું જોઈને અમને તમે જે તે કહો છો તે !

છતાં તૈયારી સાંભળવા પૂરેપૂરી અમારી છે,
ખુલાસો તે વિશે કરવા ન તૈયારી અમારી છે.

કદીક તેજ થઈને શા શું કોઈક પર ઊતરી પડીએ !
ઊંડું કારણ વિના જાણ્યા કશી ના મુનસફી કરશો.

અમે તો ન્યાય કોઈનો કદીય કરવા ન બેસીએ,
જગત તો તોળવા ન્યાય તુરત બેસી જતું શું તે !

હરિઃૐ

## બધાં સર્વજ્ઞ જાણે હો

પિછાણ શી પરસ્પરની પરસ્પરની જ વચ્ચે છે !
છતાં પિછાણ કરવાની ન શક્તિ કોઈ પાસે છે.

અધૂરી સર્વ શી સમજણ ! છતાં શું લોક માને તે !
–અધૂરાને ખરું સમજી મૂકે આધાર તે પર તે.

બધાં સર્વજ્ઞ જાણે હો જગતમાં તેમ વર્તે છે,
બધું ધારેલું પોતાનું પૂરું સાચું જ માને છે.

છતાંયે એવાં સંગાથે બધાં પાનાં પડેલાં છે,
અમારો બેલી કિંતુ છે, શું સાચવનાર અમને તે !

હરિઃૐ

# હૃદયની ભક્તિથી દેજો

મહત્ત્વ આપતાં સઘળું અવરને દિલ સહજતાથી,
મહત્ત્વ તો મળે સાચું જીવનમાં તો બીજાનાથી.

મહત્ત્વ આપી આપીને જીવનમાં મેં ચલાવ્યું છે,
નમ્રતાની શી કેળવણી હૃદય તેથી મળેલી છે !

હૃદયના તે સહજ ભાવે થતાં જે નમ્ર શીખે છે,
મહત્ત્વ માત્ર તેવા જ શકે આપી અવરને તે.

બીજાની પાસથી રળવા હૃદયની નેમ જો સાચી,
હૃદયની ભક્તિથી દેજો મહત્ત્વ દિલ ઉમળકાથી.

હરિઃૐ

## વરેલાં તો જ 'મોટા'ને

તમોને સ્વાર્થ 'મોટા'માં હૃદય શો કેટલો લાગ્યો !
તમારા દિલમાં 'મોટા' રહે છે કેટલો જીવતો !

ગરજ દિલ કેટલી 'મોટા'તણી જીવનમાં લાગી છે !
મનન ચિંતવન હૃદય ઊંડું થતું 'મોટા'નું શું રહે છે ?

તમારી લાગણી દિલની ઊંડી 'મોટા' વિશે શી છે ?
વિચારો કેટલા 'મોટા' વિશે સ્ફુરતાં જ, સમજાશે.

પરોવાયેલ દિલ, મન રહે ઊંડાં 'મોટા' વિશે, તો તો
-વરેલાં તો જ 'મોટા'ને સમજી લ્યો, દિલ ખરેખર છો.

હરિ:ૐ

# નથી મરજી, નથી ઇચ્છા

અમારે કોઈના જીવન વિશે કંઈ ડોકિયું કરવા
-અમારા દિલમાં તેવી નથી મરજી, નથી ઇચ્છા.

અવરના તે જીવન વિશે કરે છે લોક તો કેવાં
-નજર વાંકી કરી કરીને છડેચોક ડોકિયાં છૂપાં !

કદી પણ પાપ કે પુણ્ય ન કોઈનાં મેં વિચાર્યાં છે
-ઊછળતું ભાવ ભરપૂર ધબકતું દિલ ખપનું છે.

પ્રકૃતિ પ્રવૃત્તિ અંદર બધુંયે સેળભેળ જ છે,
પ્રકૃતિનો સ્વભાવ જ તે વળી શો ગુણધર્મ જ તે !

હરિ:ૐ

# સ્વજનને પ્રાર્થના મુજ છે

અમારે ને તમારે જો હૃદય સગપણ ન સાચું છે,
પછીથી જ્ઞાનની વાતો કશી કરવી નકામી છે.

તમારે લુબ્ધ સંસારે પૂરેપૂરું રહેવું છે,
પ્રગટવા ભાવ હૈયામાં કશું સાધન ન કરવું છે.

'બધું કોઈક કરી દેશે, શી મિથ્યા માન્યતામાં તે
-કદી પણ કોઈ ના રહેશો,' સ્વજનને પ્રાર્થના મુજ છે.

ઊંડે ઊંડે ડૂબી તળિયે તહીં શોધંત મોતી છે,
પડ્યા વિના જ પાણીમાં શિખાશે તરવું શી રીતે ?

**॥ હરિ:ૐ ॥**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

**શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.